सत्यमेव जयते

| | |
|---|---|
| રજૂ તારીખ | ૧૯/૦૭/૨૦૨૪ |
| દાખલ તારીખ | ૧૯/૦૭/૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૦૯/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | |
| વર્ષ ૦૧ | માસ ૧૦ દિવસ ૨૧ |

**એટ્રોસીટી કેસ નંબર ૧૯ /૨૦૨૪**

આં ક :- ૭૪

## FORM-A

| | |
|---|---|
| મે.ખેડા જીલ્લાના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં,<br>મુકામ : નડીઆદ.<br>(શ્રી એમ.જે.બ્રહમભટ્ટ, ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ ) | |
| ચુકાદાની તારીખ : ૦૯/૦૬/૨૦૨૬<br>( એટ્રોસીટી કેસ નંબર : ૧૯ /૨૦૨૪)<br>( મહુધા પોલીસ સ્ટેશન એ-પાર્ટ,ગુના રજી. નં.૧૧૨૦૪૦૩૯૨૧૦૫૫૨ / ૨૦૨૧, ઈ.પી.કો.ની કલમ-૩૦૨,૨૦૧ એટ્રોસીટી એકટ કલમ-૩(૨)(૫-અ) જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ ) | |
| ફરીયાદી. | શ્રી સરકાર<br>( મુળ ફરીયાદી : ગીતાબેન તે દલસુખભાઇ ભલાભાઇ મછારના પત્ની ) |
| ફરીયાદી તર્ફે | વિ.એ.પી.પી.શ્રી એન.એસ.રોહીત |
| વિ રૂ દ્ધ | |
| આરોપી | હિંમતભાઇ ઉર્ફે વિક્રમ ઉર્ફે હેમંત પ્રભાતભાઇ રાઠોડ , ઉ.વ. : ૪૨, ધંધો-મજૂરી<br>મુળ રહેવાસી-ફાગવેલ, ડાહ્યા વાઘાનું ફળીયું, તા.કઠલાલ, જી.ખેડા.<br>હાલ રહે. મોઢા ગામ, સોલાર પ્લાન્ટ ,તા.ફતેગંજ, જી.જેસલમેર (રાજસ્થાન) |

| | |
|---|---|
| આરોપી તર્ફે | વિ.વ.શ્રી સી.સી.દરજી |

**FORM-B**

| વિગત | તારીખ / માહિતી |
|---|---|
| ઘટનાની તારીખ | ૨૬/૧૧/૨૧ ના કલાક ૨૧:૦૦ વાગ્યાથી તા.૨૭/૧૧/૨૦૨૧ ના સવારના કલાક ૮:૦૦ વાગ્યાના સમય દરમ્યાન |
| એફ.આઈ.આર. ની તારીખ | ૨૭–૧૧–૨૦૨૧ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ | ૧૯–૦૭–૨૦૨૪ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | ૨૫–૦૪–૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૫–૦૬–૨૦૨૫ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે | ૩૦–૦૫–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૯–૦૬–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – – – |

| આરોપીની માહિતી | |
|---|---|
| આરોપીની રેન્ક | ૦૧ |
| આરોપીનું નામ | હિંમતભાઇ ઉર્ફે વિક્રમ ઉર્ફે હેમંત પ્રભાતભાઇ રાઠોડ ઉ.વ.૪૨, ધંધો–મજુરી,<br>મુળ રહે.ફાગવેલ,ડાહયા વાઘાનુ ફળીયુ, તા.કઠલાલ જી.ખેડા હાલ રહે. મોઢા ગામ, સોલાર પ્લાન્ટ તા.ફતેગંજ જી.જેસલમેર (રાજસ્થાન) |
| ધરપકડની તારીખ | ૨૧/૬/૨૪ |
| જામીન પર છુટવાની તારીખ | યુ.ટી.પી. |
| ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | ઈ.પી.કો. કલમ –૩૦૨,૨૦૧ એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–અ) જી.પી.એકટની કલમ–૧૩૫ |
| નિર્દોષ કે દોષિત | શંકાનો લાભ આપી છોડી મુકેલ |

| | |
|---|---|
| | છે. |
| સજા લાદવામાં આવી | ના |
| કલમ 428, Cr.P.C.ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયનો સમયગાળો | --- |

## FORM-C

### (એ) ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો :–

| રેન્ક | આંક | સાહેદનું નામ | પુરાવાની વિગત – |
|---|---|---|---|
| PW-1 | ૧૨ | ગીતાબેન દલસુખભાઇ મછારની જુબાની | ફરીયાદી |
| PW-2 | ૧૪ | વિજયકુમાર મોહનભાઇ તળપદાની જુબાની | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-3 | ૧૯ | અલ્પેશકુમાર અરવિંદભાઇ પટેલની જુબાની | ઇન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ |
| PW-4 | ૨૧ | ગુલામમુસ્તુફા રસુલમીયાં શેખની જુબાની | લાશ પરથી કપડાં કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-5 | ૨૫ | સંજય દીનેશભાઇ પ્રજાપતિની જુબાની | આરોપીના શરીર સ્થીતિનું પંચનામું કરનાર પંચસાહેદ |
| PW-6 | ૨૭ | દલસુખભાઇ ભલાભાઇ મછારની જુબાની | ફરીયાદીના પતિ |
| PW-7 | ૨૮ | ભીખાભાઇ મંગળભાઇ બારૈયાની જુબાની | સાહેદ |
| PW-8 | ૨૯ | શીતલભાઇ ઇન્દુભાઇ પટેલની જુબાની | સાહેદ |
| PW-9 | ૩૦ | સુમીત્રાબેન નગીનભાઇ રાઠોડની જુબાની | સાહેદ |
| PW-10 | ૩૨ | શીલાબેન ભેરૂસિંહ નાયકની જુબાની | નિવૃત્ત, મામલતદાર કચેરી,મોરવા(હડફ) |
| PW-11 | ૩૬ | ડો.વિકાસ વિઠ્ઠલભાઇ પટેલની | મેડીકલ |

| | | | |
|---|---|---|---|
| | | જુબાની | ઓફીસર,સી.એચ.સી .મહુધા |
| PW-12 | ૪૧ | ભાર્ગવ જગદીશચંદ્ર ઠાકરની જુબાની | નાયબ મામલતદાર,મહુધા |
| PW-13 | ૪૨ | કનુભાઇ નાથાભાઇ રાઠોડની જુબાની | વિસ્તરણ અધીકારી,તાલુકા પંચાયત, મહુધા |
| PW-14 | ૪૬ | પ્રહલાદભાઇ રમેશભાઇ રાઠોડની જુબાની | મરણ જનારના કપડાં કબજે કર્યાનું પંચનામું કરનાર પોલીસ સાહેદ |
| PW-15 | ૪૭ | જયદીપસીંહ ઉદેસીંહ ગઢવીની જુબાની | નાસતા ફરતા આરોપીને પકડનાર પોલીસ સાહેદ |
| PW-16 | ૪૯ | વિક્રમસીંહ નરેન્દ્રસિંહ સોલંકીની જુબાની | પ્રથમ તપાસ કરનાર અમલદાર |
| PW-17 | ૫૦ | અશોકભાઇ વાલજીભાઇ પરમારની જુબાની | ફરીયાદ લેનાર પોલીસ અમલદાર |
| PW-18 | ૫૨ | કીર્તીકુમાર ગોકળદાસ પટેલની જુબાની | ચાર્જશીટ દાખલ કરનાર પોલીસ અમલદાર |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.**

(બી) **બચાવ પક્ષનો મૌખિક પુરાવો :–**

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| બચાવપક્ષે કોઈ પુરાવો રજુ થયેલ નથી. |

(સી) **કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :–**

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| કોઈ મૌખિક પુરાવા રજુ થયેલ નથી. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

(એ) **ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | આંક | (વિગત )દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદીની અસલ ફરીયાદ (તા.૨૭/૧૧ /૨૦૨૧ ) |

| | | |
|---|---|---|
| ૨ | ૧૫,૧૬ | પંચસ્લીપો (તા.૨૭/૧૧ /૨૦૨૧) |
| ૩ | ૧૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (તા.૨૭/૧૧ /૨૦૨૧) |
| ૪ | ૨૦ | ઈન્કવેસ્ટ પંચનામું (તા.૨૭/૧૧ /૨૦૨૧) |
| ૫ | ૨૨ | લાશ પરથી કપડાં કબજે કર્યાનું પંચનામું (તા.૨૭/૧૧ /૨૦૨૧) |
| ૬ | ૨૩,૨૪ | મુ.માલ આર્ટી.નં.૧ તથા ૨ માંથી નીકળેલ પંચસ્લીપો (તા.૨૭/૧૧/૨૦૨૧) |
| ૭ | ૨૬ | આરોપીની શરીરસ્થિતિનું તથા મુ.માલ કપડાં કબજે કર્યાનું પંચનામું(તા.૨૧/૬ /૨૦૨૪) |
| ૮ | ૩૩ | ફરીયાદીની જાતી અંગેનું પ્રમાણપત્ર (તા.૧૪/૩ /૨૦૨૨) |
| ૯ | ૩૪ | અરજદારની અરજી તથા નિશાળ છોડયાનો દાખલો(કુલ–૩ પેજ) |
| ૧૦ | ૩૫ | કચેરીના નોંધણી પેજની ખરી નકલ |
| ૧૧ | ૩૭ | મરણ જનારનું પી.એમ. નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટી. આપવા સી.એચ.સી. મહુધાને કરેલ યાદી (૨૭/૧૧/૨૦૨૧) |
| ૧૨ | ૩૮ | મરણ જનારના અસલ કેસ પેપર્સ (તા.૨૭/૧૧ /૨૦૨૧) |
| ૧૩ | ૩૯ | મરણ જનારની પી.એમ.નોટ અસલ (તા.૩૦/૧૧ /૨૦૨૧) |
| ૧૪ | ૪૦ | કોઝ ઓફ ડેથનું સર્ટીફીકેટ (તા.૨૭/૧૧ /૨૦૨૧) |
| ૧૫ | ૪૩,૪૪ | નાયબ પોલીસ અધીક્ષકશ્રી, એસ.સી. એસ.ટી. સેલ, ખેડા–નડીઆદ નાઓને વિસ્તરણ અધીકારી, તાલુકા પંચાયત, મહુધાએ કરેલ યાદી (તા.૨૪/૨/૨૨) |

| | | |
|---|---|---|
| ૧૬ | ૪૫ | ગુનાવાળી જગ્યાનો નકશો (તા.૨૧/૦૨/૨૦૨૨) |
| ૧૭ | ૫૧ | સ્ટેશન ડાયરીની નકલ (તા.૨૭/૧૧ /૨૦૨૧ ) |
| ૧૮ | ૫૩ | લાશ સોંપ્યાની પહોંચ (તા.૨૭/૧૧ /૨૦૨૧ ) |
| ૧૯ | ૫૪ | સી.ડી.આર. ફોર્મ (તા.૦૬/૧૨/૨૦૨૧) |
| ૨૦ | ૫૫ | કલેકટરશ્રીના જાહેરનામાની નકલ (તા.૨૩/૧૧/૨૦૨૧) |
| ૨૧ | ૫૬ | એફ.એસ.એલ.પહોંચ (તા. ૧૪/૧૨ /૨૦૨૧ ) |
| ૨૨ | ૫૭ | એફ.એસ.એલ. પત્ર (તા. ૨૨ / ૧૨ /૨૦૨૧ ) |
| ૨૩ | ૫૮ | એફ.એસ.એલ. અહેવાલ (તા. ૨૧ / ૧૨ /૨૦૨૧ ) |
| ૨૪ | ૫૯ | રવાનગી નોંધ –૫ પેજ (તા.૨૭/૧૧ /૨૦૨૧ ) |
| ૨૫ | ૬૦ | એફ.એસ.એલ.પહોંચ (તા. ૧૪/૧૨ /૨૦૨૧ ) |
| ૨૬ | ૬૧ | એફ.એસ.એલ. પત્ર (તા. ૧ / ૧ /૨૦૨૨ ) |
| ૨૭ | ૬૨ | એફ.એસ.એલ. નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ (તા. ૨૭/૧૨/૨૧ ) |
| ૨૮ | ૬૩ | એફ.એસ.એલ. નો સીરોલોજી પરીક્ષણ અહેવાલ (તા. ૨૨/૧૨/૨૦૨૧ ) |
| ૨૯ | ૬૪ | એફ.એસ.એલ. નો ફીંગર પ્રીન્ટ વિભાગનો અહેવાલ (તા. ૧૫/૧૨/૨૧ ) |
| ૩૦ | ૬૫ | રવાનગી પત્રક ૩–પેજ (તા. ૨૪/૦૬/૨૦૨૪ ) |
| ૩૧ | ૬૬ | એફ.એસ.એલ. પહોંચ (તા.૨૬/૬/૨૦૨૪) |
| ૩૨ | ૬૭ | એફ.એસ.એલ. પત્ર (તા.૧૫/૭/૨૦૨૪) |
| ૩૩ | ૬૮ | એફ.એસ.એલ. અહેવાલ (તા.૧૨/૭/૨૦૨૪) |

| | | |
|---|---|---|
| ૩૪ | ૬૯ | ફરીયાદપક્ષે કલોઝીંગ પુરસીસ |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.**

(બી) બચાવપક્ષના દસ્તાવેજી પુરાવા :

| દસ્તાવેજની વિગત |
|---|
| બચાવપક્ષે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. |

(સી) કોર્ટના દસ્તાવેજી પુરાવા :–

| દસ્તાવેજની વિગત |
|---|
| કોઈ પુરાવા રજુ થયેલ નથી. |

## (ડી) મુદ્દામાલની વિગત:

| અનુ. નંબર | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૦૧ | આખી બાંયનું પીળા કલરનું શર્ટ |
| ૨ | ૦૨ | પારદર્શક બરણી નંગ ૦૧ માં ગુનાવાળી જગ્યાએથી લીધેલ લોહીવાળી માટી |
| ૩ | ૦૩ | પારદર્શક બરણી નંગ ૦૧ માં ગુનાવાળી જગ્યાએથી લીધેલ કંટ્રોલ માટી |
| ૪ | ૦૪ | પ્લાસ્ટીકની ડબીમાં ગુનાવાળી જગ્યાએથી મોબાઇલના ડીસ્પ્લેચર પર લગાડવાનું પ્લાસ્ટીકનું સ્ટીકર |
| ૫ | ૦૫ | એક કાળા કલરનો ટચ સ્ક્રીન સેમસંગ કંપનીનો ગેલેક્ષી એમ–૧૧ મોબાઇલ ફોન |

## :: ચુ કા દો ::

(૧) આ કામના આરોપી વિરુદ્ધ મહુધા પોલીસ સ્ટેશન પાર્ટ–એ, ગુના રજીસ્ટર નંબર–૧૧૨૦૪૦૩૯૨૧૦૫૫૨/૨૦૨૧, ઈ.પી.કો.ની કલમ –૩૦૨,૨૦૧ એટ્રોસીટી એકટ કલમ–૩(૨)(૫–અ)

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું રજૂ કરવામાં આવેલ છે.

## (૨) <u>ફરિયાદપક્ષના કેસની હકીકત:–</u>

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપીએ ફરિયાદીશ્રીના દિકરા મરણ જનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઇ મછાર ઉંમર ૧૫ વર્ષ ૬ માસને બનાવ બન્યા તારીખના ચારેક માસ અગાઉ પોતાની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતે શક વહેમ રાખી ઝઘડો કરી કહેલ કે, સાલા ભીલડા, તું અહીં કેમ રહે છે. તું તારા ઘરે જતો રહે, જો તું અહીંથી નહી જાય તો તારૂ કાસળ કાઢી નાંખીશ, તેમ કહી ધમકી આપેલ.ત્યારબાદ ગઇ તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ કલાક: ૨૧/૦૦ વાગ્યાથી તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ સવારના આશરે કલાક: ૮/૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઇપણ સમયે મોજે : વડથલ ગામની સીમમાં <u>ઇન્દુભાઇ મોતીભાઈ પટેલના ખેતરમાં લઇ જઇ પોતાની</u> ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતનો શક વહેમ રાખી, મરણ જનાર અજયભાઇ ઉર્ફે ચકાના માથાના પાછળના ભાગે તથા મોઢાના કપાળના ભાગે તથા ડાબી આંખના ભાગે મારક હથિયારથી માર મારી, ગંભીર ઈજા પહોંચાડી, સ્થળ ઉપર મોત નિપજાવી જિલ્લા મેજી, સાહેબશ્રી, ખેડા–નડિયાદ નાઓના જાહેરનામાનો ભંગ કરી, નાસી જઇ ગુના વખતે વાપરેલ મારક હથિયાર ઈરાદાપૂર્વક ક્યાંક નાંખી દઇ, પુરાવાનો નાશ કરેલ હોય, ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ફરિયાદ આપેલ જે મહુધા પોલીસ સ્ટેશન પાર્ટ–એ, ગુના રજીસ્ટર નંબર–૧૧૨૦૪૦૩૯૨૧૦૫૫૨/૨૦૨૧, ઈ.પી.કો.ની કલમ–૩૦૨,૨૦૧, એટ્રોસીટી એકટ કલમ–૩(૨)(૫–અ), જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુના અંગે નોંધાયેલ.

<u>ચાર્જશીટ:–</u>

(૩) આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરીયાદ દાખલ થતા, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની જરૂરી અને યોગ્ય તપાસ કરી ઉપરોકત જણાવ્યા મુજબના ગુના અંગેનો પુરાવો મળી આવતા, આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે અત્રેની અદાલતમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટ જે તે સમયના વિધ્વાન ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં તા.૧૯/૦૭/૨૦૨૪ ના રોજ દાખલ થયેલ. ત્યારબાદ આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના પોલીસ પેપર્સની નકલો આરોપીને વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપી સામે <u>આંક:૦૯</u> થી તા.૨૫/૪/૨૦૨૫ ના રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલું છે. જે આરોપીને વાંચી સંભળાવવામાં આવતા આરોપીએ તેમની સામેના ઉપરોકત તહોમતનામા મુજબનો ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા તે મતલબનું <u>આંક:૧૦ થી</u> આરોપીનું નિવેદન નોંધતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષને તેનો પુરાવો રજુ કરવા જણાવવામાં આવેલ. ત્યારબાદ પુરાવાના સ્ટેજે ઓફીસ ઓર્ડર નં.૩૨૫/૨૦૨૫, તા.૧૬/૫/૨૦૨૫ આધારે સદરહું કેસ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈને આવતા સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી જે તે સ્ટેજથી આગળ ચલાવવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવા માટે ઉપરોકત ''ફોર્મ–સી'' માં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે અને તેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે

તેમજ બચાવમાં સાક્ષી તપાસવાનો તથા સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, ''અમો આરોપી નિર્દોષ છીએ, અમારી સામે ખોટી ફરીયાદ આપવામાંઆવેલ છે અને ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.''

<u>દલીલો</u> :–

(૬) ત્યારબાદ <u>ફરીયાદપક્ષે આંક–૭૨</u> થી વિધ્વાન એ.પી.પી.શ્રીએ લેખીત દલીલો રજુ કરેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, સદર કામે કહેવાતા બનાવની ફરીયાદ મરણ જનારના માતાએ આપેલ છે. ફરીયાદી: ગીતાબેન તેમના પુરાવાની સરતપાસમાં (આંક–૧૨) સ્પષ્ટ જણાવી ગયા છે કે, તેમના દીકરાનું ખુન આરોપીએ કરેલ છે અને ખુન કરવાનું કારણ તેમના દીકરા અજય સાથે હીંમતને ઝઘડો થયેલ હતો તે સમયે તેમના દીકરા અજય ઉપર આ હીંમતની ભત્રીજી સુમીત્રા સંબંધે ખોટું આળ મુકેલ.'' આમ, ફરીયાદીના પુરાવાથી <u>આંક:૧૩</u> થી રજુ ફરીયાદને સમર્થન પ્રાપ્ત થયેલ છે. ત્યારબાદ સદર કામે <u>આંક:૧૪</u> થી તપાસાયેલ સાહેદ : વિજયકુમાર મોહનભાઇ તળપદાના, તેમજ આંક:૨૭ થી તપાસાયેલ સાહેદ : દલસુખભાઇ ભલાભાઇ મછારના, આંક:૨૮ થી તપાસાયેલ સાહેદ : ભીખાભાઇ મંગળભાઇ બારૈયાના, આંક:૨૯ થી તપાસાયેલ સાહેદ : શીતલ ઇંદુભાઇ પટેલના , આંક:૩૦ થી સાહેદ: સુમીત્રાબેન નગીનભાઇ રાઠોડ ના, આંક:૪૧ થી તપાસાયેલ સાહેદ : ભાર્ગવ જગદીશચંદ્ર ઠાકરના, આંક:૪૬ થી તપાસાયેલ સાહેદ :પ્રહલાદભાઇ રમેશભાઇ રાઠોડના તથા આંક:૪૯ થી તપાસાયેલ ત.ક.અમલદાર : યુ.એન.સોલંકીના તથા આંક:૫૦ થી તપાસાયેલ ત.ક.અમલદાર : અશોકભાઇ વાલજીભાઇ પરમારના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થયેલ છે. આંક:૨૫ થી તપાસાયેલ પંચસાહેદના પુરાવાથી આંક:૨૬ થી રજુ આરોપીના કપડાં કબજે લીધેલાનું પંચનામું પુરવાર થયેલ છે. સદર કામે સંયોગિક પુરાવા આધારિત

કેસમાં પુરાવાની ચેઇન ક્યાંય પણ બ્રેક થતી નથી. **લાસ્ટ સીન ટુગેધર**ના સિધ્ધાંતને અનુસરીએ તો **સાહેદ નં–૮ સુમિત્રાબેન નગીનભાઇ રાઠોડ**ની સરતપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' બનાવના દિવસે મારા કાકા હિંમતભાઈ (આરોપી) તથા અજય (મરનજનાર) મજૂરી કામે ગયેલાં.'' આમ મરણ જનારને છેલ્લે આરોપી સાથે જોવામાં આવેલ છે, તેવું નામ. કોર્ટમાં ઘણાં બધા સાહેદોએ સોગંદ ઉપર જણાવેલ છે. સાહેદ નં–૮ સુમિત્રાબેન આરોપીની સગી ભત્રીજી છે. તેણે નામદાર કોર્ટ સમક્ષ જુઠ્ઠું બોલવાનું કોઇ કારણ નથી. તેની સાથે મરણ જનારને પ્રેમ સંબંધ હતો, તેવો ખોટો આક્ષેપ આ હિંમત( આરોપીએ) મુકેલો અને તેની અદાવતમાં આરોપીએ મરણજનારનું ખૂન કરેલ. આમ ફરિયાદપક્ષે નિ:શંકપણે પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીને આવા જઘન્ય ગુનામાં કાયદામાં દર્શાવેલી મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૭) આ સામે **આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ આંક:૭૩** થી **લેખીત દલીલો** રજુ કરેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષ તર્ફે પોતાનો કેસ પુરવાર કરવા માટે **કુલ –૧૮** સાક્ષીઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ કામે ફરીયાદ પક્ષ દ્વારા **ફરીયાદી: ગીતાબેન દલસુખભાઈ મછાર**ને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર ફરીયાદી સરતપાસમાં **આંક:૧૩** થી રજુ ફરીયાદને સમર્થન કરી ગયેલ છે. જયારે, આ ફરીયાદીની આરોપી પક્ષે **ઉલટ તપાસ** થયેલ છે જેમાં તેણી જણાવે છે કે, " એ વાત ખરી છે કે, હું અભણ છું. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું લાલસર, મુ. લુણાવાડા ખાતે રહેતી હતી. લાલસરથી વડથલ આવવા માટે અંદાજે ચારથી પાંચ કલાક જેટલો સમય લાગે. એ વાત ખરી છે કે, લાલસર મુકામે અમોને બોલાવવા માટે પોલીસ અંદાજે બપોરના ત્રણ સાડાત્રણ વાગ્યે આવેલી. એ વાત ખરી છે કે, મે મારા પુત્રએ અગાઉ કોઈ ફરીયાદ કરેલ નહી. એ વાત ખરી છે કે,

બનાવ અંગે મને કોઈ જાત માહીતી નથી. સાહેદ જણાવે છે કે, ભીખાભાઈ મંગળભાઈએ અમોને જાણ કરેલી. એ વાત ખરી છે કે, ફરીયાદ કરવા માટે મારી જોડે વડથલ ગામના લોકો આવેલા. " ફરીયાદીને પ્રશ્ન પુછવામાં આવેલ કે, તમોએ અંગુઠો કરેલો તે ફરીયાદમાં શુ લખેલુ તેની તમોને ખબર નથી.? જેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે,'' મને પોલીસવાળાએ બધુ લખેલુ છે તેમ જણાવી અંગુઠો કરવાનું જણાવતા અંગુઠો કરેલો." આમ, ફરીયાદીએ આપેલ સરતપાસ તેમજ ઉલટ તપાસ જોતા તે જુબાની થી ફરીયાદી પોતે કહેવાતા બનાવ સ્થળે ગયા છે કે કેમ? તેમણે લાશ જોઈ છે કે કેમ? અને તેમણે ફરીયાદ આપેલ છે કે કેમ? તેમજ તેમણે બનાવ જોએલો છે કે કેમ? તે સંદર્ભે સરતપાસ જોતા એક વાત સ્પષ્ટ થાય છે કે હાલના ફરીયાદીએ કહેવાતા બનાવ સ્થળ વડથલ ગામના ખેતરવાળી જગ્યાએથી ફરીયાદી ખૂબ દૂર બીજા જિલ્લામાં એટલે કે લુણાવાડા ખાતે રહેતા હતા. ત્યાંથી વડથલ, જી. ખેડા આવતા ચાર થી પાંચ કલાક થાય અને લાલસર મુકામે બપોરના ત્રણ સાડા ત્રણ વાગે પોલીસ બોલાવવા ગયેલી છે. આમ, ફરીયાદી કહેવાતા બનાવ સ્થળથી દૂર રહેતા હતા. તેમણે બનાવ જોયેલો નથી. તેમજ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે " બનાવ અંગે મને કોઈ જાત માહીતી નથી. સાહેદ જણાવે છે કે, ભીખાભાઈ મંગળભાઈએ અમોને જાણ કરેલી. આમ, હાલના ફરીયાદીએ કોઈ બનાવ જોએલો નથી. તેવું સ્પષ્ટ થાય છે." કહેવાતા બનાવ સ્થળે આવવાની જાણ ફરીયાદી લાલસર, જી. લુણાવાડા ખાતે રહેતા હતા ત્યારે બપોરના ત્રણ સાડા ત્રણ વાગે પોલીસ બોલાવવા ગયેલી છે. લાલસરથી વડથલ ગામે આવતા ચાર થી પાંચ કલાક થાય છે તે જોતા એક વાત સ્પષ્ટ થાય છે કે, રાત્રે ૭:૩૦ થી ૮:૩૦ વાગે તેઓ વડથલ આવ્યા હશે. આમ, ગુનાવાળી જગ્યાએ ગયા હોય અને લાશ જોઈ હોય અને ફરીયાદ આપી હોય તે શંકા ઉપસ્થીત કરે છે. વધુમાં આ કામે ગુનાવાળી

જગ્યાનું પંચનામું જોવામાં આવે તો, સ્થળ ઉપર કોઈ મોબાઈલ ફોન પડેલો હોય તેવો ઉલ્લેખ આંક–૧૭ ના પંચનામામાં નથી. તેમજ ગુનાવાળી જગ્યાના પંચને આંક– ૧૪ થી વિજયકુમાર મોહનભાઈ તળપદાનાઓને તપાસેલા છે. તે પણ જગ્યા ઉપર સરતપાસમાં ફોન જોયાનું કે કબજે કર્યાનું જણાવતા નથી. આમ, હાલના ફરીયાદી જગ્યા ઉપર ગયા છે કે કેમ? જગ્યા ઉપર ફોન જોયો છે કે કેમ? ફોન હતો કે કેમ? લાશ જોએલ છે કે કેમ? તે બાબતે ફરીયાદ પક્ષનો કેસ શંકા ઉપસ્થિત કરે છે. વધુમાં ફરીયાદી સરતપાસમાં અગાઉ આરોપી સાથે ઝઘડો થયેલો હોય કે જાતી વિષયક અપશબ્દો બોલવામાં આવ્યા હોય તેવુ જણાવતા નથી. આમ, આગાઉનો બનાવ ઉપજાવી કાઢવામાં આવેલો છે અને ભત્રીજીનું આડ લઈ બનાવ બન્યાનું ઉપજાવી કાઢવામાં આવેલું છું અને હાલની ખોટી ફરીયાદ થઈ હોય તેવુ જણાઈ આવે છે.

(૭.૧) વધુ લેખિત દલીલમાં વકીલશ્રી જણાવે છે કે, ફરીયાદીના જણાવ્યા મુજબ હાલના ગુજરનાર વડથલ ગામે <u>ભીખાભાઈ મંગળભાઈના ઘરે રહેતા હતા</u> અને ફરીયાદ પક્ષના કેસ મુજબ ભીખાભાઈ <u>મંગળભાઈને ગુજરનારના</u> મૃત્યુના સમાચાર મળ્યા અને જગ્યા પર ગયેલા છે. તો શા માટે ભીખાભાઈ મંગળભાઈ દ્વારા <u>પોલીસને કોઈ જાણ</u> કરી બનાવ અંગેની ફરીયાદ કરવામાં ન આવી? અને શા માટે ચાર– પાંચ કલાક સુધી ગુજરનારના માતા–પિતા એટલે કે ફરીયાદીની રાહ જોવામાં આવી. આમ, કેટલીક ખોટી હકીકતો ઊભી કરી ફરીયાદ કરી આરોપીને આ ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે તેવુ સ્પષ્ટ રીતે જણાય આવે છે. ફરીયાદપક્ષે પંચસાહેદ : વિજયકુમાર મોહનભાઈ તળપદાનાઓને આંક–૧૪ થી ગુનાવાળી જગ્યાના પંચ તરીકે તપાસેલા છે. તેઓ બનાવ સ્થળેથી કંટ્રોલ માટી કબ્જે કર્યાનું જણાવે છે. જયારે,બચાવપક્ષે થયેલ ઉલટતપાસ જોવામાં આવે તો સદર પંચસાહેદે કબુલ રાખેલ છે કે, "એ વાત ખરી

છે કે, હું પોલીસના બોલાવવાથી પંચમાં રહેલો. એ વાત ખરી છે કે, હું ત્યા ગયો ત્યારે ત્યાં ઘણાબધા માણસોનું ટોળુ હતું અને તે વખતે પોલીસ પંચનામાના લખાણની કાર્યવાહી કરતી હતી અને તે કાર્યવાહી પુરી થયા બાદ મને બોલાવીને પંચનામામાં સહી કરાવેલી. એ વાત ખરી છે કે, હું આ સીવાય બીજા કામોમાં પણ પંચ તરીકે રહેલો છું જેથી પોલીસે મને બોલાવેલો.'' આમ, ઉપરોકત સરતપાસમાં તથા ઉલટ તપાસ જોતા એક વાત સ્પષ્ટ થાય છે કે, આ સાક્ષીએ જગ્યા પર કોઈ ફોન જોયેલો નથી. તેમજ પોલીસ પંચનામાના લખાણની કાર્યવાહી કરતી હતી અને તે કાર્યવાહી પુરી થયા બાદ તેમને બોલાવીને પંચનામામાં સહી કરાવેલી. તેમજ આ સાક્ષી એ સ્વતંત્ર સાક્ષી નથી પણ પોલીસ દ્વારા વારંવાર તેઓને પંચનામાની કાર્યવાહીમાં બોલાવવામાં આવે છે તેવુ સ્પષ્ટ થાય છે. જેથી આ સાક્ષીનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસ સામે શંકા ઉપસ્થિત કરે છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ દ્વારા પંચસાહેદ અલ્પેશકુમાર અરવિંદભાઈ પટેલને આંક-૧૯ થી ઈન્કવેસ્ટ પંચનામાના પંચ તરીકે સોગંદ ઉપર તપાસેલા છે. તેઓની સરતપાસ આંક-૨૦ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થનકારક હકીકતો જણાવેલ છે. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસ જોતા સદર પંચસાહેદ જણાવે છે કે, "એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબે મને ફોન કરીને બોલાવેલો. એ વાતની મને ખબર નથી કે પંચનામું ચોક્કસ કેટલા વાગે કરવામાં આવેલ. એ વાત ખરી છે કે મેજીસ્ટ્રેટ સાહેબે પંચનામામાં સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી. એ વાત ખરી નથી કે, જગ્યા ઉપર મે લાશ જોયેલ નથી." આ પંચને કેટલા વાગે પંચનામું થયુ તે ખબર નથી. કારણકે, તે વડથલ ગામે ગયા હોય અને લાશ જોયેલ હોય તેવુ બનેલુ જ નથી. <u>આંક-૨૦ નું ઈન્કવેસ્ટ પંચનામું જોવામાં આવે તો, તે તા.૨૭/૧૧/૨૦૨૧ કલાક-૧૪/૦૦ થી ૧૫/૩૦ સુધીનું</u> કર્યાની તારીખ અને સમય છે. પરંતુ

પી.એમ. કરનાર ડૉકટરશ્રી સાહેદ નં. ૧૧ ને આંક–૩૬ થી ડૉ. વિકાશ વિઠ્ઠલભાઈ પટેલ તેઓની સરતપાસમાં તા. ૨૭/૧૧/૨૦૨૧ ના રોજ સી.એચ.સી. મહુધા ફરજ ઉપર હતા ત્યારે મૃત વ્યક્તિના પોસ્ટમોર્ટમ માટે બપોરે ૧૨:૦૦ વાગ્યે લાવેલાનું જણાવે છે. જે **પી.એમ. નોટ આ કામે આંક–૩૯** આપવામાં આવેલ છે. જેમાં પણ પી.એમ. નોટના પ્રથમ પાને મૃતદેહ મળ્યાની તારીખ તથા સમયના કોલમમાં ૨૭ નવેમ્બર, ૨૦૨૧, ૧૨:૦૦ કલાક લખેલ છે. આમ, આંક–૨૦ વાળા ઈન્કવેસ્ટ પંચનામા વખતે લાશ વડથલ ગામની સીમમાં આવેલ ઈન્દુભાઈ મોતીભાઈ પટેલના ખેતરમાં હતી જ નહી. લાશ તો બપોરે ૧૨:૦૦ વાગે મહુધા સી.એસ.સી. દવાખાનામાં પી.એમ. માટે પડેલી હતી. આમ, તા. ૨૭/૧૧/૨૦૨૧ ના રોજ કલાક ૧૪/૦૦ થી ૧૫/૩૦ વાગે કોઈ ઈન્કવેસ્ટ પંચનામુ થયેલ નથી. જે પ્રોસીક્યુશનના પેપર્સ તથા ઉલટ તપાસથી ફલીત થાય છે. આમ, ફરીયાદ પક્ષ ઈન્કવેસ્ટ પંચનામુ અને તેની ઈજાઓ પુરવાર કરવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયેલ છે. આમ, આ કામે સદર ફરીયાદપક્ષનો પુરાવો માનવા લાયક નથી. ઉપરોકત પૅરેગ્રાફમાં જે સાહેદ નં.૩ ની જુબાનીમાં જે આંક–૨૦ નું પંચનામું ભાર્ગવ જગદીશચંદ્ર ઠાકર દ્વારા થયેલ છે. તેમને આંક–૪૧ થી તપાસવામાં આવેલા છે. તેમની જુબાનીનું મુલ્યાંકન પણ સાહેદ નં.૩ સાથે થવુ જોઈએ. સાહેદ નં. ૧૨ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે "તા. ૨૭/૧૧/૨૦૨૧ ના રોજ નાયબ મામલતદાર મહુધા ખાતે હુ ફરજ ઉપર હાજર હતો દરમ્યાન મહુધા પો.સ્ટે. તરફથી અમોને ઈન્કવેસ્ટ ભરવા માટે યાદી આપવામાં આવેલી." આવી કોઈ યાદી તેઓએ પોતાની જુબાનીમાં રજુ કરેલી નથી. વધુમાં સરતપાસમાં જણાવે છે કે, જેથી મરણ જનારની લાશ ઉપર ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોય અમોએ બે સક્ષમ પંચોને હાજર રાખી પંચોએ સ્વખુશી દર્શાવતા અમો વડથલ ગામની સીમમાં

ઈન્દુભાઈ મોતીભાઈ પટેલના સર્વે નં. ૬૭૧ વાળા ખેતરમાં ગયેલા ત્યાં ફરીયાદીના સાહેદ ભીખાભાઈ મંગળભાઈ બારૈયાનાઓ નંદિશભાઈ પ્રવિણભાઈ પટેલના કુવા ઉપર હાજર હોય જેઓએ મરણ જનારની લાશ બતાવતા સદર લાશને એક કપડુ ઓઢાડી સુવાડેલ છે." ત્યારબાદ લાશ ઉપર જે જોયુ તેનું વર્ણન કરેલ છે અને આંક – ૨૦ વાળુ અસલ પંચનામુ બતાવતા પોતાની અને પંચોની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, " એ વાત ખરી નથી કે, તા. ૨૭–૧૧–૨૦૨૧ ના રોજ કલાક ૧૪:૦૦ થી ૧૫:૩૦ વાગ્યા દરમ્યાન ખેતરમાં કોઈ લાશ પડેલ ન હતી. એ વાત ખરી નથી કે આવુ કોઈ પંચનામુ કરેલ ના હોવા છતા પોલીસના કહેવાથી ઓફીસમાં બેસી પંચનામુ કરી ત્યારબાદ તૈયાર પંચનામામાં પાછળથી પંચોની સહીઓ લીધેલ છે." આ સાહેદના પુરાવાથી એક વાત સ્પષ્ટ થાય છે કે, તેઓએ જો કોઈ ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદી આપવામાં આવેલ હોય તેઓ રજુ કરે પરંતુ તેઓએ યાદી રજુ કરેલ નથી. વધુમાં આ લાશનું પી.એમ. કરનાર ડૉકટરશ્રીની જુબાની અને તેમણે કરેલ આંક– ૩૯ ની પી.એમ. નોટ મુજબ તા. ૨૭–૧૧– ૨૦૨૧ ના રોજ મહુધા નગરપાલીકાની એમ્બ્યુલન્સમાં પોલીસ કોન્સ્ટેબલ દશરથભાઈ બ.નં. ૨૨૦ નાઓ એક મૃત વ્યક્તિના પોસ્ટ મોર્ટમ માટે બપોરે ૧૨:૦૦ વાગ્યે આવેલા. આમ, જો નાયબ મામલતદાર દ્વારા જે આંક–૨૦ નું પંચનામુ તા. ૨૭–૧૧–૨૦૨૧ ના રોજ બપોરે ૧૪/૦૦ થી ૧૫/૩૦ સુધીનું કરવામાં આવેલ છે. તે કહેવાતું પંચનામુ ખોટી રીતે પાછળથી કરવામાં આવેલું છે. કારણ કે તા. ૨૭–૧૧–૨૦૨૧ ના રોજ લાશ પી.એમ. માટે બપોરે ૧૨/૦૦ વાગે મહુધા હોસ્પીટલમાં હતી તો લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કેવી રીતે વડથલ ગામના ખેતરમાં તેજ દિવસે કલાક ૧૪/૦૦ થી ૧૫/૩૦ દરમ્યાન થયું? આમ, ફરીયાદપક્ષ ઈન્કવેસ્ટ પંચનામુ અને તેની ઈજાઓ પુરવાર કરવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયેલ છે.

**(૭.૨)** આમ, આ કામે સદર ફરીયાદપક્ષનો પુરાવો માનવા લાયક નથી. આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં. ૪ ગુલામ મુસ્તુફા રસુલમીયા શેખનાઓને લાશ ઉપરના કપડા કબ્જે કર્યાના પંચ તરીકે તપાસેલા છે. તેઓએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલો નથી. જેથી ફરીયાદ પક્ષે આ સાક્ષીને હોસ્ટાઈલ જાહેર કરેલા છે અને હોસ્ટાઈલ થયા બાદ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે સાહેદ: સંજય દિનેશભાઈ પ્રજાપતિને આંક -૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જે પંચ પોતાની સરતપાસમાં આરોપી પાસેથી કોઈ ચીજ વસ્તુ કબ્જે કરેલ હોય તેવુ જણાવતા નથી. આમ, આરોપી પાસેથી મોબાઈલ ફોન કબજે કર્યો હોય તેવુ પંચવીટનેસની જુબાનીથી ફલીત થતું નથી. તેમજ આ કામે સાક્ષીને હોસ્ટાઈલ પણ જાહેર કરેલા નથી. આ કામે ફરીયાદપક્ષે સોગંદ ઉપર **સાહેદ નં. ૬ દલસુખભાઈ ભલાભાઈ મછારને આંક: ૨૭** થી તપાસેલા છે. જેઓ **ગુજરનારના પિતા** અને **ફરીયાદીના પતિ** છે. જેઓની કોર્ટ રૂબરૂની સરતપાસથી એક વાત સ્પષ્ટ થાય છે કે બનાવની જાણ થઈ તે વખતે લાલસર, જી. લુણાવાડા ખાતે હતા અને તેઓ વડથલ ગામે ગયા નથી પરંતુ સીધા મહુધા સરકારી દવાખાને ગયેલા છે. આમ, આ સાહેદ જગ્યા ઉપર ફરીયાદી સાથે ગયા હોય તેવુ બનેલું નથી. તે ફરીયાદી જગ્યા ઉપર ગયા છે કે કેમ? તે પણ શંકા ઉપસ્થીત કરે છે અને ફરીયાદીએ ફરીયાદ આપી તે પણ શંકા ઉપસ્થીત કરે છે. વધુમાં આ સાહેદની જુબાની જોતા તેમણે કોઈ બનાવ જોએલો નથી. જે જાણવા મળ્યુ તે જણાવેલું તેમ જણાવે છે. "ત્યારબાદ પોલીસે અમોને બીજી વખતે બોલાવેલા નથી. " તેવુ પણ જણાવે છે. જો સાહેદ પોલીસને ફરી મળેલા નથી કે બોલાવેલા નથી તો આ કામે <u>આંક-૩</u>૩ થી રજુ થયેલ જાતી અંગેનુ તા. ૧૪-૦૩-૨૦૨૨ નું પ્રમાણપત્ર પોલીસ સમક્ષ કોણે રજુ કર્યુ? પોલીસ સદર પ્રમાણપત્ર ક્યાંથી લાવી? તેમજ સદર

જાતી અંગેનું પ્રમાણપત્ર ફરીયાદીને કયારેય સોગંદ ઉપરની સરતપાસમાં બતાવવામાં આવેલ નથી. કે તેમના પતિ હાલના સાહેદ દલસુખભાઈને પણ બતાવેલ નથી કે તેમણે આ આંક –૩૩ નું જાતી અંગેના પ્રમાણ પત્ર વિશે જુબાનીમાં કંઈ પણ જણાવેલું નથી. આમ, આ કામે જે જાતી અંગેનું પ્રમાણ પત્ર રજુ થયેલ છે. તે કોણે રજુ કર્યુ? કયારે રજુ કર્યુ? અને કઢાવવા કોણ ગયુ? તે સમગ્ર બાબત સામે શંકા ઉપસ્થીત કરે છે. આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે, લાલસરથી વડથલ બસમાં આવવા માટે બે કલાક જેટલો સમય થાય. એ વાત ખરી છે કે, પોલીસ અમોને હોસ્પીટલમાં લઈ ગયેલી. એ વાત ખરી છે કે તે સમયે અમો પોલીસને મળેલા ત્યારબાદ પોલીસને મળવાનું બનેલુ નહિ. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં મે પોલીસને એવુ લખાવેલ નહી કે મે મારા દિકરા અજયને ભણવા માટે વડથલ મુકામે મુકેલો. એ વાત ખરી છે કે, બનાવ બાબતે મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, આ બનાવ અગાઉ આરોપી વિરુદ્ધ મેં કે મારી પત્નીએ કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નહી. એ વાત ખરી છે કે, અમારો દિકરો વડથલ રહેતો હતો અને અમો લાલસર મુકામે રહેતા હોય બનાવના દિવસે અમારો દિકરો કોની સાથે ગયેલ તેની <u>મને કોઈ જાત માહીતી નથી.</u> એ વાત ખરી નથી કે નગીનભાઈ ની દિકરી સાથે આડો સંબંધ હોવાનું આળ મુકેલાનું ખોટુ જણાવુ છું. એ વાત ખરી છે કે નગીનભાઈની દિકરી સાથે આડો સંબંધ હોવાની મને કોઈ જાત માહીતી નથી" આમ, ઉલટ તપાસથી સ્પષ્ટ થાય છે કે તેઓને પોલીસ હોસ્પીટલમાં લઈ ગયેલી છે. પોલીસને તેઓ તે સમયે મળેલા પછી પોલીસને મળેલા નથી. તેમજ બનાવ અંગે તેઓને કોઈ જાત માહીતી નથી. તેમજ જો બનાવ અગાઉ તેમને આરોપી હિંમતે તેની ભત્રીજી સાથેના આડા સંબંધનો વહેમ રાખી ઝઘડો કર્યો હોય કે જાતી

વિષયક અપશબ્દો બોલ્યા હોય તો તેવી વાત ગુજરનારને તેમને જણાવી હોત પણ તેવી કોઈ વાત જણાવેલી નથી. આમ,નગીનભાઈ ની દિકરી સાથે આડો સંબંધનું આળ મુકેલાનું સ્પષ્ટ થતુ નથી અને અગાઉ ગુજરનારના પિતા એટલે કે હાલના સાહેદ દલસુખભાઈએ કે તેમના પત્નિ ફરીયાદીએ અગાઉ કોઈ ફરીયાદ કરેલી નથી. આમ, સદર સાહેદની ઉલટ તપાસ જોતા, સાહેદને બનાવ અંગેની જાત માહીતી નથી. તેમજ પોતે લાલસર મુકામે રહેતા હતા. જેથી ગુજરનાર બનાવના દિવસે કયારે? કોની સાથે? કયાં ગયેલા? તે હકીકત હાલના સાહેદે જોએલ નથી. આમ, આ સાહેદની જુબાનીથી પણ ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સંદતર નિષ્ફળ ગયેલ છે.

(૭.૩) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં. ૦૭ થી ભીખાભાઈ મંગળભાઈ બારૈયાને આંક-૨૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. સદર સાહેદ તેમની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં જણાવે છે કે " એ વાત ખરી છે કે હું જે ખેતરમાં રહુ છું તેની આજુબાજુ બીજા ખેતરો આવેલ છે અને ત્યાં પણ બીજા માણસો ખેતર સાચવવા માટે રહેતા હતા. એ વાત ખરી છે કે, સવારથી બીજા ખેતરમાં માણસો મજુરી કામ કરવા માટે આવી જતા હતા. એ વાત ખરી છે કે, અજય જે ખેતરમાં પડેલો હતો તે ખેતર મારા ખેતરથી જોઈ શકાય, સાહેદ જણાવે છે કે, તે ખેતર અમારા ખેતરથી બે ખેતરવા દુર આવેલું હતું. એ વાત ખરી છે કે, જે દિવસે અજય ગયેલો તે રાત્રે અમોએ ગામમાં કોઈ તપાસ કરેલ નહી. એ વાત ખરી છે કે, અજય રાત્રે ઘરે પરત ના આવતા તેને શોધવા બીજે દિવસે નીકળેલા, તે સમયે પણ અમોએ પોલીસ સ્ટેશનમાં કોઈ અરજી કરેલ નહી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે આ અજય સાંજના ૬ થી ૬:૩૦ વાગ્યે હિંમત સાથે ગયેલો. એ વાત ખરી છે કે બનાવ સ્થળની બાજુમાં કેનાલ અને રસ્તો આવેલો છે અને આ રસ્તા ઉપર વહેલી સવારથી માણસોની અવરજવર ચાલુ હોય છે. એ વાત ખરી છે

કે, ગામના લોકોને ઘણીવાર મજુરી કામ ના મળે તો બહાર પણ જવાનું થાય. એ વાત ખરી છે કે, અજયને ગામમાં કામ મળે અને તેના કારણે બીજા લોકોને કામ ના મળે જેથી ગામના લોકોને કામ માટે બહાર જવાનુ થાય. " આમ, સદર સાહેદના પુરાવાથી એક વાત સ્પષ્ટ થાય છે કે, હાલના કામના ગુજરનાર આ સાહેદ સાથે રહેતા હતા. જો તેમણે ગુજરનારને આરોપી કે અન્ય વ્યક્તિ સાથે જતા જોયા હોત તો તેમણે બીજે દિવસે પોલીસ સવારે ગામમાં ગઈ ત્યારે તે વિગત જણાવી હોત પરંતુ કોઈ વિગત પોલીસને જણાવેલી નથી કે પોલીસને તેમણે કે તેમના ઘરના કોઈએ ફરીયાદ કરેલ નથી. જો ફરીયાદ કરવામાં આવી હોત તો પોલીસ દ્વારા કોગ્નીઝેબલ ગુના બાબતે કયારેય પણ ફરીયાદ ના લખે તેવુ બને નહી કે ગુજરનારના મા બાપને બોલાવો તેવુ જણાવે નહી. આમ, સદર સાક્ષીને પાછળથી ખોટી રીતે ઉભા કરવામાં આવેલા છે. તેવુ સ્પષ્ટ રીતે જણાય આવે છે.વધુમાં ઉલટ તપાસથી સ્પષ્ટ થાય છે કે રાત્રે તેમણે ગુજરનારને શોધવાનો પ્રયત્ન કરેલો નહી અને બીજે દિવસે શોધવા નીકળેલા, તે સમયે પણ પો.સ્ટેશમાં અરજી કરેલ નહી. જો આ સાહેદ ગુજરનાર બાબતે કંઈ જાણતા હોત તો તેઓ તાત્કાલીક પોલીસને જણાવે પણ શા માટે તેમણે પોલીસને કઈ જણાવ્યુ નહી? સદર સાહેદ સરતપાસમાં લાશ પ્રથમ કેટલા વાગે જોઈ તે જણાવતા નથી. વધુમાં ગુજરનારને લોહી નીકળતું હતું, તેવુ જણાવે છે. આમ, લાશ જોઈ છે કે કેમ? અને લાશના મૃત્યુ અંગે પણ શંકા ઉપસ્થીત થાય છે. આ સાહેદે કોઈ બનાવ નજરે જોએલ નથી. તેમજ ગુજરનાર અને આરોપીને પણ સાથે જોયેલા નથી. જેથી આ સાહેદના પુરાવાથી પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આ કામે ફરીયાદપક્ષે <u>આંક-૨૯ થી શીતલભાઈ ઈન્દુભાઈ પટેલને</u> તપાસેલા છે. જેઓની સરતપાસમાં પોતે વાત મળતા બનાવવાળા ખેતરમાં ગયેલા ત્યાં અજય ઉર્ફે ચકાની લાશ પડેલી હતી. તેની ઈજાઓ જોઈ. જે બાબતે

ભીખાભાઈએ મહુધા પોલીસ સ્ટે.માં ફરીયાદ આપેલી. મને વાતો વાતથી જાણવા મળેલ કે, ચકાના આડા સંબંધ હોય જેથી ચકાનું ખૂન થઈ ગયેલ છે." આ કામની ફરીયાદ ચકાભાઈની મમ્મી ગીતાબેન તથા તેમની સાથે ભીખાભાઈએ જઈને આપેલ, આ ખૂન કરનાર હિંમતભાઈ વિરુધ્ધ આપેલ. આ સહેદ ઉલટતપાસમાં જણાવે છે કે "એ વાત ખરી છે કે ખેતરથી મારુ ઘર એક કી.મી. દુર થાય છે. એ વાત ખરી છે કે બીજા ખેતરમાં ગયેલો ત્યારે બીજા માણસો મારફત જાણવા મળેલુ. એ વાત ખરી છે કે મારે તે જગ્યાએ પહોંચતા અડધો કલાક થયેલો. એ વાત ખરી છે કે, મે લાશ પડેલી જોયેલી. એ વાત ખરી છે કે, લોહી નીકળતુ જોયેલુ. એ વાત ખરી છે કે પોલીસે મારી પુછપરછ લાશ જોયી તેના બીજા દિવસે એટલે કે તા. ૨૮–૧૧–૨૦૨૧ ના રોજ કરેલી. એ વાત ખરી છે કે વાતોવાતથી મે બનાવ અંગે જે જાણેલુ તે હકીકત પોલીસને મે બીજા દિવસે જણાવેલી. એ વાત ખરી છે કે બનાવ અંગે મને કોઈ જાત માહીતી નથી."આમ, સરતપાસ તેમજ ઉલટતપાસ થી એક વાત સ્પષ્ટ થાય છે કે આ કામે ફરીયાદ કોણે કરી તે આ સાહેદ સ્પષ્ટ જણાવતા નથી. વધુમાં જો ફરીયાદ થઈ તે દિવસે તેમણે લાશ જોઈ હોય તો પોલીસે તેમનુ નિવેદન લાશ જોઈ તેના બીજા દિવસે શા માટે લીધુ? તેઓ એ લોહી નીકળતા જોએલુ. તેમજ વાતો વાતથી બનાવ અંગેનું જાણેલાનું જણાવે છે અને બનાવ અંગે કોઈ જાત માહીતી નહી હોવાનું જણાવે છે. આમ, આ સાહેદની જુબાનીથી પણ આરોપીને ગુનાના કામે સંડોવી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી. આમ, આ સાક્ષીની જુબાનીથી પણ ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી.

(૭.૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક– ૨૯** થી **સુમીત્રાબેન નગીનભાઈ રાઠોડ**ને સોગંદ ઉપર તપાસેલા છે. સદર મહત્વના સાહેદના સમગ્ર પુરાવાથી આ સાક્ષી જુબાનીમાં પોતે ગુજરનારને

રાખડી બાંધતી હોવાનું જણાવે છે. ગુજરનાર ઉપર તેમના કાકાને કોઈ શંકા હોય તેવુ જણાવતા નથી. વધુમાં ઉલટમાં કબુલ રાખેલ છે કે બનાવના દિવસે અજય અને મારા કાકા હિંમતભાઈ કામે ગયેલા તેવી હકીકત પોલીસને લખાવેલ નથી. આ સાહેદનું નીવેદન લીધાની તારીખ જોવામાં આવે તો તા. ૦૫/૧૨/૨૦૨૧ છે. આમ, તેઓ પોલીસને મળ્યા કે કેમ? અને નિવેદન લીધું કે કેમ? તે બાબતે પણ મોટી શંકા ઉપસ્થીત થાય છે. આ સાહેદની જુબાનીથી પણ ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૭.૫) વધુ દલીલમાં તેઓ જણાવે છે કે, સદર કામે ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ **શીલાબેન ભેરૂસિંહ નાયક** ને **આંક–૩૨** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓ સરતપાસમાં દલસુખભાઈ ભલાભાઈ મછાર રહે. નવાગામ, તા. મોરવા (હડફ) જી.પંચમહાલનાઓને જાતી અંગેનુ પ્રમાણપત્ર ક્રમાંક–૩૧૧૩/૨૦૨૨ તા. ૧૪–૦૩–૨૦૨૨ થી ઈસ્યુ કરવામાં આવેલાનું જણાવે છે. અરજદારે આ પ્રમાણ પત્ર મેળવવા માટે અમારી કચેરીમાં અરજી, નીશાળ છોડયા બાબતનો દાખલો રજુ કરેલ છે. તેમ જણાવે છે. વધુમાં કચેરીનું અસલ રજીસ્ટર સાથે લાવેલાનું જણાવી તેની ખરી નકલ રજુ કરેલ જેને આંક–૩૫ આપેલાનું જણાવે છે.આ સાહેદની ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે " એ વાત ખરી છે કે જાતીનો દાખલો મે ઈસ્યુ કરેલો છે. એ વાત ખરી છે કે, જાતીનો દાખલો તા. ૧૪–૦૩–૨૦૨૨ ના રોજ ઈસ્યુ થયેલ છે. એ વાત ખરી નથી કે, અરજી સાથે તેના પિતાનું કોઈ જાતીનું પ્રમાણપત્ર રજુ કરેલ નહી. એ વાત ખરી છે કે, જાતીનું પ્રમાણપત્ર મેળવવાની અરજીમાં આગળની તરફ સહી કરેલ છે,પાછળની સાઈડે કચેરીના ઉપયોગ માટે ત્યાં કોઈ જગ્યાએ તકેદારી અધિકારી આદીજાતી વિકાસમાં કોઈની સહી કરવામાં આવેલ નથી." આમ, આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, દલસુખભાઈ ભલાભાઈ મછારનો જાતી અંગેનો દાખલો ફરીયાદ

તા. ૨૭–૧૧–૨૦૨૧ ની થયા બાદ તા.૧૪–૦૩–૨૦૨૨ ના રોજ એટલે કે ફરીયાદ થયાના આશરે સાડા ત્રણ મહીના બાદ ઈસ્યુ થયેલ છે તેવુ સ્પષ્ટ જણાય છે. હાલના કેસની અન્ય વિગતો જોતા, સદર જાતીનો દાખલો દલસુખભાઈ ભલાભાઈ મછાર સાહેદ નં.૬ નાઓને બતાવવામાં આવેલો નથી. વધુમાં દલસુખભાઈ ભલાભાઈ મછારની જુબાની માં પેરા નં. (૧) માં" હું અભણ છું" તેવુ જણાવે છે. જેથી આ જાતીનો દાખલો મેળવવા માટે નીશાળ છોડ્યા બાબતનો અરજદારે દાખલો રજુ કરેલ તે માની શકાય તેમ નહી. તેમજ જ્યારે દલસુખભાઈ અભણ છે. તો કોના સ્કુલના દાખલાને આધારે આ દાખલો ઈસ્યુ થયો? તેમજ આ જાતીનો દાખલો શા માટે ફરીયાદીને જુબાનીમાં બતાવવામાં ન આવ્યો? વધુમાં આ સાહેદ ઉલટમાં સ્વીકાર કરેલ છે કે, જાતીનું પ્રમાણપત્ર મેળવવાની અરજીમાં આગળની તરફ સહી કરેલ છે. પાછળની સાઈડે કચેરીના ઉપયોગ માટે ત્યાં કોઈ જગ્યાએ તકેદારી અધિકારી આદીજાતી વિકાસમાં કોઈની સહી કરવામાં આવેલ નથી. આમ, અરજી રીસીવ કર્યામાં સહી કરેલ છે. અરજી મંજુર કર્યામાં સહી કરેલ હોય તેવુ સ્પષ્ટ જણાતુ નથી. આમ, ફરીયાદ થઈ તે સમયે ફરીયાદી પોતે કઈ જાતીના હતા તેવુ બતાવવા માટે તેમની પાસે કોઈ આધાર પુરાવો નહતો. વધુમાં ફરીયાદી કે તેમના પતિ દલસુખભાઈ દ્વારા આ જાતી અંગેનો દાખલો પાછળથી પોલીસને આપ્યા નું કે પોલીસે નિવેદન થી કે પંચનામાથી કબ્જે કર્યાનું ચાર્જશીટના પેપર્સ જોતા જણાઈ આવતુ નથી. જેથી આ સાહેદની જુબાનીથી ફરીયાદીની જાતી અંગેનો યોગ્ય પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલો નથી.

આ કામે ફરીયાદ પક્ષ દ્વારા **ડૉ. વિકાસ વિઠ્ઠલભાઈ પટેલ**ને **આંક–૩૬** થી સોગંદ ઉપર તપસેલા છે. જેઓ લાશનું પોસ્ટ મોર્ટમ કરનાર ડોકટર છે. તેઓ પોતાની જુબાનીનીસરતપાસમાં પોતે કરેલ પી.એમ. અંગેની કાર્યવાહીનું વિગતવાર વર્ણન કરેલ છે. જયારે,આ

સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો જણાવે છે કે " એ વાત ખરી છે કે, મે અગાઉ પણ ઘણા બધા પી.એમ.કરેલા છે. એ વાત ખરી છે કે લાશ મળ્યા પછી બને તેટલી વહેલી તકે પી.એમ. કરવું જોઈએ. એ વાત ખરી છે કે, ડેડ બોડી મળ્યા બાદ આશરે સવા ચાર કલાક બાદ પી.એમ. કરવામાં આવેલું. એ વાત ખરી છે કે, પી.એમ. અમોએ તા. ૨૭–૧૧–૨૦૨૧ ના રોજ પુરુ કરેલુ જ્યારે પી.એમ. નોટમાં સહી તા. ૨૯–૧૧–૨૦૨૧ ના રોજ કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, જે કોઝ ઓફ ડેથનુ સર્ટી આપ્યુ તે પ્રોવીઝનલ કોઝ ઓફ ડેથનું સર્ટી છે. એ વાત ખરી છે કે કોલમ નં .૧૭ માં જણાવેલ ઈજાઓમાં આજુબાજુની ચામડીમાં ફેરફાર જોવા મળી શકે તેમજ થોડા સમય બાદ તેના કલરમાં ફેરફાર જોવા મળેલ." આમ, ઉપરોકત ઉલટ તપાસ ઉપરથી ફલીત થાય છે કે પી.એમ. કરનાર ડોકટરએ અનુભવી ડોકટર હતા. તેમણે પી.એમ. તા. ૨૭–૧૧–૨૦૨૧ ના રોજ પુરુ કરેલુ છે. તો શા માટે પી.એમ. નોટમાં સહી તા. ૨૯–૧૧–૨૦૨૧ ના રોજ કરવામાં આવી હવે તેમના દ્વારા પી.એમ. કરવામાં આવેલુ કે કેમ? તેની સામે સવાલ ઉભો થાય છે. વધુમાં પ્રોવીઝનલ ડેથનું સર્ટી આપ્યાનું જ જણાવે છે. વધુ ઉલટ તપાસના પેરા નં. (૨) માં જણાવે છે કે " એ વાત ખરી છે કે ઈજાના દેખાવ ઉપરથી તે ઈજા એન્ટી મોર્ટમ છે કે પોસ્ટ મોર્ટમ તે નક્કી થઈ શકે. એ વાત ખરી છે કે આ ઈજા એન્ટી મોર્ટમ હતી કે પોસ્ટ મોર્ટમ હતી તે કોલમ નં. ૧૭ માં જે થયેલ ઈજાઓ છે તે પી.એમ.નોટના કોલમ નં. ૧૭માં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ફેકચરના અલગ– અલગ પ્રકાર હોય છે. મારી પી.એમ. નોટમાં ફેકચરનું માપ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે હેમેટોમાં જે દર્શાવેલ છે તેના અલગ–અલગ પ્રકાર હોય છે ચોક્કસ કયુ હેમેટોમાં હતુ તે મારા પી.એમ. રીપોર્ટમાં દર્શાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ ફાઈનલ કોઝ ઓફ ડેથ અંગે કોઈ રીપોર્ટ કરેલ નથી. એ વાત ખરી નથી કે પાછળ થી ખોટી રીતે

પી.એમ. રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે."ઉપરોકત ઉલટ તપાસથી સ્પષ્ટ થાય છે કે, ફ્રેકચરનો કોઈ પ્રકાર, માપ દર્શાવેલા નથી. તેમજ આ કામે કોઈ ફાઈનલ કોઝ ઓફ ડેથ સર્ટી આપવામાં આવેલ નથી. ફકત પ્રોવિઝનલ કોઝ ઓફ ડેથ સર્ટી આપવામાં આવેલ છે. આમ, ગુજરનારનું મૃત્યુ કયાં કારણોસર થયુ તે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૭.૬) વધુમાં આ કામે કોઈ મુદ્દામાલ હથીયાર પ્રોસીક્યુશન દ્વારા કબ્જે પણ થયેલ નથી. જેથી આ સાહેદની જુબાનીથી મૃત્યુ અંગેનું ચોક્કસ કારણ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ: કનુભાઈ નાથાભાઈ રાઠોડને આંક ૪૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ ગુનાવાળી જગ્યાનો નકશો બનાવેલો છે. તેમની ઉલટ તપાસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ગુનાવાળી જગ્યાનો <u>નકશો કઈ તારીખે બનાવ્યો તે નકશામાં ઉલ્લેખ નથી</u>. આમ, સદર સાહેદ ગુનાવાળી જગ્યાએ જઈ નકશો બનાવ્યો હોય તેવુ સ્પષ્ટ થતું નથી.આ કામે સાહેદ **પ્રહલાદભાઈ રમેશભાઈ રાઠોડ**ને **આંક–૪૬** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ બનાવ સમયે પી.એસ.ઓ તરીકે મહુધા પો.સ્ટે.માં હાજર હતા તે દરમ્યાન અ.પો.કો. વિજયસિંહ વખતસિંહ નાઓએ મરણ જનારના કપડા રજુ કરતા બે પંચોની રૂબરૂ પંચનામાની વિગતે તપાસ અર્થે કપડાં કબ્જે લીધેલાનું જણાવે છે. આ સાહેદ ઉલટ તપાસમાં એ વાત ખરી હોવાનું જણાવે છે કે, અ.પો.કો. વિજયસિંહ વખતસિંહ મરણ જનારના કપડાં <u>રજુ કરતી વખતે કોઈ યાદી આપેલ નહી.</u> એ વાત ખરી છે કે, જે કપડાં રજુ થયા તે કપડા સીલબંધ હાલતમાં ન હતા. વધુમાં સદર કપડાં રજુ કર્યાના પંચ સાહેદને આંક ૨૧ થી તપાસેલા છે. જેમણે ફરીયાદ પક્ષના કેસને લેશ માત્ર સમર્થનકારી પુરાવો આપેલો નથી. આમ, લાશ ઉપરના કપડા કબ્જે કર્યાનો પુરાવો ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે સાહેદ **જયદિપસિંહ ઉદેસિંહ**

**ગઢવી**ને **આંક–૪૭** થી તપાસેલા છે. જેઓ તા. ૨૧–૦૬–૨૦૨૪ ના રોજ એલ.સી.બી. ખેડા નડીઆદ મુકામે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ આરોપીને રાજસ્થાનથી પકડીને લાવેલ અને એલ.સી.બી. ઓફીસે બે પંચોને બોલાવી આરોપીની શરીર સ્થિતીનું તથા આરોપી પાસેથી મોબાઈલ કબ્જે કર્યાનું જણાવે છે.આ સાહેદ ઉલટ–તપાસ માં જણાવે છે કે " એ વાત ખરી છે કે ગુના અંગેની ફરીયાદ સને–૨૦૨૧ માં નોંધાયેલી તથા આરોપીની ધરપકડ સને. ૨૦૨૪ માં કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, આરોપીની કોઈ ઓળખ પરેડ આ પંચનામા દરમ્યાન કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદ મહુધા પોલીસ સ્ટે.ની હતી. એ વાત ખરી છે કે આરોપીને રાજસ્થાનમાં પકડેલ ત્યાં આગળ કોઈ પંચનામું કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે સબંધીત પોલીસ સ્ટે.માં ચાદી આપેલી. આમ, સદર સાહેદની ઉલટ તપાસ જોતા એક વાત સ્પષ્ટ થાય છે કે ગુનો સને. ૨૦૨૧ માં બનેલો અને આરોપીની ધરપકડ સને. ૨૦૨૪ માં થયેલ છે. ધરપકડ કરતા અગાઉ કોઈ ઓળખ પંચનામું થયેલ નથી. તેમજ રાજસ્થાન ખાતે કોઈ સંબંધીત પોલીસ સ્ટે.ને આરોપીને પકડયા હોય તેવી યાદી રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આમ, આરોપીને રાજસ્થાનથી પકડેલ છે કે કેમ? તે હકીકત પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં રાજસ્થાન મુકામે કયા? કોની સાથે આરોપી હતા? શું કરતા હતા? તે અંગેનો કોઈ પુરાવો તપાસના કામે મેળવેલ નથી કે ચાર્જશીટમાં સામેલ કરેલ નથી કે અન્ય રીતે ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૭.૭) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ **વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકી**ને **આંક– ૪૯** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૧–૦૬–૨૦૨૪ ના રોજ કપડવંજ ડીવીઝનમાં ઈ/ચા. નાયબ પો. અધિક્ષક તરીકે ફરજ ઉપર હતા ત્યારે ગુનાની તપાસ સંભાળેલી. આ કામે આરોપીનો કબજો મેળવી આરોપીને અટક કરી આરોપીનું

બ્લડ સેમ્પલ લેવડાવી અને એફ.એસ.એલ. ખાતે જરૂરી રીપોર્ટ માટે મોકલી. ઈ.પી.કો.કલમ–૨૦૧ મુજબની કલમનો ઉમેરો કરવા નામ. કોર્ટમાં રીપોર્ટ કરેલાનું તથા ચાર્જશીટ કરેલાનું જણાવે છે. જયારે, આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, આરોપીને પકડેલ નહી. એ વાત ખરી છે કે આ કામે માત્ર ચાર્જશીટ કર્યા સીવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી." આમ, આ સાહેદ સીવાય અન્ય કોઈ સાહેદે શા માટે ઈ.પી.કો. કલમ–૨૦૧ નો રીપોર્ટ કરવા નામ. કોર્ટને યાદી ન આપી. વધુમાં આરોપીનો કબ્જો મેળવ્યા બાદ પણ આરોપીની ઓળખ કરાવી નથી. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે પોલીસ સાહેદ : **અશોકભાઈ વાલજીભાઈ પરમાર**ને **આંક– ૫૦** થી તપાસેલા છે. જેઓ પોતાની સરતપાસમાં પોતે કરેલ કાર્યવાહીનો ચિતાર વર્ણવી ગયેલ છે અને ફરીયાદીની ફરીયાદ લીધા બાદ ગુનો રજીસ્ટર્ડ કરેલો. સદર ગુનો સ્ટેશન ડાયરીના પાના નં. ૮૯ અનુક્રમ નં. ૧૧ થી નોંધી લીધેલાનું જણાવી આંક:૫૧ થી સ્ટેશન ડાયરીની નકલ રજુ કરેલ છે તેમજ ત્યારબાદ ગુનાવાળી જગ્યાએ જઈ બે સમક્ષ પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. જે આ કામે આંક–૧૭ થી રજુ છે. તે તેજ છે. ત્યારબાદ સદર ગુનો એટ્રોસીટી એકટ હેઠળનો હોય આગળની તપાસ એસ.સી.એસ.ટી. સેલ ખેડા નડીઆદનાઓ તરફ મોકલી આપેલી." આ સાહેદ ઉલટ તપાસમાં જણાવે છે કે," એ વાત ખરી છે કે, બનાવ અંગેની જાણ પહેલી વહેલી અમોને સવારના ૮:૩૦ વાગ્યે થયેલી અને તે બાદ બનાવ સ્થળે ગયેલો. <u>એ વાત ખરી છે કે, બનાવ સ્થળ ઉપર જઈ પ્રાથમીક તપાસ કરેલી. એ વાત ખરી છે કે, પ્રાથમીક તપાસમાં ગુનો બન્યાનું જણાય તો ફરીયાદ નોંધવી પડે. એ વાત ખરી છે કે, સ્થળ ઉપર ભીખાભાઈ મંગળભાઈ બારૈયા કે ગામના કોઈ વ્યક્તિ દ્વારા ફરીયાદ આપવામાં આવેલ નહી</u>, ફરીયાદ અમોએ ૧૨:૦૦ વાગ્યે નોંધેલ. એ વાત ખરી છે કે, ફરીયાદી ગીતાબેનનાઓ બનાવ સ્થળથી ઘણા દૂર રહેતા હતા.

એ વાત ખરી છે કે, મારી સમક્ષ જાતી અંગેનું કોઈ પ્રમાણપત્ર રજુ થયેલ નહી. સાહેદ જણાવે છે કે સ્કુલ લીવીંગ સર્ટી રજુ કરેલુ.એ વાત ખરી છે કે ફરીયાદી સાથે વડથલ ગામના લોકો પણ આવેલા. એ વાત ખરી નથી કે ફરીયાદ ફરીયાદીની સાથે આવેલા ગામના લોકોના લખાવ્યા મુજબ લખેલી. સાહેદ જણાવે છે કે ફરીયાદીના લખાવ્યા મુજબ લખેલી."આમ, આ સાહેદની સરતપાસ તથા ઉલટ તપાસ જોતા એક વાત સ્પષ્ટ થાય છે કે ફરીયાદ તા. ૨૭–૧૧–૨૦૨૧ ના રોજ આપવામાં આવેલી છે. જયારે આંક:૩૩ નું જાતી અંગેનું પ્રમાણપત્ર તા. ૧૪–૦૩–૨૦૨૨ ના રોજ ઈસ્યુ થયેલ છે. તો ફરીયાદ કરતા સમયે જાતીનો દાખલો તેમની સમક્ષ કેમ કરીને રજુ થાય? વધુમાં ઉલટ તપાસથી એક વાત સ્પષ્ટ થાય છે કે ફરીયાદ નોંધતા અગાઉ તેઓ કહેવાતા બનાવ સ્થળે ગયેલા ત્યા પ્રાથમીક તપાસ કરેલી. પ્રાથમીક તપાસમાં આ કામના અગત્યના સાહેદ ભીખાભાઈ મંગળભાઈ બારૈયા દ્વારા બનાવ અગાઉની કોઈ પરીસ્થીતી કે જાણકારીનું વર્ણન હાલના સાહેદ સમક્ષ થયું હોત તો તેજ સમયે હાલના સાહેદ એ કોગ્નીઝેબલ ગુનો હોય ગુનો અંગેની ફરીયાદ નોંધે પરંતુ આ કામના સાહેદ ભીખાભાઈ મંગળભાઈ બારૈયા કે ગામના કોઈ વ્યક્તિ દ્વારા કોઈ હકીકત જણાવવામાં આવેલી નથી. આમ, કહેવાતા બનાવમાં ભીખાભાઈ મંગળભાઈ બારૈયાને કોઈ જાત માહીતી ન હોવા છતા ખોટી રીતે સાક્ષી તરીકે પાછળથી ઉભા કરેલાનું સ્પષ્ટ જણાય આવે છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે **કીર્તીકુમાર ગોકળભાઈ પટેલ**ને **આંક– ૫૨** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓ આ કામના તપાસ કરનાર અમલદાર છે. સદર ત.ક. અમલદાર તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે,"એ વાત મારા ધ્યાનમાં નથી કે, હાલની ફરીયાદ અગાઉ આ બનાવ સંદર્ભે કોઈ જાણવા જોગ થયેલ કે કેમ. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન ફરીયાદીનુ કોઈ વધારાનું નિવેદન લીધેલુ હોય અને ફરીયાદીએ તેમાં

કોઈ જાતી અંગેનું પ્રમાણપત્ર મારી રૂબરૂ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે, પાછળથી જાતી અંગેનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. એ વાત ખરી છે કે, પંચનામાંથી પણ જાતી અંગેનું પ્રમાણપત્ર અમારા રૂબરૂ રજુ થયેલ નથી. એ વાત ખરી છે કે, જે ખેતરમાં લાશ પડેલી તે ખેતરના માલીકના પોલીસ રૂબરૂના નિવેદનથી પણ તેણે બનાવ નજરે જોયેલ હોય તેવુ ફલીત થતુ નથી. એ વાત હાલ મને યાદ નથી કે, મારી તપાસ દરમ્યાન ડોકટરશ્રી પાસેથી ફાઈનલ કોઝ ઓફ ડેથ અંગે માહીતી મેળવેલ કે કેમ? એ વાત ખરી છે કે, આ કામે મેં કોઈ ઈ.પી.કો. કલમ– ૨૦૧ નો ઉમેરો કરવા કોઈ રીપોર્ટ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસમાં એવી હકીકત ખુલેલ કે, આરોપી મોબાઈલ રાખતો નથી. આ કામે ઉપરોકત તપાસ કરનાર અમલદારની જુબાની ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે, આ ફરીયાદ થઈ તે અગાઉ કોઈ જાણવાજોગ થયેલ નથી. તેમજ આ કામે ફરીયાદીનું વધારાનું નિવેદન લીધેલ નથી. તેમની રૂબરૂમાં કોઈ જાતી અંગેનું કોઈ પ્રમાણપત્ર રજુ થયેલુ નથી. તેમજ પી.એમ. કરનાર ડોકટર દ્વારા જે પ્રોવિઝન કોઝ ઓફ ડેથ આપવામાં આવ્યુ ત્યાર બાદ કોઈ ફાઈનલ કોઝ ઓફ ડેથ રજુ થયેલી નથી. આમ, તપાસ કરનાર અમલદાર દ્વારા આ ગુનાના કામે કોઈ યોગ્ય કાયદેસર રીતના કોઈ તપાસ થયેલ નથી. તેમની રૂબરૂમાં આરોપીને સંડોવતો એક પણ પુરાવો મળેલ નથી. વધુમાં આ કામે જે ઈજાઓનો આક્ષેપ છે. તે ઈજાઓ ગુજરનારને કેવા હથીયારથી થઈ તે રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ કોઈ હથીયાર પણ ડીસ્કવરી કે રીકવરી કરવામાં આવેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારે તપાસમાં મેળવેલ પુરાવાથી આરોપી સામેનો ઈ.પી.કો. કલમ– ૩૦૨, ૨૦૧ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૨)(૫–અ) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુનો પુરવાર થતો નથી. સદર કેસ સાંયોગીક પુરાવાનો કેસ છે. સાંયોગીક પુરાવાના કેસમાં આરોપી

સામે ગુનાના આરોપની સાંકળની એક એક કડી સચોટ રીતે પુરવાર થવી જોઈએ. શંકા ગમે તેટલી મજબુત કેમ ન હોય પણ તે કયારેય પુરાવાનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંક પણે પુરવાર કરી શકેલ નથી. આમ, આ કામે આરોપી સામે ખોટી ફરીયાદ કરી, ખોટી રીતે પુરાવો એકત્ર કરી, ખોટુ ચાર્જશીટ કરેલ છે. હાલના આરોપી નિર્દોષ છે. સમગ્ર પુરાવો જોતા, શંકાને આધારે ફરીયાદ થયેલાનું જણાય છે. આમ, આરોપીને તેમની સામેના ઈ.પી.કો. કલમ–૩૦૨,૨૦૧ તથા એટ્રોસીટી એકટ કલમ– ૩(૨) (૫–અ) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી અથવા શંકાનો લાભ છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) **<u>નિર્ણય માટેના મુદાઓ</u> :–**

રેકર્ડ ઉપરની વિષય વસ્તુ, કાયદાની સંબંધીત જોગવાઈઓ તેમજ બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની ઉપરોકત રજુઆતોના આધારે આ અદાલત દ્વારા નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલ છે. :–

**–: મુ દા ઓ :–**

| | |
|---|---|
| **નં.(૧)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગુજરનાર બળવંતભાઈ નાથાભાઈ નાયકનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહીં, પરંતુ સાપરાધ મનુષ્યવધ હતું ? |
| **નં.(૨)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીશ્રીના દિકરા મરણ જનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઈ મછાર ઉંમર ૧૫ વર્ષ ૬ માસને બનાવ બન્યા તારીખના ચારેક માસ અગાઉ પોતાની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતે શક વહેમ રાખી ઝઘડો કરી ધમકી આપેલ.ત્યારબાદ ગઈ તા.૨૬/૧૧/૨૦૨૧ના રોજ કલાક: ૨૧/૦૦ વાગ્યાથી તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ સવારના આશરે કલાક: ૮/૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈપણ સમયે મોજે : વડથલ ગામની સીમમાં ઈન્દુભાઈ મોતીભાઈ પટેલના ખેતરમાં લઈ જઈ પોતાની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતનો શક વહેમ રાખી, મરણ જનાર અજયભાઈ ઉર્ફે ચકાના માથાના પાછળના ભાગે તથા મોઢાના કપાળના ભાગે તથા ડાબી આંખના ભાગે મારક હથિયારથી માર મારી, ગંભીર |

| | |
|---|---|
| | ઈજા પહોંચાડી, સ્થળ ઉપર મોત નિપજાવી, જિલ્લા મેજી, સાહેબશ્રી, ખેડા-નડિયાદ નાઓના જાહેરનામાનો ભંગ કરી, નાસી જઇ ગુના વખતે વાપરેલ મારક હથિયાર ઈરાદાપૂર્વક ક્યાંક નાંખી દઇ, પુરાવાનો નાશ કરેલ હોય આરોપીએ ઇ.પી. કો.કલમ-૩૦૨,૨૦૧,જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૩)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે,ઉપરોકત તારીખે,સમયે અને સ્થળે આરોપી એવું જાણતા તથા માનતા હતા કે, ફરીયાદી એ અનુસુચીત જાતિ/ અનુસુચીત જન.જાતિ હિન્દુ-ભીલ મછાર જ્ઞાતિના સભ્ય છે તેમછતાં, આરોપીએ ગાળો બોલી ફરીયાદીને જાતિવાચક અપમાનજનક શબ્દો ''સાલા ભીલડા, તું અહીં કેમ રહે છે. તું તારા ઘરે જતો રહે, જો તું અહીંથી નહી જાય તો તારૂ કાસળ કાઢી નાંખીશું, તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી તથા જાતિવિષયક લાગણી દુભાય તે રીતે જાહેરમાં અપમાનજનક વર્તન કરી માનભંગ કરી અનુસુચીત જાતિ/અનુસુચીત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારાની કલમ -૩(૨)(૫-અ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૪)** | શું હુકમ ? |

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસહીત નીચે મુજબ છે. :-

| | |
|---|---|
| **નં.(૧)** | **'હકારમાં'** |
| **નં.(૨)** | **'નકારમાં'** |
| **નં.(૩)** | **'નકારમાં'** |
| **નં.(૪)** | **આખરી હુકમ મુજબ** |

## -:: કા ર ણો :-

**ફરીયાદપક્ષનો પુરાવો :-**

**(૧૦)** સદરહું કેસ સંદર્ભે રેકર્ડે રજુ સમગ્ર પુરાવો જોવામાં આવે તો, ફરીયાદપક્ષ એવા કેસ સાથે આવેલ છે કે, આ કામના આરોપીએ

ફરિયાદીના દિકરા મરણ જનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઇ મછાર નાઓને બનાવ બન્યા તારીખના ચારેક માસ અગાઉ પોતાની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતે શક વહેમ રાખી ઝઘડો કરી ધમકી આપેલ. ત્યારબાદ ગઇ તા.૨૬/૧૧/ ૨૦૨૧ના રોજ કલાક: ૨૧/૦૦ વાગ્યાથી તા.૨૭/૧૧/ ૨૦૨૧ ના રોજ સવારના આશરે કલાક: ૮/૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈપણ સમયે મોજે : વડથલ ગામની સીમમાં ઈન્દુભાઇ મોતીભાઈ પટેલના ખેતરમાં લઈ જઇ પોતાની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતનો શક વહેમ રાખી, મરણ જનાર અજયભાઈ ઉર્ફે ચકાના માથાના પાછળના ભાગે તથા મોઢાના કપાળના ભાગે તથા ડાબી આંખના ભાગે મારક હથિયારથી માર મારી, ગંભીર ઈજા પહોંચાડી, સ્થળ ઉપર મોત નિપજાવી, નાસી જઇ ગુના વખતે વાપરેલ મારક હથિયાર ઈરાદાપૂર્વક ક્યાંક નાંખી દઈ, પુરાવાનો નાશ કરેલ હોય, હાલના કેસમાં પુરતા પુરાવા આધારે તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ કરેલાનું જણાય છે.ઉપરોકત ફરીયાદ હકીકત સંબંધે આ આક્ષેપીત ગુના સંબંધે આ કામે ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામાં આવે તો,

**<u>ફરીયાદી(મરણ જનારની માતા)નો પુરાવો :</u>**

(૧૧) ફરીયાદપક્ષે **આંક:૧૨** થી **ફરીયાદી : ગીતાબેન દલસુખભાઇ મછાર (પી.ડબલ્યુ.નં.૧)**ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, આજથી આશરે સત્તરેક વર્ષ પહેલા તેઓ તથા તેમના પતિ દલસુખભાઇ નાઓ વડથલ તા. મહુધા ખાતે નંદિશભાઇ પ્રવિણભાઇ પટેલના ખેતરમાં મજુરી કામ કરવા માટે આવેલ હતા. આશરે પાંચેક વર્ષ જેટલુ વડથલ ગામે મજુરી અર્થે રોકાયેલા હતા, તે દરમ્યાન તેઓને બીજુ સંતાન થયેલ. જેનુ નામ અજય ઉર્ફે ચકો રાખેલ હતુ. તેઓની સાથે મજુરી કરતા

ભીખાભાઇ મંગળભાઇ બારૈયા, રહે. વડથલ નાઓ સાથે તેમનો દિકરો અજય ઉર્ફે ચકો હળી મળી જતા તેમની સાથે રહેતો હતો અને ત્યાં જ મોટો થયેલ હતો. તેઓ વડથલ ગામે આવતા જતા હતા તે સમયે વડથલ ગામની સીમમાં મહેન્દ્રભાઇ અંબાલાલ પટેલના ખેતરમાં રહેતા પ્રભાતભાઇ કાભાઇભાઇ રાઠોડના ઘરે જતા હતા અને અજયભાઇ ઉર્ફે ચકો શ્રાવણ માસમાં આવેલ હતો ત્યારે તેઓએ કપડાં અને ચંપલ લઇ આપેલ હતા. તેઓ લાલસર, જી. મહીસાગર ખાતે હતા ત્યારે ભીખાભાઇ મંગળભાઇ નાઓએ તેઓને જાણ કરેલી કે, તેમના દિકરા અજયનુ ખુન થઇ ગયેલ છે, જેથી તેઓ વડથલ ગામે આવેલા ઈન્દુભાઈ મોતીભાઇ પટેલના ખેતરમાં આવેલા ત્યારે તેમના દિકરા અજયના મોઢામાં માટી ભરેલી હતી અને માથામા પાછળના ભાગે ચપ્પાથી મારેલાના નીશાન હતા, તે વખતે તેમનો દિકરો અજય મરણ ગયેલ હતો, તેમના દિકરાનુ ખુન હિંમતે કરેલ છે. વધુમાં સદર ફરીયાદી જણાવે છે કે, આ ખુન કરવાનુ કારણ તેમના દિકરા અજય સાથે હિંમતને ઝઘડો થયેલ હતો. તે સમયે તેમના દિકરા અજય ઉપર આ હિંમતની ભત્રીજી સુમીત્રા સબંધે ખોટુ આળ મુકેલુ. ત્યારબાદ તેમના દિકરાની લાશને મહુધા સરકારી દવાખાને પોસ્ટ મોર્ટમ કરવા માટે લઇ ગયેલા અને ત્યાં આગળ તેઓએ તેમનો અંગુઠો કરી પી.એમ. કરવા માટે સોપેલ. તેઓએ તેમના દિકરાના ખુન અંગેની ફરીયાદ મહુધા પોલીસ સ્ટેશનમાં તે સમયે કરેલી. સદર ફરીયાદી **આંક:૧૩ થી અસલ ફરીયાદ** રજુ કરી તેમાં પોતાના જમણા હાથના અંગુઠાનું નીશાન હોવાનું ઓળખી બતાવે છે.સદર ફરીયાદીને આર્ટીકલ નં.૧ વાળુ શર્ટ બતાવવામાં આવતા, તે આખી બાંયનુ પીળા કલરનુ, જેના ખીસ્સાના ભાગે કાળી પટ્ટી આવેલ છે જે તેમના દિકરાએ પહેરેલ તે તે જ હોવાનું ઓળખી બતાવે છે. સદર ફરીયાદીને મુ.માલ આર્ટીકલ નં. ૨ વાળુ જીન્સનુ

પેન્ટ બતાવવામાં આવે છે જે આછા ભુરા કલરનુ, જે તેમના દિકરાએ પહેરેલ તે જ હોવાનું તથા આ બન્ને કપડા તેઓએ જ તેને લઈ આપેલ હતા તેમ જણાવી ગયા છે. સદર ફરીયાદીને મુ.માલ આર્ટીકલ નં. ૬ વાળો મોબાઈલ બતાવવામાં આવતા, તે સ્થળ ઉપર પડેલ હતો તે જ હોવાનું ઓળખી બતાવે છે. સદર ફરીયાદી આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**(૧૧.૧)** જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, તેણી અભણ છે, બનાવ સમયે તેણી લાલસર, મુ. – લુણાવાડા ખાતે રહેતી હતી. લાલસરથી વડથલ આવવા માટે અંદાજે ચાર થી પાંચ કલાક જેટલો સમય લાગે. એ વાત ખરી છે કે, લાલસર મુકામે તેઓને બોલાવવા માટે પોલીસ અંદાજે બપોરના ત્રણ સાડા ત્રણ વાગ્યે આવેલી. એ વાત ખરી છે કે તેણીએ કે તેના પુત્રએ અગાઉ કોઈ ફરીયાદ કરેલ નહી. એ વાત ખરી છે કે, બનાવ અંગે તેને કોઇ જાતમાહીતી નથી, સાહેદ જણાવે છે કે ભીખાભાઈ મંગળભાઇએ અમોને જાણ કરેલી. એ વાત ખરી છે કે, ફરીયાદ કરવા માટે તેમની જોડે વડથલ ગામના લોકો આવેલા. સદર ફરીયાદીને પ્રશ્ન પુછવામાં આવેલ કે, તમોએ અંગુઠો કરેલો તે ફરીયાદમાં શુ લખેલુ તેની તમોને ખબર નથી? જે સવાલના જવાબમાં ફરીયાદી જણાવે છે કે,'' મને પોલીસવાળાએ બધું લખેલુ છે, તેમ જણાવી અંગુઠો કરવાનું જણાવતા અંગુઠો કરેલો.''

**ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદનો પુરાવો :–**

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૧૪** થી તપાસાયેલ **પંચસાહેદ : વિજયકુમાર મોહનભાઈ તળપદા (પી.ડબલ્યુ.નં.૨)**તેમના પુરાવાની સરતપાસમાં જણાવે છે કે,આજથી આશરે ચારેક વર્ષ પહેલા પોલીસે તેમને વડથલ ગામે માયનોર કેનાલની બાજુમાં આવેલ ઈન્દુભાઈના ઘઉંના વાવેતરવાળા ખેતરમાં બોલાવેલા, ત્યાં

ઘણાબધા લોકો હાજર હતા. સદર જગ્યાની બાજુમાં એક કેનાલ હતી, તેમજ જોડે રેલ્વેની લાઇન નાખેલી હતી, તે જગ્યાએ એક છોકરાનુ ખુન થયેલ હતુ, જે બાબતનુ પંચનામુ કરવા માટે પોલીસે તેઓને સમજ કરતા તેઓએ સ્વખુશી દર્શાવેલી. તેઓ પંચોની હાજરીમાં પોલીસે આશરે ૧૦૦ ગ્રામ જેટલી કંટ્રોલ માટી કબજે લઇ, એક પ્લાસ્ટીકની પારદર્શક નાની બરણીમાં લઇ, બન્નેમાં તેઓ પંચોની સહીવાળી કાપલી મુકી, ઢાંકણ ફીટ કરી, કાપડની બેગીમાં મુકેલ, જેમાં પંચ નં. ૧ તરીકે મારી તથા પંચ નં.૨ તરીકે દિપેશભાઇ ઉર્ફે પાલી ચંદુભાઇ પટેલની સહી લીધેલી. નામ. કોર્ટ રૂબરૂ મુદ્દામાલ આર્ટીકલ પ્લાસ્ટીકની બે બરણી જે સીલબંધ હાલતમાં હોય તે કોર્ટ રૂબરૂ ખોલીને જોતા જેમા બે કપલી નીકળેલ છે જે ફાટેલ હાલતમાં હોય સેલોટેપથી સાંધી, આંક:૧૫ તથા આંક:૧૬ થી પંચસ્લીપો રજુ કરી સદર પંચસ્લીપોમાં પોતાની તથા બીજા પંચ તરીકે દીપેશભાઇની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર પંચસાહેદ તેમના પુરાવા દરમ્યાન **આંક:૧૭** થી **ગુનાવાળી જગ્યાનું પંચનામું** રજુ કરી સદર પંચનામામાં પોતાની તથા બીજા પંચ તરીકે દીપેશભાઇની સહી હોવાનું ઓળખી બતાવે છે.

**(૧૨.૧)** જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓ પોલીસના બોલાવવાથી પંચમાં રહેલ. એ વાત ખરી છે કે, તેઓ ત્યાં ગયા ત્યારે ત્યાં ઘણાબધા માણસોનુ ટોળું હતુ અને તે વખતે પોલીસ પંચનામાના લખાણની કાર્યવાહી કરતી હતી અને તે કાર્યવાહી પુરી થયા બાદ તેમને બોલાવીને પંચનામામાં સહી કરાવેલી. એ વાત ખરી છે કે,તેઓ આ સીવાય બીજા કામોમાં પણ પંચ તરીકે રહેલ છે જેથી પોલીસે તેમને બોલાવેલ.

**<u>ઇન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદનો પુરાવો :-</u>**

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૧૯** થી તપાસાયેલ પંચસાહેદ : **અલ્પેશકુમાર અરવિંદભાઇ પટેલ(પી.ડબલ્યુ.નં.૩)** તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, આશરે ત્રણ ચાર વર્ષ પહેલા વડથલ ગામની સીમમાં એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ, મહુધાનાઓએ તેમને એક લાશનુ ઈન્કવેસ્ટ ભરવાનુ હોય પંચમાં રહેવા માટે બોલાવેલ. ત્યાં પોલીસના માણસો તેમજ ફરીયાદી હાજર હતા. ત્યાં એક લાશ પડેલી હતી. આજુબાજુ ખેતર આવેલા હતા અને બાજુમાં રેલ્વે ટ્રેક આવેલ હતા. અમોએ લાશ જોતા લાશના મોઢાના ભાગે ઈજાના નીશાન હતા, અને આંખો તથા મોઢાના ભાગે માટી ચોંટેલ હતી તેમજ માથાના પાછળના ભાગે એક ઘા પડેલ હતો, સદર ઘા કપાયેલો, છુંદાયેલો હતો. લાશ ઉપર એક પીળા કલરનો શર્ટ હતો તેમજ પેન્ટ બ્લ્યુ કલરનુ પહેરેલ હતું. સદર લાશ તેઓએ જોતા છતી હતી. પોલીસે તેમની હાજરીમાં બીજું કશું કબજે કરેલ નહી. સદર પંચસાહેદ આંક:૨૦ થી ઈન્કવેસ્ટ પંચનામું રજુ કરી તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની તથા પંચ નં. ૨ તરીકે કમલેશભાઇ પટેલની સહી હોવાનું ઓળખી બતાવે છે.

(૧૩.૧) જયારે, બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર પંચસાહેદ જણાવે છે કે,એક્ઝીક્યુટી મેજીસ્ટ્રેટ સાહેબે તેમને ફોન કરીને બોલાવેલો. <u>એ વાતની તેમને ખબર નથી કે, પંચનામું ચોક્કસ કેટલા વાગે કરવામાં આવેલ,</u> મેજીસ્ટ્રેટ સાહેબે પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી.

**<u>કપડાં કબજે કર્યાના પંચનામાના પંચસાહેદનો પુરાવો :-</u>**

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક:૨૧ થી પંચસાહેદ : ગુલામમુસ્તુફા રસુલમીયા શેખ**(પી.ડબલ્યુ.નં.૪)**ને તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, આજથી આશરે દોઢેક વર્ષ પહેલા મહુધા પોલીસ સ્ટેશને તેમને પંચમાં રહેવા બોલાવેલ.ત્યાં

પોલીસના માણસો હાજર હતા. તેમના રૂબરૂ કોઇએ કપડાં રજુ કર્યા હોય તેવું બનેલ નહી. સદર પંચસાહેદ આંક:૨૨ થી કપડાં કબજે કર્યાનું પંચનામું રજુ કરી તેમાં પંચ નં.૨ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેમજ આંક:૨૩ તથા આંક:૨૪ થી રજુ મુ.માલ આર્ટી.નં.૧ તથા ૨ માંથી નીકળેલ શર્ટ તથા પેન્ટ કે જે સીલ તોડેલ હાલતમાંથી નીકળેલ બે કાપલી રજુ કરી તે કાપલીમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે.આમ, સદર પંચસાહેદે તેમની સરતપાસમાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. જયારે, આરોપી તરફે પંચસાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**મુદામાલ કબજે કર્યાના પંચસાહેદનો પુરાવો :-**

(૧૫) સદર કામે આંક:૨૫ થી પંચસાહેદ: **સંજય દીનેશભાઇ પ્રજાપતિ (પી.ડબલ્યુ.નં.૫)**ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, આશરે બે ત્રણ વર્ષ પહેલા એલ.સી.બી. પોલીસે તેમને બોલાવેલ, તે જગ્યાએ એક ઇસમ હાજર હતો તેમજ પોલીસના બીજા માણસો હાજર હતા. પંચનામુ તેમની હજરીમાં કરવામાં આવેલું. સદર ઇસમનુ નામ તેમની રૂબરૂ પુછતા તેનુ નામ હિંમતભાઇ જણાવેલુ. પોલીસે તેની પાસેથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નહી.સદર પંચસાહેદ આંક:૨૬ થી હીંમતભાઇની અંગજડતી કર્યા અંગેનું અસલ પંચનામુ રજુ કરી તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા પંચ નં. ૧ તરીકે યાસીનભાઇ વહોરાએ તેમની હાજરીમા સહી કરેલાનું ઓળખી બતાવે છે. સદર ઇસમને તેઓએ જે તે વખતે જોયેલો પરંતુ હાલ ઘણો સમય થઇ ગયેલ હોય, તેઓ ઓળખી શકે નહી. સદર પંચસાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**<u>મરણ જનારના પિતાનો પુરાવો :-</u>**

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૭** થી સાહેદ **દલસુખભાઇ ભલાભાઇ મછાર (પી.ડબલ્યુ.નં.૬)** તેમના પુરાવા દરમ્યાન જણાવે છે કે, બનાવ આજથી ત્રણ થી ચાર વર્ષ ઉપર બનેલો.તેઓ પહેલા વડથલ, તા. મહુધા ખાતે ખેતરના કુવા ઉપર મજુરી કરવા આવેલ હતા અને ભીખાભાઇ મંગળભાઇ બારૈયા રહે. વડથલને ત્યાં મજુરી માટે રહેતા હતા. તેઓ સત્તરેક વર્ષ પહેલા વડથલ રહેતા હતા ત્યાં તેઓને સંતાનમાં એક દિકરી હતી ત્યાર બાદ <u>તેમના દિકરા અજયનો જન્મ થયેલો.</u> તેમના દિકરા <u>અજયને ભણવા માટે ભીખાભાઇ મંગળભાઇને ત્યાં મુકેલો</u> અને તેઓ લાલસર મુકામે રહેવા જતા રહેલા. તેઓ અવારનવાર વડથલ મુકામે આવતા જતા હતા ત્યારબાદ તેઓને પોલીસના માણસોએ વડથલ ગામે બોલાવેલ. તેઓને મહુધા સરકારી દવાખાનામાં બોલાવેલા ત્યાં તેમના દિકરા અજયની લાશ તેઓએ જોયેલી. આ <u>તેમના દિકરા અજયને હિંમત નામના વ્યક્તિએ મારેલ છે તેવુ તેઓને જાણવા મળેલ.</u> બનાવ બનવાનુ કારણ હિંમતભાઇ નાઓએ નગીનભાઈની દિકરી સુમીત્રા સાથે અજયને આડો સંબધ હોવાનુ આળ મુકેલુ, જેથી બનાવ બનેલો. તેમને ભીખાભાઇ મંગળભાઇ બારૈયાનાઓએ જણાવેલ કે, તમારા દિકરાને ફરવા જવાનુ કહી હીંમતભાઇ લઇ ગયેલો અને બીજા દિવસે સવારે તેઓને જાણ થયેલ કે તેમનો દિકરો અજય મરણ ગયેલ છે. પોલીસે બનાવ બાબતે તેમનું નિવેદન લીધેલું. સદર સાહેદ આરોપી હિંમતભાઇને ઓળખતા હોવાનું જણાવે છે.

(૧૬.૧) જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે,લાલસરથી વડથલ બસમાં આવવા માટે બે કલાક જેટલો સમય થાય. એ વાત ખરી છે કે પોલીસ તેઓને હોસ્પિટલમાં લઈ ગયેલી, તે <u>સમયે તેઓ પોલીસને મળેલા</u>

ત્યારબાદ પોલીસને મળવાનુ બનેલુ નહી. એ વાત ખરી છે કે,તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં પોલીસને એવુ લખાવેલ નહી કે,'' મે મારા દિકરા અજયને ભણવા માટે વડથલ મુકામે મુકેલો.'' એ વાત ખરી છે કે, **બનાવ બાબતે મને કોઈ જાત માહીતી નથી.** એ વાત ખરી છે કે આ બનાવ અગાઉ આરોપી વિરૂધ્ધ મે કે મારી પત્નિએ કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નહી. એ વાત ખરી છે કે તેમનો દિકરો વડથલ રહેતો હતો અને તેઓ લાલસર મુકામે રહેતા હોય બનાવના દિવસે તેમનો દિકરો કોની સાથે ગયેલ તેની મને કોઈ જાત માહીતી નથી.

**મરણ જનારને પોતાની સાથે રાખનાર સાહેદનો પુરાવો :-**

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૮** થી **સાહેદ : ભીખાભાઈ મંગળભાઈ બારૈયા (પી.ડબલ્યુ.નં.૭)** ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે,દલસુખભાઈ ભલાભાઈ મછાર તથા તેમની પત્નિ આજથી સત્તરેક વર્ષ પહેલા એક દિકરી લઈને આવેલ હતા અને તેમના ગામના નંદિશભાઈ પ્રવિણભાઈ પટેલના ખેતરમાં કુવા ઉપર મજુરી કરતા હતા, અને વડથલ ગામે રહેતા હતા તે દરમ્યાન બીજા સંતાનમાં છોકરાનો જન્મ થયેલ હતો, તેનુ નામ અજય ઉર્ફે ચકો રાખેલ હતું અને તે છોકરો તેમની સાથે હળી મળી જતા તેમની સાથે રહેતો હતો. દલસુખભાઈ તથા તેમની પત્નિ ગીતાબેન પોતાના વતન લાલસર ખાતે જતા રહેલ. તેમનો દિકરો અજયભાઈ તેમની પાસે મુકતા ગયેલા. વારે તહેવારે તેના માતા પિતા અમારે ગામે આવતા હતા અને અજયને મળીને જતા રહેતા હતા. છેલ્લા એકાદ વર્ષથી તેઓ વડથલ ગામે આવેલ ન હતા અને અજય તેમની સાથે રહેતો હતો અને મજુરી કામ કરતા હતા. તેઓ તેને દિકરાની જેમ રાખતા હતા. મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલના ખેતરમાં હીંમતભાઈના પિતા રહેતા

હતા. અજય ઉર્ફે ચકો અવારનવાર હિંમતની ઘરે આવજા કરતો હતો અને તેની સાથે મજુરીકામ માટે જતો હતો. હિંમતની ત્રણ ભત્રીજી હતી અને તેની જોડે રહેતી હતી. આ અજય બનાવના દિવસે હિંમત સાથે સાંજના છ સાડા છએ ગયેલો અને પાછો આવેલો નહી. ત્યારબાદ બીજા દિવસે સવારે ઈન્દુભાઈ પટેલનો છોકરો તેનુ મોટર સાયકલ લઈ તેના ખેતરમાં ગયેલો ત્યાં અજય ઉર્ફે ચકાને ત્યાં પડેલો જોયેલો, જેથી તે તેઓને જાણ કરવા આવેલો, જેથી તેઓ અને તેમનો દિકરો જગદીશ તે સ્થળ ઉપર ગયેલા. ત્યાં જઈને જોયેલ તો આ અજય ઉર્ફે ચકાને માથામાં કપાળ ઉપર લોહી નીકળેતુ હતુ તથા બોચી ઉપર લોહી નીકળતુ હતું. તે સમયે આજુબાજુના બીજા લોકો પણ ત્યાં જોવા આવી ગયેલા. ત્યારબાદ મહુધા પોલીસ સ્ટેશનથી પોલીસ સાહેબો આવી ગયેલા અને આ અજય ઉર્ફે ચકાને સરકારી દવાખાને લઈ ગયેલા. ત્યારબાદ તેઓએ આ આવેલા પોલીસ સાહેબોને આ બાબતની ફરીયાદ લખવાનુ જણાવેલુ પરંતુ તેમણે ફરીયાદ લખેલી નહી અને જણાવેલ કે તેના મા બાપને બોલાવો. ત્યારબાદ તે જ દિવસે આ અજય ઉર્ફે ચકાના માતા પિતા આવેલા અને તેઓએ ફરીયાદ લખાવેલી. પોલીસે આ બનાવ સંદર્ભે તેમની પુછપરછ કરેલી.તેઓ આ હિંમતને જોયે ઓળખતા હોવાનું જણાવી મરનાર અજય હીંમતની સાથે ગયેલ હોવાનું તથા ટીવી સ્ક્રીન પર હીંમતને બતાવવામાં આવતા તેણે જ તેમના દીકરા અજય ઉર્ફે ચકાને મારી નાખેલ હોવાનું જણાવે છે.

(૧૭.૧) જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સદર સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે,અજયના માતા પિતાનાઓ લાલસર, લુણાવાડાના રહેવાસી હતા, જે વડથલ ગામેથી ઘણું દુર છે. એ વાત ખરી છે કે, ગામમાં બધાને ખબર કે અજય તેમનો દિકરો નથી,તેઓ જે ખેતરમાં રહે છે તેની આજુબાજુ બીજા ખેતરો આવેલ

છે અને ત્યાં પણ બીજા માણસો ખેતર સાચવવા માટે રહેતા હતા. એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, સવારથી બીજા ખેતરમાં માણસો મજુરી કામ કરવા માટે આવી જતા હતા. <u>એ વાત ખરી છે કે,અજય જે ખેતરમાં પડેલો હતો તે ખેતર તેમના ખેતરથી જોઇ શકાય, સાહેદ જણાવે છે કે,</u> તે ખેતર તેમના ખેતરથી બે ખેતરવા દુર આવેલુ હતું. એ વાત ખરી છે કે, <u>જે દિવસે અજય ગયેલો તે રાત્રે તેઓએ ગામમાં કોઇ તપાસ કરેલ નહી, અજય રાત્રે ઘરે પરત ના આવતા તેને શોધવા બીજા દિવસે નીકળેલા.</u> તે સમયે પણ તેઓએ પોલીસ સ્ટેશનમાં કોઇ અરજી કરેલ નહી. એ વાત ખરી છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકિકત લખાવેલ નથી કે" આ અજય સાંજના ૬ થી ૬:૩૦ વાગ્યે હિંમત સાથે ગયેલો. " એ વાત ખરી છે કે, બનાવ સ્થળની બાજુમાં કેનાલ અને રસ્તો આવેલો છે અને આ રસ્તા ઉપર વહેલી સવારથી માણસોની અવરજવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે, ગામના લોકોને ઘણીવાર મજુરીકામ ના મળે તો બહાર પણ જવાનુ થાય. એ વાત ખરી છે કે, અજયને ગામમાં કામ મળે અને તેના કારણે બીજા લોકોને કામ ના મળે જેથી ગામના લોકોને કામ માટે બહાર જવાનુ થાય.

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૯** થી સાહેદ : **શીતલભાઇ ઇન્દુભાઇ પટેલ(પી.ડબલ્યુ.નં.૮)** નો પુરાવો રેકર્ડે રજુ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે,આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા તેઓ તેમના બીજા ખેતરમાં ગયેલ પછી તેઓને વાત મળેલ જેથી તેઓ બનાવવાળા ખેતરમાં ગયેલો. ત્યાં અજય ઉર્ફે ચકાની લાશ પડેલ હતી. તેને માથાના તથા મોઢાના ભાગે ગંભીર ઇજાઓ થયેલ હતી અને સ્થળ ઉપર મરણ ગયેલ હતો. <u>જે બાબતે ભીખાભાઇએ મહુધા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી.</u> તેમને વાતોવાતથી જાણવા મળેલ કે "ચકાને આડા સબંધ હોય જેથી

ચકાનુ ખુન થઇ ગયેલ છે." આ કામની ફરીયાદ ચકાભાઇની મમ્મી ગીતાબેન તથા તેમની સાથે ભીખાભાઇએ જઇને આપેલ આ ખુન કરનાર હિંમતભાઇ વિરૂધ્ધ આપેલ. પોલીસે તેમનો જવાબ લીધેલ. સદર સાહેદ આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

(૧૮.૧) જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર સાહેદ શીતલભાઇ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ખેતરથી મારૂ ઘર એક કી.મી. દુર થાય છે. એ વાત ખરી છે કે, બીજા ખેતરમાં ગયેલ ત્યારે બીજા માણસો મારફત જાણવા મળેલું. એ વાત ખરી છે કે, મારે તે જગ્યાએ પહોંચતા અડધો કલાક થયેલો. એ વાત ખરી છે કે, મે લાશ પડેલી જોયેલ તથા લોહી નીકળતું જોયેલુ. એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, પોલીસે તેમની પુછપરછ લાશ જોઇ તેના બીજા દિવસે એટલે કે તા.૨૮.૧૧.૨૦૨૧ ના રોજ કરેલી. એ વાત ખરી છે કે, વાતોવાતથી તેઓએ બનાવ અંગે જે જાણેલુ તે હકિકત પોલીસને તેઓએ બીજા દિવસે જણાવેલી. એ વાત ખરી છે કે બનાવ અંગે તેઓને કોઇ જાતમાહીતી નથી.

**<u>આરોપીની ભત્રીજીનો પુરાવો :-</u>**

(૧૯) ફરીયાદપક્ષે **આંક:૨૯** થી સાહેદ : સુમીત્રાબેન નગીનભાઇ રાઠોડ **(પી.ડબલ્યુ.નં.૯)** નો પુરાવો રેકર્ડે રજુ છે. સદર સાહેદ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેમના ખેતરની નજીકમાં નંદીશભાઇ પટેલના કુવે ભીખાભાઇ મંગળભાઇ બારૈયાનાઓ તેમના પરિવાર સાથે રહે છે અને તેમની સાથે ગીતાબેનનો દિકરો નાનપણથી રહે છે અને મજુરી કામ કરતો હતો. <u>બનાવના દિવસે તેમના કાકા હિંમતભાઇ તથા અજય મજુરી કામે ગયેલા.</u> તેના અને અજય વચ્ચે કોઇ પ્રેમ સંબંધ હતો નહી, તેણી છેલ્લા પાંચેક વર્ષથી અજયને રાખડી બાંધતી હતી. <u>બનાવ અંગે બીજા દિવસે ખેતર માલીક શીતલભાઇ પટેલનાઓ દ્વારા તેઓને જાણવા મળેલ કે અજય મરણ ગયેલ છે.</u> આ અજયનું મૃત્યુ

તેણીના કાકા હિંમતભાઈએ કરેલાનુ તેઓએ જાણેલુ. તે સીવાય તેણી બીજું કશું જાણતી નથી. પોલીસે બનાવ અંગે તેમનું નિવેદન લીધેલુ. સદર સાહેદ આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

(૧૯.૧) જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં એ** હકીકતનો તેણી સ્વીકાર કરે છે કે, તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકિકત લખાવેલ નથી કે "બનાવના દિવસે અજય અને મારા કાકા હિંમતભાઈ કામે ગયેલા." એ વાત ખરી છે કે બનાવ વિષે તેણીએ ગામમાંથી વાતોવાત થી જાણેલું.

**<u>જાતિનું પ્રમાણપત્ર આપનાર સાહેદનો પુરાવો :-</u>**

(૨૦) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૩૨** થી **સાહેદ શીલાબેન ભેરૂસિંહ નાયક(પી.ડબલ્યુ.નં.૧૦)** તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે,તેઓ મામલતદાર કચેરી,મોરવા (હડફ) મુકામે તા.૧૪/૩/૨૨ ના રોજ ફરજ ઉપર હાજર હતા દરમ્યાન દલસુખભાઈ મછાર,રહે.નવાગામ,તા.મોરવા, જી.પંચમહાલનાઓને જાતિઅંગેનું પ્રમાણપત્ર આપેલાનું જણાવી, **આંક:૩૩** થી **જાતિ અંગેનું પ્રમાણપત્ર** રજુ કરી તેમની મામલતદાર કચેરી તરફથી ફરીયાદી દલસુખભાઈ ભલાભાઈ મછાર, રહે. નવાગામ, તા. મોરવા (હડફ), જી. પંચમહાલનાઓને જાતી અંગેનુ પ્રમાણપત્ર ક્રમાંક ૩૧૧૩/૨૦૨૨, તા.૧૪.૦૩.૨૦૨૨ થી ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું જણાવી તેમાં પોતાની સહી તથા કચેરીનો સ્કિકો હોવાનું ઓળખી બતાવે છે. તેમજ **આંક:૩૪** થી અરજદારે આ પ્રમાણપત્ર મેળવવા માટે તેમની કચેરીમાં **અરજી, નીશાળ છોડ્યા બાબતનો દાખલો (કુલ પેજ-૦૩)**રજુ કરેલાનું જણાવી ગયા છે. સદર સાહેદ **આંક:૩૫** થી નોંધણી થયેલ **રજીસ્ટરના અનુ. નં.૯૮/૨૦૨૨** થી હાલનુ પ્રમાણપત્ર ઈસ્યુ થયેલાનું જણાવી તેની ખરી નકલ રજુ કરી ગયા છે.

(૨૦.૧) જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, જાતીનો દાખલો તેઓએ ઇસ્યુ કરેલો છે. એ વાત ખરી છે કે,જાતીનો દાખલો તા. ૧૪.૦૩.૨૦૨૨ ના રોજ ઇસ્યુ થયેલ છે. એ વાત ખરી છે કે, જાતીનું પ્રમાણપત્ર મેળવવાની અરજીમાં આગળની તરફ સહી કરેલ છે, પાછળની સાઈડ કચેરીના ઉપયોગ માટે ત્યાં કોઇ જગ્યાએ તકેદારી અધિકારી આદીજાતી વિકાસમાં કોઇની સહી કરવામાં આવેલ નથી.

**લાશનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો :-**

(૨૧) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૩૬** થી તપાસાયેલ **મેડીકલ ઓફીસર ડો.વિકાસ વિઠૃલભાઇ પટેલ(પી.ડબલ્યુ.નં.૧૧)** તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ તેઓ સી.એચ.સી. મહુધા મુકામે તેમની ફરજ પર હાજર હતા દરમ્યાન મહુધા નગરપાલીકાની એમ્બ્યુલન્સમાં પો.કો. દશરથભાઇ,બ.નં.૨૨૦ નાઓ એક મૃત વ્યકિતના પી.એમ. માટે બપોરે ૧૨:૦૦ વાગે આવેલા. મરણ જનારનું નામ અજય દલસુખભાઇ મછાર,ઉ.વ.૧૫ વર્ષ ૬ માસ, રહે.હાલ :વડથલ,જી.ખેડા, મુળ વતન લાલસર ચોકડી, તા.બાલાસીનોર, જી.મહીસાગરના હતા. સદર મેડીકલ ઓફીસરશ્રી **આંક:૩૭** થી **મરણ જનાર અજય દલસુખભાઇ મછારના અસલ કેસ પેપર્સ** રજુ કરી ગયા છે. સદર મેડીકલ ઓફીસર વધુમાં જણાવે છે કે, તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ બપોરે કલાક ૧૬:૧૫ વાગે તેઓએ તથા તેમની સાથેના પેનલ ડો.સંજય રાવલ, મેડીકલ ઓફીસરશ્રી,નાની ખડોલ નાઓએ મરનારનું પી.એમ. શરૂ કરી કલાક ૧૮:૧૫ વાગે પુર્ણ કરેલાનું જણાવી આંક:૩૮ થી મરણ જનારનું પી.એમ. કરવા માટે મહુધા પો.સ્ટે.ના પી.આઇ.એ આપેલ લેખીત યાદી રજુ કરી ગયા છે. સદર મેડીકલ

ઓફીસરશ્રી તેઓએ મરણ જનારની લાશનું બાહ્ય પરીક્ષણ કરેલ તેમજ લાશના માથાના ઉપરના ભાગે પાંચ ઈજાઓ જણાવેલ છે અને મરણ જનારની તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી અને પી.એમ. દરમ્યાન મરણ જનારના લાશ પરથી લીધેલ નમુના એફ.એસ.એલ. માં મોકલવા હાજર પોલીસને સીલ કરીને આપેલા. જેમાં (૧) આખી હોજરી તથા નાના આંતરડાનો પહેલો ભાગ, (૨) લીવર તથા બરોળના ટુકડા, (૩) આશરે ૨ કે ૩ એમ.એલ. જેટલુ લોહી. મરનારને થયેલ ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં કોઈ પણ વ્યક્તિનુ મૃત્યુ નીપજાવવા માટે પુરતી હતી. તેઓએ તથા તેમની સાથેના પેનલ ડોક્ટર સંજય રાવલ નાઓએ મરણ જનારની લાશનુ પી.એમ. કર્યા બાદ એવા સંભવીત કારણ ઉપર આવેલ મરણ જનારનુ મૃત્યુ માથાના ભાગે સખત ઈજા તેમજ લોહી વહી જવાના કારણે થયેલ (હેમરેજીક શોક). મરનારને થયેલ ઈજાઓ ધારદાર હથીયારથી થઈ શકે તેવી હતી.સદર મેડીકલ ઓફીસર **આંક:૩૯** થી **પી.એમ.નોટ** રજુ કરી તેમાં તેમની તથા પેનલ ડોક્ટર સંજય રાવલ નાઓના હસ્તાક્ષરમાં હોવાનું અને પી.એમ. ના અંત ભાગે તેમની તથા ડોક્ટર સંજય રાવલ, પી.એચ.સી. નાની ખડોલ નાઓની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેમજ **આંક:૪૦** થી **કોઝ ઓફ ડેથનું સર્ટી.** રજુ કરી તેમાં તેમજ પેનલ ડોક્ટર સંજય રાવલનાઓના હસ્તાક્ષરમાં છે તેના અંત ભાગે મેડીકલ ઓફીસર તરીકે પોતાની તથા ડો. સંજય રાવલ, પી.એચ.સી. નાની ખડોલનાઓની સહી હોવાનું ઓળખી બતાવે છે.

**(૨૧.૧)** જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર મેડીકલ ઓફીસરશ્રી એ વાતનો સ્વીકાર કરે છે કે,તેઓએ અગાઉ પણ ઘણા બધા પી.એમ. કરેલા છે, લાશ મળ્યા પછી બને તેટલી વહેલી તકે પી.એમ કરવુ જોઈએ. એ વાત ખરી છે કે, ડેડ બોડી

મળ્યા બાદ આશરે સવા ચાર કલાક બાદ પી.એમ. કરવામાં આવેલું. એ વાત ખરી છે કે, પી.એમ. તેઓએ તા. ૨૭.૧૧.૨૦૨૧ ના રોજ પુરૂ કરેલું જ્યારે પી.એમ. નોટમાં સહી તા.૨૯.૧૧.૨૦૨૧ નારોજ કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, જે કોઝ ઓફ ડેથનુ સર્ટી. આપ્યુ તે પ્રોવીઝનલ કોઝ ઓફ ડેથનું સર્ટી. છે. એ વાત ખરી છે કે કોલમ નં. ૧૭ માં જણાવેલ ઈજાઓમાં આજુબાજુની ચામડીમાં ફેરફાર જોવા મળી શકે તેમજ થોડા સમય બાદ તેના કલરમાં પણ ફેરફાર જોવા મળેલ. એ વાત ખરી છે કે, ઈજાના દેખાવ ઉપરથી તે ઈજા એન્ટી મોર્ટમ છે કે પોસ્ટ મોર્ટમ તે નક્કી થઈ શકે. એ વાત ખરી છે કે આ ઈજા એન્ટી મોર્ટમ હતી કે પોસ્ટ મોર્ટમ હતી તે કોલમ નં. ૧૭ માં જે થયેલ ઈજાઓ છે તે પી.એમ. નોટના કોલમ નં. ૧૭ માં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, ફ્રેકચરના અલગ અલગ પ્રકાર હોય છે, તેમની પી.એમ. નોટમાં કયા પ્રકારનુ ફ્રેકચર હતુ તે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, પી.એમ. નોટમાં ફ્રેકચરનુ માપ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, હેમેટોમાં જે દર્શાવેલ છે તેના અલગ અલગ પ્રકાર હોય છે, ચોક્કસ કયુ હેમેટોમાં હતુ તે પી.એમ. રીપોર્ટમાં દર્શાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓએ ફાઈનલ કોઝ ઓફ ડેથ અંગે કોઈ રીપોર્ટ કરેલ નથી.

**નાયબ મામલતદાર, મહુધાનો પુરાવો :-**

**(૨૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે આંક:૪૧ થી નાયબ મામલતદાર: ભાર્ગવ જગદીશચંદ્ર ઠાકર **(પી.ડબલ્યુ.નં.૧૨)** ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તા.૨૭.૧૧.૨૦૨૧ નારોજ નાયબ મામલતદાર મહુધા ખાતે તેમની ફરજ ઉપર હાજર હતા દરમ્યાન મહુધા પોલીસ સ્ટેશન તરફથી ઈન્કવેસ્ટ ભરવા માટે યાદી આપવામાં આવેલી. જેથી મરણ જનારની લાશ ઉપર ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોય

તેઓએ બે સક્ષમ પંચોને હાજર રાખી પંચોએ સ્વખુશી દર્શાવતા તેઓ વડથલ ગામની સીમમાં ઇન્દુભાઇ મોતીભાઇ પટેલના સર્વે નં. ૬૭૧ વાળા ખેતરમાં ગયેલા ત્યાં ફરિયાદીના સાહેદ ભીખાભાઇ મંગળભાઇ બારૈયાની <u>હાજરીમાં આંક:૨૦ વાળું</u> ઇન્કવેસ્ટ પંચનામું કરેલાનું જણાવી ગયા છે.સદર લાશ ઉપરથી તેમની હાજરીમાં કોઇ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ નથી. જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં બચાવપક્ષ કોઇ મહત્વની હકીકત કઢાવવામાં સફળ થયેલ નથી.

**<u>ગુનાવાળી જગ્યાનો નકશો બનાવનાર સાહેદનો પુરાવો :-</u>**

(૨૩) ફરીયાદપક્ષે **આંક:૪૨** થી તપાસાયેલ સાહેદ **કનુભાઇ નાથાભાઇ રાઠોડ, (પી.ડબલ્યુ.નં.૧૩)** વિસ્તરણ અધીકારી, તાલુકા પંચાયત,મહુધા નાઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તા.૧૪/૧૨/૨૧ ના રોજ વિસ્તરણ અધીકારી તરીકે ફરજ પર હાજર હતા દરમ્યાન તેઓને ના.પો.અધી.,નડીઆદ તરફથી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે યાદી મળેલાનું જણાવી ગયા છે. સદર યાદીના આધારે તેઓએ મહુધા તાલુકાના વડથલ ગામની સીમમાં ઇન્દુભાઇ મોતીભાઇ પટેલના ખેતરમાં બનાવવાળી જગ્યા આવેલ હોય તે જગ્યાનો નકશો તેઓએ તૈયાર કરેલાનું જણાવી, સદર વિસ્તરણ અધીકારી **આંક:૪૪** થી તેઓએ **ના.પો.અધી., નડીઆદને લખેલ પત્ર** તથા **આંક:૪૫** થી તેઓએ **ગુનાવાળી જગ્યાનો કરેલ નકશો તથા પંચકયાસ** રજુ કરી તે નકશામાં પંચોની તથા પોતાની સહી તથા હોદ્દાનો સિક્કો હોવાનું ઓળખી બતાવે છે. તેથી વિશેષ કોઇ મહત્વની હકીકત તેઓ તેમની સરતપાસમાં જણાવતા નથી.

(૨૩.૧) જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, યાદીની સાથે તેમને ગુનાવાળી

જગ્યાનું પંચનામુ પણ મળેલું. એ વાત ખરી છે કે, નકશો કઈ તારીખે બનાવ્યો તે નક્શામાં ઉલ્લેખ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,પંચક્યાસમાં નક્શો બનાવ્યાની તારીખ જણાવેલ છે. એ વાત ખરી છે કે, નક્શામાં પંચોની સહી નથી.

**મરણ જનારના કપડાં કબજે લેનાર પોલીસ સાહેદનો પુરાવો :-**

(૨૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૬** થી તપાસાયેલ સાહેદ : **પ્રહલાદભાઈ રમેશભાઈ રાઠોડ (પી.ડબલ્યુ.નં.૧૪)** તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તા.૨૭/૧૧/૨૧ ના રોજ પી.એસ.ઓ. મહુધા તરીકે પોતાની ફરજ પર હાજ હતા તે દરમ્યાન તેઓએ મરણ જનાર અજયભાઈ ઉર્ફે ચકાની લાશ ઉપરથી કપડાં પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે લીધેલાનું જણાવી ગયા છે તેમજ તે બંને કપડાં ઉપર લોહીના ડાઘ જણાઈ આવેલ તેમજમુ.માલ આર્ટી.નં.૧,૨ તેઓએ પંચનામાની વિગતે પંચોની હાજરીમાં તપાસ અર્થે કબજે લીધેલ તથા **આંક:૨૨** વાળા **પંચનામા** તેમજ **આંક:૨૩,૨૪ વાળી પંચસ્લીપો**માં પોતાની તથા પંચોની સહી હોવાનું ઓળખી બતાવે છે.

(૨૪.૧) જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે,અ.પો.કો વિજયસિંહ વખતસિંહે મરણ જનારના કપડાં રજૂ કરતી વખતે કોઈ યાદી આપેલ નહી. એ વાત ખરી છે કે, જે કપડાં રજૂ થયા તે કપડાં સીલબંધ હાલતમાં ન હતા.

**આરોપીની શરીર સ્થીતીનું પંચનામું કરનાર પોલીસ સાહેદનો પુરાવો:-**

(૨૫) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૭** થી તપાસાયેલ પોલીસ સાહેદ **જયદીપસીંહ ઉદેસીંહ ગઢવી (પી.ડબલ્યુ.નં.૧૫)** તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેઓ એલ.સી.બી.ખેડા-નડીઆદ મુકામે હેડ કોન્સટેબલ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે નાસતા ફરતા આરોપીની યાદીમાં હિંમતભાઈ ઉર્ફે વીક્રમ ઉર્ફે હેમંત પ્રભાતસિંહ રાઠોડનુ નામ હોય અને તેઓ મહુધા પો.સ્ટે. ના

ઇ.પી.કો કલમ – ૩૦૨ સાથે એટ્રોસીટી એક્ટના ગુના સબંધેનો આરોપી નાસતો ફરતો હોય જેને પકડવા માટે તેઓ તેમની ટીમ સાથે રાજસ્થાનથી પકડીને લાવેલ જે સદરહુ આરોપીને પકડીને લાવેલા તે સબંધેનુ પંચનામુ કરવાનુ હોય એલ.સી.બી. ઓફીસે બે પંચો યાસીનભાઇ વ્હોરા તથા સંજયભાઇ પ્રજાપતીનાઓને એલ.સી.બી. ઓફીસ નડીઆદ ખાતે હાજર રાખી પંચો રૂબરૂ પંચનામુ કરેલ જેમાં આરોપીની શરીર સ્થીતીનુ તેમજ તેની અંગ જડતીમાંથી એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કબજે કરેલો જેનો આઇ.એમ.ઇ.આઇ. નં. ૩૫૫૬૯૦૧૧૩૦૨૩ ૩૦૩૯ હતો, જે સીમ કાર્ડ સાથેનો હતો જેનો નંબર ૯૨૧૬૫ ૩૨૨૫૯ હતો. સદર આરોપીને ગુના બાબતે પુછતા તેણે મરણ જનારને માથાના ભાગે ઈજા કરી મોત નિપજાવેલ છે. સદર પોલીસ સાહેદને આંક:૨૬ વાળું પંચનામું બતાવવામાં આવતા તેઓએ પંચો રૂબરૂ કરેલુ તે જ પંચનામુ હોવાનું જણાવી તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેમજ સદર પોલીસ સાહેદ આરોપીને પણ ઓળખતા હોવાનું જણાવી ગયા છે.

(૨૫.૧) જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર પોલીસ સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે,ગુના અંગેની ફરીયાદ સને ૨૦૨૧ માં નોધાયેલી. જયારે, આરોપીની ઘરપકડ સને:૨૦૨૪ માં કરવામાં આવેલી. <u>એ વાત ખરી છે કે,આરોપીની કોઈ ઓળખ પરેડ આ પંચનામા દરમ્યાન કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી</u>. એ વાત ખરી છે કે, ફરીયાદ મહુધા પોલીસ સ્ટેશનની હતી. એ વાત ખરી છે કે, આરોપીને રાજસ્થાનમાં પકડેલ ત્યાં આગળ કોઇ પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. સાહેદ જણાવે છે કે, સંબંધીત પોલીસ સ્ટેશનમાં યાદી આપેલી.

**<u>ચાર્જશીટ દાખલ કરનાર પોલીસ અમલદારનો પુરાવો :–</u>**

(૨૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૯** થી **ત.ક.અમલદાર : વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકી**ને સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તા.૨૧/૬/૨૦૨૪ ના રોજ કપડવંજ ડીવીઝનમાં ઇ/ચા. ના.પો.અધીક્ષક તરીકે ફરજ ઉપર હતા ત્યારે સદર ગુનાની તપાસ તેઓને મળતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. તેઓએ આ કામે આરોપીનો કબજો મેળવી ચહેરા નીશાન પત્રક રીપોર્ટ વંચાણે લીધો. બાદ આરોપીનું નીવેદન લીધેલ અને તા.૨૧/૬/૨૪ ના રોજ આરોપીને અટક કરેલ. આરોપીનું બ્લડ સેમ્પલ લેવડાવી અને એફ.એસ.એલ. ખાતે જરૂરી રીપોર્ટ માટે મોકલી આપેલ. સદર ગુના કામે ઇ.પી.કો.ક.૨૦૧ મુજબનો ગુનો બનતો હોવાથી કલમનો ઉમેરો કરવા નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલાનું તથા અગાઉના ત.ક. અધીકારીએ કરેલ તપાસના પેપર્સ સાથે ચાર્જશીટ કરેલાનું તેમજ આરોપીને ઓળખતા હોવાનું જણાવે છે.

(૨૬.૧) જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સદર ત.ક.અમલદાર એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ આરોપીને પકડેલ ની તથા આ કામે તેઓએ માત્ર ચાર્જશીટ કર્યા સીવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી.

**<u>ગુનાની તપાસ કરનાર પ્રથમ પોલીસ અમલદારનો પુરાવો :–</u>**

(૨૭) ફરીયાદપક્ષે **આંક:૫૦** થી પોલીસ સાહેદ **અશોકભાઇ વાલજીભાઇ પરમાર (પી.ડબલ્યુ.નં.૧૭)** ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમના પુરાવા દરમ્યાન જણાવે છે કે, તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની <u>આંક:૧૩</u> વાળી <u>ફરીયાદ</u> કોમ્પ્યુટરમાં લખી લઇ તેની પ્રીન્ટ ફરીયાદીને વાંચી સંભળાવતા ફરીયાદીએ તેમના જમણા હાથના અંગુઠાનું નીશાન કરેલ. સદર ફરીયાદ લીધા બાદ ગુનો રજીસ્ટર્ડ કરી સ્ટેશન ડાયરીના પાન

નં.૮૯,અનુ.નં.૧૧ થી ગુનો નોંધેલાનું જણાવી આંક:૫૧ થી સ્ટેશન ડાયરીની ખરી નકલ રજુ કરી ગયા છે.ત્યારબાદ ગુનાવાળી જગ્યાએ જઈ **આંક:૧૭** વાળું **ગુનાવાળી જગ્યાનું પંચનામું** પંચોની હાજરીમાં પંચનામું કરેલ તેમજ સદર ગુનો એટ્રોસીટી એકટ હેઠળનો હોય આગળની તપાસ એસ.સી.એસ.ટી.સેલ ખેડા-નડીઆદ નાઓ તરફ મોકલી આપેલી.

(૨૭.૧) જયારે,સદર સાહેદ બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ અંગેની જાણ પહેલી વહેલી તેઓને સવારના ૮:૩૦ વાગ્યે થયેલી અને તે બાદ બનાવ સ્થળે ગયેલો.એ વાત ખરી છે કે, બનાવ સ્થળ ઉપર જઈ પ્રાથમીક તપાસ કરેલી, પ્રાથમીક તપાસમાં ગુનો બન્યાનું જણાય તો ફરીયાદ નોંધવી પડે. એ વાત ખરી છે કે, સ્થળ ઉપર તેઓએ કોઈ ફરીયાદ લીધેલી નહી. એ વાત ખરી છે કે, સ્થળ ઉપર ભીખાભાઈ મંગળભાઈ બારૈયા કે ગામના કોઈ વ્યક્તિ દ્વારા ફરીયાદ આપવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે, ફરીયાદ તેઓએ ૧૨:૦૦ વાગ્યે નોંધેલ. એ વાત ખરી છે કે, ફરીયાદી ગીતાબેનનાઓ બનાવ સ્થળથી ઘણા દુર રહેતા હતા. એ વાત ખરી છે કે,તેઓ સમક્ષ જાતી અંગેનુ કોઈ પ્રમાણપત્ર રજુ થયેલ નહી, સાહેદ જણાવે છે કે સ્કુલ લીવીંગ સર્ટી. રજુ કરેલું. એ વાત ખરી છે કે ફરીયાદી સાથે વડથલ ગામના લોકો પણ આવેલા. એ વાત ખરી નથી કે ફરીયાદ ફરીયાદીની સાથે આવેલા ગામના લોકોના લખાવ્યા મુજબ લખેલી. સાહેદ જણાવે છે કે ફરિયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખેલી.

**ગુનાની તપાસ કરનાર બીજા પોલીસ અમલદારનો પુરાવો :-**

(૨૮) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક:૫૨ થી ત.ક.અમલદાર કીર્તીકુમાર ગોકળદાસ પટેલ(પી.ડબલ્યુ.નં.૧૮) નો પુરાવો રેકર્ડે આવેલ છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસ દરમ્યાન પોતે

કરેલ તપાસનો ચિતાર સરતપાસ સ્વરૂપે વર્ણવી ગયેલ છે અને જણાવે છે કે, તા.૨૮/૧૧/૨૦૨૧ ના રોજ તેઓ એસ.સી.એસ.ટ.સેલ, નડીઆદ ખાતે ડી.વાય.એસ.પી. તરીકે ફરજ પર હાજર હતા. તે દરમ્યાન સદર ગુનાની તપાસ મળતા તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા, મુ.માલ તથા મેડીકલ ઓફીસરે પી.એમ. વખતે મરનારના લીધેલ વિશેરા એફ.એસ.એલ. માં મોકલવાની તજવીજ કરેલી તથા ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે ટી.ડી.ઓ. મહુધાને યાદી કરેલ. ત્યારબાદ આરોપી મળી ના આવતા કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવેલ અને ત્યારબાદ પણ આરોપી મળી ન આવતા વર્ગ-અ સમરી ભરેલી. સદર ત.ક.અમલદાર આંક:પ૩ થી લાશ સોંપ્યાની પહોંચ, આંક:પ૪ થી સી.ડી.આર. ફોર્મ રજુ કરી ગયા છે. તેમજ આંક:પપ થી કલેકટરશ્રીના જાહેરનામાની નકલ જે તેઓને તપાસ દરમ્યાન મળેલાનું જણાવી રજુ કરેલ છે તેમજ આક:પ૬ થી પ૯ સુધી એફ.એસ.એલ. પહોંચ, એફ.એસ.એલ. પત્ર, એફ.એસ.એલ. અહેવાલ,રવાનગી નોંધ તેઓને તપાસ દરમ્યાન મળેલાનું જણાવી રજુ કરી ગયા છે. વધુમાં સદર ત.ક.અમલદાર આંક:૬૦ થી ૬૮ સુધી તા.૧૪.૧૨.૨૦૨૧ નારોજ આવેલ F.S.L. પહોંચ , F.S.L. પત્ર, F.S.L. અહેવાલ, સીસોલોજી અહેવાલ, ફીંગર પ્રિન્ટ અહેવાલ, રવાનગી નોંધ, F.S.L. પહોંચ, F.S.L.પત્ર, તથા F.S.L. અહેવાલ તેઓને તપાસ દરમ્યાન મળેલ તે તે જ હોવાનું જણાવી રજુ કરી ગયા છે. ત્યારબાદ આગળની તપાસ ડી.વાય.એસ.પી. વી.એમ.સોલંકી તરફ મોકલી આપેલાનું જણાવી ગયા છે.

(૨૮.૧) જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટતપાસમાં** સદર ત.ક.અમલદાર જણાવે છે કે, તેમને તપાસ તા.૨૮/૧૧/૨૦૨૧ ના રોજ મળેલી અને તા.૧૮/૧/૨૦૨૨ ના રોજ ફાઇનલ વર્ગ-અ

પડત ભરેલું અને જે મંજુર થવા નામ. કોર્ટમાં મોકલી આપેલ ત્યારબાદ તા. ૧૧.૦૩.૨૦૨૩ ના રોજ મંજુરી આવતા આરોપીને પકડવા સારૂ આગળની તપાસ કરવા સારૂ પોલીસ સ્ટેશન રાખવા માટે મોકલી આપેલ. એ વાત તેમના ધ્યાનમાં નથી કે હાલની ફરીયાદ અગાઉ આ બનાવ સંદર્ભે કોઇ જાણવા જોગ થયેલ કે કેમ. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન ફરીયાદીનું કોઇ વધારાનુ નિવેદન લીધેલુ હોય અને ફરીયાદીએ તેમાં કોઇ જાતી અંગેનુ પ્રમાણપત્ર મારી રૂબરૂ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે, પાછળથી જાતી અંગેનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે. એ વાત ખરી છે કે પંચનામાથી પણ જાતી અંગેનુ પ્રમાણપત્ર અમારા રૂબરૂ રજુ થયેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદી મુ. લાલસર, તા. મહીસાગર ખાતે રહેતા હતા. એ વાત ખરી છે કે તેમની જાણમાં નથી કે મરણ જનારે કે તેના માતા પિતાએ હાલની ફરીયાદ અગાઉ હાલના આરોપી સામે કોઇ ફરિયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, જે ખેતરમાં લાશ પડેલી તે ખેતરના માલીકના પોલીસ રૂબરૂના નિવેદનથી પણ તેણે બનાવ નજરે જોયેલ હોય તેવુ ફલીત થયેલ નથી. એ વાત હાલ તેમને યાદ નથી કે, તેમની તપાસ દરમ્યાન ડોક્ટરશ્રી પાસેથી ફાઇનલ કોઝ ઓફ ડેથ અંગે માહીતી મેળવેલ કે કેમ. એ વાત ખરી છે કે, આ કામે તેઓએ કોઇ ઇ.પી.કો કલમ ૨૦૧ નો ઉમેરો કરવા કોઇ રીપોર્ટ કરેલ નથી. એ વાત ખરી છે કે,તેમની તપાસમાં એવી હકીકત ખુલેલ કે, આરોપી મોબાઇલ રાખતો નથી.

આ સિવાય ફરીયાદપક્ષ ધ્વારા વધુ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

**-:: મુલ્યાંકન ::-**

**:: મુદ્દા નંબર - ૧ ની ચર્ચા ::**

ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો પોતાનો હાલનો કેસ પુરવાર કરવા માટે કુલ–૧૮ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેમજ કુલ–૩૩ દસ્તાવેજી આધાર રજુ કરેલ છે.આ કામના આરોપી સામે ઘડવામાં આવેલ તહોમતનામામાં જણાવ્યા મુજબ આક્ષેપો ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ,તેનો નિર્ણય કરવા માટે સૌ પ્રથમ મરણજનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઇ મછારનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહી પરંતુ સાપરાધ મનુષ્ય વધ હતો તે હકીકત પુરવાર કરવી પડે.

ઉપરોકત,હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતા અજય ઉર્ફે ચકો દલસુખભાઇ મછારની લાશનું પી.એમ. કરનાર પેનલના ડોકટર પૈકીના ડોકટર–વિકાસ વિઠ્ઠલભાઇ પટેલને આંક–૩૬ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,<u>તા.૨૭/૧૧/૨૦૨૧</u> ના રોજ તેઓ સી.એચ.સી. મહુધા મુકામે તેમની ફરજ પર હાજર હતા દરમ્યાન મહુધા નગરપાલીકાની એમ્બ્યુલન્સમાં પો.કો. દશરથભાઇ,બ.નં.૨૨૦ નાઓ એક મૃત વ્યકિતના પી.એમ. માટે <u>બપોરે ૧૨:૦૦ વાગે આવેલા.</u> મરણ જનારનું નામ અજય દલસુખભાઇ મછાર,ઉ.વ.૧૫ વર્ષ ૬ માસ, રહે.હાલ :વડથલ,જી.ખેડા, મુળ વતન લાલસર ચોકડી, તા.બાલાસીનોર, જી.મહીસાગરના હતા. સદર મેડીકલ ઓફીસરશ્રી **આંક:૩૭** થી **મરણ જનાર અજય દલસુખભાઈ મછારના અસલ કેસ પેપર્સ** રજુ કરી ગયા છે. સદર મેડીકલ ઓફીસર વધુમાં જણાવે છે કે, <u>તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ બપોરે કલાક ૧૬:૧૫ વાગે તેઓએ તથા તેમની સાથેના</u> પેનલ ડો.સંજય રાવલ, મેડીકલ ઓફીસરશ્રી,નાની ખડોલ નાઓએ મરનારનું પી.એમ. શરૂ કરી કલાક ૧૮:૧૫ વાગે પુર્ણ કરેલાનું જણાવી <u>આંક:૩૮</u> થી મરણ જનારનું પી.એમ. કરવા માટે મહુધા પો.સ્ટે.ના પી.આઇ.એ

આપેલ લેખીત યાદી રજુ કરી ગયા છે. સદર મેડીકલ ઓફીસરશ્રી તેઓએ મરણ જનારની લાશનું બાહય પરીક્ષણ કરેલ તેમજ લાશના માથાના ઉપરના ભાગે પાંચ ઈજાઓ જણાવેલ છે અને મરણ જનારની તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી અને પી.એમ. દરમ્યાન મરણ જનારના લાશ પરથી લીધેલ નમુના એફ.એસ.એલ. માં મોકલવા હાજર પોલીસને સીલ કરીને આપેલા. જેમાં (૧) આખી હોજરી તથા નાના આંતરડાનો પહેલો ભાગ, (૨) લીવર તથા બરોળના ટુકડા, (૩) આશરે ૨ કે ૩ એમ.એલ. જેટલુ લોહી. મરનારને થયેલ ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં કોઈ પણ વ્યક્તિનુ મૃત્યુ નીપજાવવા માટે પુરતી હતી. તેઓએ તથા તેમની સાથેના પેનલ ડોક્ટર સંજય રાવલ નાઓએ મરણ જનારની લાશનુ પી.એમ. કર્યા બાદ એવા સંભવીત કારણ ઉપર આવેલ મરણ જનારનુ મૃત્યુ માથાના ભાગે સખત ઈજા તેમજ લોહી વહી જવાના કારણે થયેલ (હેમરેજીક શોક). મરનારને થયેલ ઈજાઓ ધારદાર હથીયારથી થઇ શકે તેવી હતી તેમજ તેમણે આંક–૩૯ થી પી.એમ. નોટ તથા આંક–૪૦ થી કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટ રજુ કરેલ છે.

જયારે બચાવ પક્ષ તરફે સદરહું ડોકટરની થયેલી ઉલટતપાસ જોવામાં આવે તો,મહદઅંશે ડોકટર સાહેદે સરતપાસમાં જણાવેલ મરણ જનારની લાશનું પી.એમ.કર્યાની હકીકત સબંધે પોતાની સરતપાસની હકીકતને વળગી રહેલ છે.આમ, પી.એમ.કરનાર ડોકટરશ્રીનો પુરાવો તેમજ આંક–૩૯ થી રજુ થયેલ પી.એમ.રીપોર્ટ વંચાણે લેતા મરણજનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઈ મછારનુ મૃત્યુ માથાના ભાગે સખત ઈજા તેમજ લોહી વહી જવાના કારણે થયેલ (હેમરેજીક શોક) ના કારણે થયેલ હોવાનું જણાય આવે છે.જેથી મરણજનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઇ મછારનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહીં પરંતુ શાપરાધ

મનુષ્યવધ હતુ તેવુ માનવાને કારણ રહે છે.જેથી મુદા નં.૧ નો જવાબ " **હકારમાં**" આપવો ન્યાયોચિત માનુ છું.

**–:: મુદા નં.૨ ની ચર્ચા–::**

(૨૯) આમ, ઉપરોકત સમગ્ર હકીકત તેમજ હાલના બનાવમાં આરોપી ઉપર આક્ષેપિત ગુનાની જોગવાઇ અને તે અંગેનો ગુનો જોતા,ફરીયાદપક્ષે તપાસાયેલ ઉપરોકત ફરીયાદી તથા સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાની જોતા, ફરીયાદપક્ષે આરોપી સામેનો પોતાનો હાલનો કેસ પુરવાર કરવા માટે કુલ–અઢાર(૧૮) સાહેદોને સોગંદ પર તપાસેલા છે. તેમજ કુલ–૩૬(છત્રીસ) દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. આરોપી સામેના ઘડવામાં આવેલ તહોમતનામા મુજબનો આક્ષેપ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવા માટે એવું પુરવાર કરવું પડે કે, બનાવ સમયે,સ્થળે અને તારીખે આ કામના મરણ જનાર અજયભાઇ ઉર્ફે ચકાનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહી પરંતુ **સાપરાધ મનુષ્ય વધ હતું** તેમજ આ કામે કહેવાતો બનાવ બન્યા તારીખના ચારેક માસ અગાઉ આરોપીએ પોતાની ભત્રીજી સુમિત્રાબેન સાથે મરનારને આડા સંબંધ રાખવા બાબતે શક વહેમ રાખી ઝઘડો કરી કાસળ કાઢી નાંખવાની ધમકી આપેલ. ત્યારબાદ બનાવના દીવસે કોઇપણ સમયે મોજે : વડથલ ગામની સીમમાં ઇન્દુભાઇ મોતીભાઈ પટેલના ખેતરમાં લઇ જઇ પોતાની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતનો શક વહેમ રાખી, મરણ જનાર અજયભાઈ ઉર્ફે ચકાના માથાના પાછળના ભાગે તથા મોઢાના કપાળના ભાગે તથા ડાબી આંખના ભાગે મારક હથિયારથી માર મારી, ગંભીર ઈજા પહોંચાડી, સ્થળ ઉપર મોત નીપજાવેલ , તે હકીકત પુરવાર કરવી પડે. આ સંદર્ભે હાલના આરોપી પર આક્ષેપિત કલમોની જોગવાઇઓ જોતા, મરણ

જનારને થયેલ ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હતી કે કેમ તે જોતા ઈ.પી.કોડ કલમ– ૨૯૯, ૩૦૦, ૩૦૨ ના પ્રબંધો અને તત્વો ધ્યાને લેવા જરૂરી બને.

**ઈ.પી.કો કલમ : ૨૯૯ – સાપરાધ મનુષ્યવધ :**

કોઈ પણ વ્યક્તિ,મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા તે–થી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજા પહોંચાડવા–ના ઈરાદાથી અથવા પોતાના તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તે સાપરાધ મનુષ્યવધનો ગુન્હો કરે છે .

**કલમ : ૩૦૦ ખૂન :** હવે પછી અત્રે દર્શાવેલ અપવાદોના કિસ્સા સિવાય સાપરાધ મનુષ્યવધ તે ખૂન છે .

**પહેલું :** જો,જેથી મૃત્યુ નિપજ્યું હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યું હોય,અથવા

**બીજું :** જો ગુન્હેગારને એવું જ્ઞાન હોય કે જે વ્યક્તિને શારીરિક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે અને તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય, અથવા

**ત્રીજું :** જો,કોઈ વ્યક્તિને શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય અને શારીરિક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હોય,અથવા

**ચોથું :** જો,કૃત્ય કરનાર વ્યક્તિને જ્ઞાન હોય કે તે એવું તત્કાલીન ભયજનક છે કે તમામ શક્યતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાથી મૃત્યુ નિપજવાની પૂરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરથી ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવાનો કોઈ જ કારણ વગર તે કૃત્ય કર્યું હોય,

**કલમ ૩૦૨ – ખૂન માટે સજા :**

કોઈપણ વ્યક્તિ,ખૂન કરે તેને દેહાન્તદંડ અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર થશે.

## કલમ–૨૦૧ :– ગુનાના પુરાવા નષ્ટ કરવા અથવા ગુનેગારને બચાવવા ખોટી માહિતી આપવી

જે કોઈ વ્યક્તિને ખબર હોય અથવા માનવાનું કારણ હોય કે કોઈ ગુનો થયો છે, અને તે ગુનાના પુરાવા નષ્ટ કરે, છુપાવે અથવા ગુનેગારને કાનૂની સજાથી બચાવવાના હેતુથી ખોટી માહિતી આપે, તો તે આઈ.પી.સી.ની કલમ–૨૦૧ હેઠળ દોષિત ગણાય છે.

**<u>એટ્રોસીટી એકટની કલમ–૩ :–</u>**

(૨) અનુસૂચિત જાતી અથવા અનુસૂચિત જનજાતિના કોઇ સભ્યને મૃત્યુ દંડની સજાને પાત્ર ન હોય પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની સજાને પાત્ર હોય તેવા ગુના બદલ દોષિત ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને ખોટો પુરાવો આપે અથવા ઉભો કરે તેને છ મહીના કરતાં ઓછી નહી તેટલી પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

(૫–અ) કોઇ વ્યકિત અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતતિનો સભ્ય છે અથવા તેવી મિલકત તે સભ્યની છે તેવુ જાણવા છતાં પણ તેવી વ્યકિત અથવા તે મિલકત વિરુધ્ધ અનુસૂચિમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરે તો તે વ્યકિત તેવા ગુના માટે ઈન્ડીયન પીનલ કોડમાં દર્શાવેલ સજાને પાત્ર અને દંડને પાત્ર પણ ઠરશે.

**(૨૯.૧)** આમ,ઈ.પી.કો. ની કલમ–૨૯૯, ૩૦૦ના પ્રબંધો ને આધીન ફરીયાદપક્ષે પ્રથમ આરોપીનો સદર ગુનાહીત કૃત્ય કરવા માટેનો ઈરાદો અને ગુનાહીત માનસ એટલે કે દુષીત માનસ ધરાવતા હતા તે હકીકત પણ પુરવાર કરવી જરૂરી છે અને ઈરાદો જોતા તે ઈરાદો પુરવાર કરવો આવશ્યક છે. કારણકે ઘણાખરા

ગુનામાં દુષિત માનસ મહત્વનું છે અને માનસિક અવસ્થા ગુનામાં સવિશેષપણે અગત્યતા ધરાવે છે. ઈરાદો પ્રથમ માનવીની માનસીક અવસ્થા છે, જે નિશ્ચિત પ્રક્રિયા બાદ બંધાય છે. ઈરાદાપુર્વક કૃત્ય કરતી વ્યકિત તથા ઈરાદા વગર કૃત્ય કરતી વ્યકિતની વચ્ચે તફાવત પાડવો મુશ્કેલ નથી. ઈરાદાપુર્વક વર્તતી વ્યકિતએ કૃત્ય કરવા નિર્ણય લીધેલ હોય છે. કૃત્ય કરવા માટેનો સમય, તેવી તક, સ્થળ, હથિયાર, કરવામાં આવેલ ઈજા, બનાવ પહેલા, બનાવ સમયે અને બનાવ બાદનું વર્તન વગેરે તમામ બાબતો લક્ષ પર લેવાથી નકકી થઈ શકે કે ઈરાદો હતો કે કેમ ? મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોચાડવાનો ઈરાદો દર્શાવવામાં આવ્યો છે, તેવી ઈજા પહોચઢ ાડવાનો ઈરાદો કે જેના કારણે મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય તેવી ઈજા અત્યંત અગત્યની બાબત બની જાય છે. કયારેક ઈરાદો પુરવાર ન થાય તો શારીરીક ઈજા પ્રત્યક્ષ પુરાવા રૂપે હોય છે અને તેથી તેવા પ્રકારની ઈજા માટેનો પુરાવો હોય તે માટે આ પ્રંબં ધોને આધીન તેવા તત્વોનો સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરનારને થયેલી ઈજા માટે પ્રત્યક્ષ પુરાવો હતો તથા તબીબી અભિપ્રાય સાથે મૃત્યુ નિપજાવવાનો સંભવ હતો કે કેમ ? અને તેવો સંભવ હોય ત્યારે શારીરીક ઈજા પહોચાડવાનો ઈરાદો હતો કે કેમ? મૃત્યુ નિપજાવવાનો ઈરાદો તથા જેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા તે બાબતે કૃત્ય કરનારની માનસીક અવસ્થામાં તફાવત છે અને મૃત્યુ નિપજાવવાનો ઈરાદો ધરાવતી વ્યકિત નિર્ણય કરી ચુકેલ છે જયારે તેવી શારીરીક ઈજા

પહોંચાડવાનો ઈરાદો ધરાવતી વ્યક્તિ મૃત્યુ નિપજાવવા ઈચ્છતી હોય છે અને તેથી જ મૃત્યુ નિપજાવવાનો ઈરાદો ફલીત થતો હોય તો તે ઈ.પી.કોડ કલમ-૨૯૯,૩૦૨ અન્વયે સાપરાધ મનુષ્યવધ છે. તેથી ફરીયાદપક્ષે પુરાવાને આધીન ત્રણ પ્રકારના માનસિક તત્વો પુરવાર કરવા જરૂરી છે.

**<u>:: માનસિક તત્વો ::</u>**

૧. મૃત્યુ નિપજાવવાનો ઈરાદો
૨. મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોચાડવાનો ઈરાદો.
૩. મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા જ્ઞાન તેવી જાણકારી સાથે કરેલુ કૃત્ય.

**(૨૯.૨)** આમ,ઉપરોકત જોગવાઈઓ અન્વયે અને હાથ ઉપરના કેસની ફરીયાદપક્ષની વિગતો જોવામાં આવે તો, આ કામના આરોપી ઉપર આક્ષેપિત <u>ઈ.પી.કો.કલમ-૩૦૨</u> અન્વયે ફરીયાદ-પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો, સૌ પ્રથમ તો સદરહું આક્ષેપિત કલમ અન્વયેનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે <u>સાપરાધ મનુષ્યવધ જે ખૂન ગણાય તેવું પુરવાર કરવું પડે.</u> તેમજ તે સાપરાધ મનુષ્યવધ છે કે કેમ? તે નક્કી કરી જો તે ઈ.પી.કો.<u>કલમ-૩૦૦</u> ના પાંચ અપવાદમાં પડતું ન હોય તો જ તે ખૂન ગણાય. એટલે કે, ફરીયાદપક્ષે સૌ પ્રથમ તો એ બાબત પુરવાર કરવાની રહે છે કે, ભોગ બનનાર વ્યક્તિને ઈજા થવા પામેલ હતી તે ઈજા આરોપીએ પહોંચાડેલ હતી અને તે ઈજા અકસ્માતે કે દુર્ઘટના કે બેદરકારીના કારણે નહીં,પરંતુ ઈરાદાપૂર્વક કરવામાં આવી હતી અને થયેલ ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી કે કેમ?.તે તેમજ ઈજા પામનારને આ કામના આરોપીએ ભયાનક શસ્ત્રો કે સાધનો દ્વારા

સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડેલ તેવું પુરવાર કરવું પડે.જ્યારે તે સંદર્ભે આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, હાલના કામે **આંક:૧૨** થી **ફરીયાદી : ગીતાબેન દલસુખભાઇ મછાર(પી.ડબલ્યુ.નં.૧)** ને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પોતાની ફરી–યાદને સમર્થનકારક જુબાની આપવાનો પ્રયત્ન કરેલ છે અને જણાવેલ છે કે, તેઓ આજથી આશરે સત્તરેક વર્ષ પહેલા તેઓ તથા તેમના પતિ દલસુખભાઇ નાઓ  વડથલ તા. મહુધા ખાતે નંદિશભાઇ પ્રવિણભાઇ પટેલના ખેતરમાં મજુરી કામ કરવા માટે આવેલા અને તે દરમ્યાન તેઓને બીજુ સંતાન (મરણ જનાર) થયેલ. જેનુ નામ અજય ઉર્ફે ચકો રાખેલ હતુ. તેઓની સાથે મજુરી કરતા ભીખાભાઇ મંગળભાઇ બારૈયા, રહે. વડથલ નાઓ સાથે તેમનો દિકરો અજય ઉર્ફે ચકો હળી મળી જતા તેમની સાથે રહેતો હતો અને ત્યાં જ મોટો થયેલ હતા. ત્યારબાદ તેઓ તથા તેમના પતિ મજુરી અર્થે પોતાના ગામ જતા રહેલ અને અવારનવાર વડ–થલ મુકામે આવતા હતા તે સમયે પણ તેઓ મહેન્દ્રભાઇ અંબા–લાલ પટેલના ખેતરમાં રહેતા પ્રભાતભાઇ કાભાઇભાઇ રાઠોડના ઘરે જતા હતા. વધુમાં તેઓ જણાવે છે કે,તેમના દીકરો અજયભાઇ ઉર્ફે ચકો તેમના ઘરે આવેલ ત્યારે તેઓએ કપડાં અને ચંપલ લઇ આપેલ હતા. તેઓ લાલસર, જી. મહીસાગર ખાતે હતા ત્યારે ભીખાભાઇ મંગળભાઇ નાઓએ તેઓને તેમના દિકરા અજયનુ ખુન થયેલાની જાણ કરેલ. જેથી તેમને આ બનાવની જાણ થયેલી અને તેઓ વડથલ ગામે આવેલા ઇન્દુભાઇ મોતીભાઇ પટેલના ખેતરમાં આવેલા ત્યારે તેમના દિકરા અજયના મોઢામાં માટી ભરે–લી હતી અને માથામા પાછળના ભાગે ચપ્પાથી મારેલાના નીશાન હતા, તે વખતે તેમનો દિકરો અજય મરણ ગયેલ હતો, તેમના દિકરાનુ ખુન હિંમતે કરેલાનું જણાવે છે.અને ખુન કરવાનુ કારણ

તેમના દિકરાને હીંમત સાથે ઝઘડો થયેલ તે તથા હીંમતની ભત્રીજી સુમીત્રાબેન સાથે તેમના દીકરાને સંબંધ હોવાનું ખોટું આળ મુકેલ,તે જણાવે છે. તેઓએ તેમના દિકરાના ખુન અંગેની ફરીયાદ મહુધા પોલીસ સ્ટેશનમાં કરેલાનું જણાવી **આંક:૧૩ થી અસલ ફરીયાદ** રજુ કરી તેમાં પોતાના જમણા હાથના અંગુઠાનું નીશાન હોવાનું ઓળખી બતાવે છે અને બનાવ સમયે મળી આવેલ મોબાઇલ તે જ સ્થળ ઉપર પડેલ હતો તે મોબાઇલ અજ–યનો હોવાનું ઓળખી બતાવે છે. વધુમાં સદર ફરીયાદી આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

જયારે,કોર્ટ રૂબરૂની ઉલટ તપાસમાં જણાવે છે કે,બનાવ સમયે તેણી લાલસર, મુ. લુણાવાડા ખાતે રહેતી હતી અને આ લાલસરથી વડથલ આવવા માટે અંદાજે ચાર થી પાંચ કલાક જેટલો સમય થાય તેટલું દુર આવેલ છે અને બનાવ સમયે તેઓને બોલાવવા માટે પોલીસ અંદાજે બપોરના ત્રણ સાડા ત્રણ વાગ્યે પહોંચેલ તેમજ વધુમાં તેઓ જણાવે છે કે,તેમના દીકરાએ અગાઉ ફરીયાદમાં જણાવેલ હકીકતો સંબંધે કોઇ ફરીયાદ કરેલ નથી તેમજ બનાવ અંગે તેઓને કોઇ જાણ ન હોવાનું અને બનાવની જાણ ભીખાભાઇ મંગળભાઇએ કરેલાનું અને તેમની સાથે ફરીયાદ કરવા વડથલ ગામના ગામના લોકો આવેલાનું જણાવે છે તેમજ તેઓને પોલીસવાળાએ બધું લખેલુ છે, તેમ જણાવી અંગુઠો કરવાનું જણાવતા અંગુઠો કરેલાનું જણાવે છે.

આમ, સદર ફરીયાદીની કોર્ટ રૂબરૂની જુબાની જોતા, સદરહું ફરીયાદી નજરે જોનાર સાહેદ નથી પરંતુ તેમના દીકરાનું ખુન થયાની જાણ થતા બનાવ સ્થળે ગયેલા અને તેમના દ્વારા ફરીયાદ આપેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

(૩૦) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે **આંક:૧૪** થી તપાસાયેલ **પંચસાહેદ : વિજયકુમાર મોહનભાઇ તળપદા (પી.ડબલ્યુ.નં.૨)**

ને તપાસવામાં આવેલ છે કે જેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ છે. તેઓએ સરતપાસમાં પંચનામાની હકીકતને સમર્થનકારક જુબાની આપવાનો પ્રયત્ન કરેલ છે અને બનાવ સ્થળે તેઓ ગયેલા ત્યારે તેઓએ સ્થળ ઉપર જે સ્થીતી જોયેલ,તેની વિગતો જણાવે છે અને આ કામે પોતાની પંચ નં.૧ તરીકેની સહી તથા પંચ નં.ર તરીકે દિપેશભાઇ ઉર્ફે પાલી ચંદુભાઇ પટેલની સહી ઓળખી બતાવે છે. આંક:૧૭ થી સદરહું પંચનામું રજુ કરેલ છે. જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસ જોતા, પોલીસના બોલાવવાથી તેઓ પંચમાં રહેલા, સ્થળે ઘણાબધા માણસોનું ટોળું હતું અને ત્યાં પોલીસ પંચનામાની કાર્યવાહી કરતી હતી અને ત્યારબાદ તેઓની સહીઓ કરાવેલ તેમજ તેઓ એ પણ જણાવે છે કે, તેઓ અન્ય પંચનામામાં પણ પોલીસના બોલાવવાથી પંચમાં રહેલા છે. આમ, સદરહું ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ પણ પોલીસના બોલાવવાથી બનાવ સ્થળે ગયેલાનું અને ફોર્મલ પંચ હોય તે રીતે જુબાની આપે છે. આમ, સદર ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ ફરીયાદપક્ષ તેમાં જણાવેલ વિગતોએ શંકારહીત પુરવાર કરી શકેલ નથી.

(૩૦.૧) ત્યારબાદ આંક:૧૯ થી પંચસાહેદ : **અલ્પેશકુમાર અરવિંદભાઇ પટેલ(પી.ડબલ્યુ.નં.૩)ને** તપાસેલા છે. જેઓ ઇન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ છે. જેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં પંચનામાની વિગતો પ્રમાણેની જુબાની આપવાનો પ્રયત્ન કરે છે અને ઇન્કવેસ્ટ પંચનામામાં જણાવેલ વિગતો જણાવે છે અને આંક:૨૦ થી પંચનામામાં પોતાની પંચ નં.૧ તરીકેની સહી તથા પંચ નં.ર તરીકે કમલેશભાઇ પટેલની સહી હોવાનું ઓળખી બતાવે છે.

(૩૦.૨) જયારે, બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર પંચસાહેદ જણાવે છે કે,એક્ઝીક્યુટી મેજીસ્ટ્રેટ સાહેબે તેમને ફોન કરીને

બોલાવેલો પરંતુ, <u>ચોકકસ કેટલા વાગે પંચનામું કરેલ તેની ખબર</u> નથી અને તેઓને સહી કરવાનું કહેતા સહી કરેલ. આમ, સદરહું પંચસાહેદ તેમની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન કરી ગયેલ છે.

(૩૧) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક:૨૧ થી પંચસાહેદ : ગુલામમુસ્તુફા રસુલમીયા શેખ**(પી.ડબલ્યુ.નં.૪)**ને તપાસેલ છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં પી.એમ. કરતી વખતે મેડીકલ ઓફીસરશ્રીએ લાશ ઉપરથી પહેરેલ કપડાં જે કબજે લઇને પોલીસને આપેલા, તેના પંચસાહેદ છે, જેઓ તેમની આંક:૨૨ થી રજુ પંચનામામાં સહી હોવાનું ઓળખી બતાવે છે અને તેઓની રૂબરૂમાં કોઇએ કપડાં કબજે કરેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવે છે.આમ, સદર પંચસાહેદે તેમની સરતપાસમાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, આંક:૨૨ થી રજુ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૩૨) ત્યારબાદ આ કામે **આંક:૨૫** થી પંચસાહેદ: **સંજય દીનેશભાઇ પ્રજાપતિ (પી.ડબલ્યુ.નં.૫)**ને સોગંદ પર તપાસેલા છે. જેઓ આરોપીને ગુનાના કામે બનાવ બન્યા બાદ પકડેલ હોય તે સંબંધેના પંચસાહેદ છે. જેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં એલ.સી.બી. પોલીસના બોલાવવાથી તેઓ ગયેલા અને ત્યાં આગળ એક ઇસમ હાજર હોય અને તેઓની સાથે પોલીસવાળા હાજર હોવાનું જણાવે છે. સદરહું આરોપીએ પોતાનું નામ જણાવેલ હોય તે રીતે તેઓને અટક કરેલાનું જણાવી પંચનામું કરેલાની વિગત જણાવે છે. જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા પંચ નં. ૧ તરીકે યાસીનભાઇ વહોરાની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેથી વિશેષ કોઇ હકીકત જણાવતા નથી.

(૩૩) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક:૨૭ થી **દલસુખભાઇ ભલાભાઇ મછાર (પી.ડબલ્યુ.નં.૬)** કે જેઓ મરણ જનારના પિતા થાય છે. તેઓ પણ આ કામે આંક:૧૨ થી તપાસાયેલ ફરીયાદી:ગીતાબેન નાઓએ તેમની જુબાનીમાં જણાવેલ હકીકતો જણાવે છે, તેથી મહત્વની કોઈ જ હકીકત જણાવતા નથી અને તેઓ પણ તેમના દીકરા અજયને ભીખાભાઇ મંગળભાઇના ત્યાં ભણવા મુકેલાનું અને અજય સાથે ભીખાભાઇને ફાવતું હોય ત્યાં રાખેલ અને અજયના મરણ જવાની જાણ પણ ભીખાભાઇના કહેવાથી થયેલ અને બનાવનું કારણ પણ હિંમતભાઇ નાઓએ નગીનભાઇની દિકરી સુમીત્રા સાથે અજયને આડો સંબધ હોવાનુ કારણ જણાવે છે.

(૩૩.૧) જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** તેઓ સ્વીકારે છે કે,લાલસરથી વડથલ બસમાં આવવું હોય તો બે કલાક જેટલો સમય થાય અને બનાવના દીવસે તેઓને પોલીસ હોસ્પીટલમાં લઇ ગયેલ અને તે વખતે જ પોલીસને મળેલા અને ત્યારબાદ પોલીસને મળવાનો બનાવ બનેલ નહી તેમજ તેઓ સ્વીકારે છે કે, તેઓએ તેમના દીકરા અજયને ભણવા માટે વડથલ મુકામે મુકેલાની હોઇ હીકત પોલીસ નીવેદનમાં લખાવેલ નથી, પોલીસે તેઓની કોઇ પુછપરછ કરેલી નથી અને બનાવના દીવસે જે હકીકતે બનાવ બનેલો તેની કોઇ જાત માહીતી તેઓને નથી. આમ, રજુ પુરાવાથી આરોપી વિરૂધ્ધ આક્ષેપિત કોઇ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડે લાવી શકેલ નથી.

(૩૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૮** થી **સાહેદ : ભીખાભાઇ મંગળભાઇ બારૈયા (પી.ડબલ્યુ.નં.૭)** ને સોગંદ પર તપાસેલા છે. જેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદન અને ફરીયાદની હકીકતને સમર્થનકારક જુબાની આપવા પ્રયત્ન કરેલ છે. તેઓ જણાવે છે કે,દલસુખભાઇ ભલાભાઇ મછાર તથા તેમની પત્નિ આજથી

સત્તરેક વર્ષ પહેલા તેમના ગામમાં એક દિકરી લઇને આવેલ હતા અને તેમના ગામના નંદિશભાઇ પ્રવિણભાઇ પટેલના ખેતરમાં કુવા ઉપર મજુરી કરતા હતા, અને વડથલ ગામે રહેતા હતા તે દરમ્યાન બીજા સંતાનમાં છોકરાનો જન્મ થયેલ હતો, તેનુ નામ અજય ઉર્ફે ચકો રાખેલ હતું અને તે છોકરો તેમની સાથે હળી મળી જતા તેમની સાથે રહેતો હતો. દલસુખભાઇ તથા તેમની પત્નિ ગીતાબેન પોતાના વતન લાલસર ખાતે જતા રહેલ. તેમનો દિકરો અજયભાઇ તેમની પાસે મુકતા ગયેલા અને બનાવના છેલ્લા એકાદ વર્ષથી તેઓ વડથલ ગામે નહી આવેલાનું જણાવે છે. વધુમાં તેઓ એ પણ જણાવે છે કે, અજય ઉર્ફે ચકો અવારનવાર હિંમતની ઘરે આવજા કરતો હતો અને તેની સાથે મજુરીકામ માટે જતો હતો. આ અજય બનાવના દિવસે હિંમત સાથે સાંજના છ સાડા છએ ગયેલો અને પાછો આવેલો નહી. ત્યારબાદ બનાવના બીજા દિવસે સવારે ઇન્દુભાઇ પટેલનો છોકરો તેનું મોટર સાયકલ લઇ તેના ખેતરમાં ગયેલો ત્યાં અજય ઉર્ફે ચકાને ત્યાં પડેલો જોયેલો, જેથી તેમને આ બનાવની જાણ થયેલાનું જણાવે છે. વધુમાં તેઓ જણાવે છે કે, જેથી તેઓ અને તેમનો દિકરો જગદીશ તે સ્થળ ઉપર ગયેલા. ત્યાં જઇને જોયેલ તો, આ અજય ઉર્ફે ચકાને માથામાં કપાળ ઉપર લોહી નીકળેતુ હતુ તથા બોચી ઉપર લોહી નીકળતુ હોવાનું જણાવે છે અને તે દરમ્યાન ત્યાં આજુબાજુના બીજા લોકો ભેગા થઇ ગયેલા. ત્યારબાદ તેઓએ મહુધા પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસવાળા આવેલા અને આ અજય ઉર્ફે ચકાને સરકારી દવાખાને લઇ ગયેલા. ત્યારબાદ તેઓએ આ આવેલા પોલીસ સાહેબોને આ બાબતની ફરીયાદ લખવાનુ જણાવેલુ પરંતુ તેમણે ફરીયાદ લખેલી નહી અને જણાવેલ કે તેના મા બાપને બોલાવો. ત્યારબાદ તે જ દિવસે આ અજય ઉર્ફે ચકાના માતા પિતા આવેલા અને તેઓએ ફરીયાદ લખાવેલી. તેઓ એ પણ જણાવે છે કે,

અજય ઉર્ફે ચકો કેવી રીતે મરણ ગયેલ તે જાણેલ નહી પરંતુ, મરનાર અજય હીંમતની સાથે ગયેલ, તેટલું જણાવે છે. જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સદર સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, મરણ જનાર અજય ઉર્ફે ચકાના માતા–પિતા લાલસર મુકામે રહે છે. જે બનાવ સ્થળથી ઘણું દુર આવેલ છે અને ગામમાં ઘણાને ખબર હતી કે, અજય તેમનો દીકરો નથી અને તેઓ એ પણ સ્વીકારે છે કે, ખેતરમાં જે જગ્યાએ તેઓ રહે છે ત્યાં આજુબાજુમાં બીજા ખેતરો આવેલ છે અને ત્યાં પણ બીજા માણસો ખેતર સાચવવા માટે રહે છે અને ત્યાં સવારથી બીજા ખેતરમાં માણસો મજુરી કામ કરવા માટે આવી જતા હતા. એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, બનાવવાળા સ્થળે અજય પડેલો હતો તે ખેતર તેમના ખેતરથી જોઈ શકાય તેટલા અંતરે આવેલ છે. તેઓ એ પણ સ્વીકારે છે કે, જે દીવસે અજય તેમના ઘરેથી ગયેલો તે રાત્રે તેઓએ ગામમાં કોઈ તપાસ કરેલ નહી, અજય રાત્રે ઘરે પરત ના આવતા તેને શોધવા બીજા દિવસે નીકળેલા. તે સંબંધે કોઈ કાર્યવાહી કરેલ નહી અને તેઓએ પોલીસ સ્ટેશનમાં કોઈ અરજી કરેલ નહી. તેઓ એ પણ સ્વીકારે છે કે, બનાવના દીવસે આ અજય સાંજના ૬ થી ૬:૩૦ વાગ્યે હિંમત સાથે ગયેલાની હકીકત પોલીસ નીવેદનમાં જણાવેલ નથી તેમજ બનાવ સ્થળની બાજુમાં કેનાલ અને રસ્તો આવેલો છે અને આ રસ્તા ઉપર વહેલી સવારથી માણસોની અવરજવર ચાલુ હોવાનું જણાવે છે. આમ, સદરહું ફરીયાદપક્ષના મહત્વના કહેવાય તેવા આ સાહેદ કે જેમના ઘરે અજય ઉર્ફે ચકો રહેતો હતો, તેઓની કોર્ટ રૂબરૂની જુબાની જોતા પણ હાલના આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ જ મહત્વની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ઉલટાનું પોલીસ રૂબરૂના નીવેદનમાં ન જણાવેલ હકીકતો બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ છે.

(૩૫) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૯** થી સાહેદ : **શીતલભાઇ ઇન્દુભાઇ પટેલ(પી.ડબલ્યુ.નં.૮)**તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં બનાવના દીવસે તેઓ તેમના ખેતરમાં ગયેલા ત્યારે અજય ઉર્ફે ચકાની લાશ પડેલ હતી અને તેને માથાના તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હતી અને સ્થળ ઉપર મરણ ગયેલાનું જણાવે છે અને તે બાબતે ભીખાભાઈએ મહુધા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી અને તેઓને વાતોવાતથી જાણવા મળેલ કે "ચકાને આડા સબંધ હોય જેથી ચકાનુ ખુન થઇ ગયેલ છે.’’ જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** સદર સાહેદ શીતલભાઈ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ખેતરથી તેમનું ઘર એક કી.મી. દુર થાય છે અને બીજા ખેતરમાં ગયેલ ત્યારે બીજા માણસો મારફત જાણવા મળેલાનું અને વાતોવાતથી તેઓએ બનાવ અંગે જે જાણેલુ તે હકિકત પોલીસને તેઓએ બીજા દિવસે જણાવેલ અને બનાવ અંગે તેઓને કોઇ જાતમાહીતી ન હોવાનું જણાવે છે. અને આમ, સદરહું સાહેદ પણ બનાવ સંબંધે કોઇ સ્પષ્ટ હકીકત જણાવતા નથી.

(૩૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૯** થી સાહેદ : **સુમીત્રાબેન નગીનભાઈ રાઠોડ (પી.ડબલ્યુ.નં.૯)** ને તપાસવામાં આવેલ છે. જેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં બનાવના દીવસે તેમના કાકા હિંમતભાઈ તથા અજય મજુરી કામે ગયેલા, તેમના અને અજય વચ્ચે કોઈ પ્રેમ સંબંધ હતો નહી, તેમજ તેણી છેલ્લા પાંચેક વર્ષથી અજયને રાખડી બાંધતી હતી અને બનાવ અંગે બીજા દીવસે તેઓને શીતલભાઇ પટેલનાઓ દ્વારા જાણવા મળેલ કે અજયનું મૃત્યુ તેણીના કાકા હિંમતભાઈએ કરેલાનુ તેઓએ જાણેલુ. જયારે, <u>બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં જણાવે છે</u> કે,બનાવના દીવસે અજય અને તેણીના કાકા હિંમતભાઇ કામે ગયેલાની કોઇ હકીકત જાણેલ નહી અને બનાવની હકીકત

ગામમાંથી વાતોવાતથી જાણેલ. આમ, સદરહું સાહેદ કે જેઓ બનાવ અંગે અજય ઉર્ફે ચકાનું ખુન થયેલાનું જણાવે છે, તેવા આ સાહેદ પણ ફરીયાદીની જુબાની તથા ફરીયાદની હકીકતોથી અલગ જ હકીકત જણાવે છે અને તેમના તથા અજય ઉર્ફે ચકા વચ્ચે ફરીયાદી જણાવે છે,તેવો આડો સંબંધ હોવાની હકીકત જણાવતા નથી.

(૩૭) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૩૨** થી **સાહેદ શીલાબેન ભેરૂસિંહ નાયક(પી.ડબલ્યુ.નં.૧૦)** ને તપાસેલા છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે,તેઓ મામલતદાર કચેરી, મોરવા (હડફ) મુકામે તા.૧૪/૩/૨૨ ના રોજ ફરજ ઉપર હાજર હતા દરમ્યાન **આંક:૩૩ વાળું જાતિ અંગેનું પ્રમાણપત્ર** દલસુખભાઇ મછાર,રહે.નવાગામ,તા.મોરવા, જી.પંચમહાલ નાઓને આપેલાનું જણાવી, સદર જાતી અંગેનુ પ્રમાણપત્ર ક્રમાંક ૩૧૧૩/૨૦૨૨, તા.૧૪.૦૩.૨૦૨૨ થી ઇસ્યુ કરવામાં આવેલ હોવાનું જણાવી તેમાં પોતાની સહી તથા કચેરીનો સ્કિકો હોવાનું ઓળખી બતાવે છે. તેમજ **આંક:૩૪** થી અરજદારે આ પ્રમાણપત્ર મેળવવા માટે તેમની કચેરીમાં **અરજી, નીશાળ છોડ્યા બાબતનો દાખલો (કુલ પેજ–૦૩)** થી તથા **આંક:૩૫** થી નોંધણી થયેલ **રજીસ્ટરના અનુ. નં.૯૮/૨૦૨૨** થી ઇસ્યુ થયેલાનું જણાવે છે. જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સદર સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, જાતીનો દાખલો તેઓએ તા. ૧૪.૦૩.૨૦૨૨ ના રોજ ઇસ્યુ કરેલ છે તેમજ જાતીનું પ્રમાણપત્ર મેળવવાની અરજીમાં આગળની તરફ સહી કરેલ છે, પાછળની સાઇડે કચેરીના ઉપયોગ માટે ત્યાં કોઇ જગ્યાએ તકેદારી અધિકારી આદીજાતી વિકાસમાં કોઇની સહી કરવામાં આવેલ નથી. સદર સાહેદે માત્ર રેકર્ડ આધારીત મરણ જનારના પિતાનું જાતિનું પ્રમાણપત્ર ઇસ્યુ કરેલાનું જણાય છે.

(૩૮) ત્યારબાદ ફરીયાદપક્ષે સાપરાધ મનુષ્ય વધ માટેના તારણ માટે **આંક:૩૬** થી **મેડીકલ ઓફીસર ડો.વિકાસ વિઠ્ઠલભાઇ પટેલ(પી.ડબલ્યુ.નં.૧૧) નાઓને** તપાસેલા છે. જેઓએ મરણ જનારની લાશનું પી.એમ. કરેલ છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં મરણ જનારના અસલ કેસ પેપર્સ આંક:૩૭ થી રજુ કરેલ છે તેમજ તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી પ્રમાણેની જુબાની આપેલ છે અને તેઓને મળેલ પી.એમ. કરવા માટેની યાદી આંક:૩૮ થી રજુ કરેલ છે તેમજ આંક:૩૯ થી પી.એમ.નોટ તથા આંક:૪૦ થી મૃત્યુ અંગેનું સંભવીત કારણ દર્શાવતું સર્ટીફીકેટ રજુ કરેલ છે. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, લાશ મળ્યા પછી બને તેટલી વહેલી તકે પી.એમ કરવુ જોઇએ. જયારે,હાલના કામે લાશ મળ્યા બાદ આશરે સવા ચાર કલાક બાદ પી.એમ. કરવામાં આવેલ છે. તેઓ એ પણ સ્વીકારે છે કે, પી.એમ. તેઓએ તા. ૨૭.૧૧.૨૦૨૧ ના રોજ પુરૂ કરેલું જ્યારે પી.એમ. નોટમાં સહી તા.૨૯.૧૧.૨૦૨૧ નારોજ કરવામાં આવેલી તેમજ જે કોઝ ઓફ ડેથનુ સર્ટી. આપ્યુ તે **પ્રોવીઝનલ કોઝ ઓફ ડેથનું સર્ટી.** છે, તેમજ કોલમ નં. ૧૭ માં જણાવેલ ઇજાઓમાં આજુબાજુની ચામડીમાં ફેરફાર જોવા મળી શકે તેમજ થોડા સમય બાદ તેના કલરમાં પણ ફેરફાર જોવા મળેલ. તેમજ તેઓ એ હકીકત પણ સ્વીકારે છે કે, લાશ ઉપરની ઇજાના દેખાવ ઉપરથી તે ઇજા એન્ટી મોર્ટમ છે કે પોસ્ટ મોર્ટમ તે નક્કી થઇ શકે પરંતુ, આ ઇજા એન્ટી મોર્ટમ હતી કે પોસ્ટ મોર્ટમ હતી તે કોલમ નં. ૧૭ માં જે થયેલ ઇજાઓ છે તે પી.એમ. નોટના કોલમ નં. ૧૭ માં આ સંદર્ભે કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેમજ તેમની પી.એમ. નોટમાં કયા ચોકકસ કયા પ્રકારનુ ફ્રેકચર હતુ તે જણાવવામાં આવેલ નથી તેમજ ફ્રેકચરનુ માપ પણ દર્શાવેલ નથી. એ વાત પણ સ્વીકારે છે

કે, હેમેટોમાં જે દર્શાવેલ છે તેના અલગ અલગ પ્રકાર હોય છે, ચોક્કસ કયુ હેમેટોમાં હતુ તે પી.એમ. રીપોર્ટમાં દર્શાવવામાં આવેલ નથી, તેઓએ ફાઇનલ કોઝ ઓફ ડેથ નો કોઈ ઉલ્લેખ કરેલ નથી તેમજ <u>આ તબીબ સાહેદના પુરાવાથી મરણ જનારને</u> આ કામના આરોપીએ આક્ષેપિત ગુના સબબ ખુન કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી.

(૩૯) ફરીયાદપક્ષે આંક:૪૧ થી તપાસાયેલ નાયબ મામલતદાર: <u>ભાર્ગવ જગદીશચંદ્ર ઠાકર</u> **(પી.ડબલ્યુ.નં.૧૨)** તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તા.૨૭.૧૧.૨૦૨૧ નારોજ નાયબ મામલતદાર મહુધા ખાતે તેમની ફરજ ઉપર હાજર હતા દરમ્યાન મહુધા પોલીસ સ્ટેશન તરફથી ઇન્કવેસ્ટ ભરવા માટે યાદી આપવામાં આવેલી. જેથી મરણ જનારની લાશ ઉપર ઇન્કવેસ્ટ પંચનામુ કરવાની યાદી મળેલ હોય મરણ જનારની લાશનું ઇન્કવેસ્ટ પંચનામું પંચો રૂબરૂ કરેલાનું જણાવે છે. જે સંદર્ભે પંચસાહેદને પણ તપાસેલ છે અને આંક:૨૦ થી ઇન્કવેસ્ટ પંચનામું રજુ કરેલ છે અને પંચનામાની હકીકતને સમર્થન કરેલ છે. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાંથી કોઇ મહત્વની હકીકત કઢાવી શકેલ નથી.આમ,સદરહું સાહેદની જુબાનીથી ઇન્કવેસ્ટ પંચનામું થયેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેથી વિશેષ કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૪૦) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૨** થી સાહેદ **કનુભાઇ નાથાભાઇ રાઠોડ, (પી.ડબલ્યુ.નં.૧૩)** વિસ્તરણ અધીકારી, તાલુકા પંચાયત,મહુધા નાઓને તપાસેલ છે. જેઓને નાયબ પોલીસ અધીક્ષકશ્રી, એસ.સી.એસ.ટી.સેલ-ખેડા નડીઆદનાઓએ ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે યાદી કરતા પોતાની ફરજના ભાગરૂપે જે નકશો બનાવેલ છે તેની યાદી કરેલ અને આ કામે <u>આંક:૪૪ તથા આંક:૪૫</u> થી નકશો

બનાવવામાટેની યાદી તથા નકશો રજુ કરેલ છે. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં પોલીસ યાદી સાથે તેઓને ગુનાવાળી જગ્યાનો પંચક્યાસ પણ મળેલ પરંતુ, નકશો કઇ તારીખે બનાવેલ તેની તારીખનો કોઇ ઉલ્લેખ કરેલ નથી તેમજ નકશામાં પંચોની સહી લીધેલ નથી. આમ, ગુનાવાળી જગ્યાના નકશામાં પણ શંકા ઉભી થાય તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં બચાવપક્ષ સફળ રહેલ છે.

(૪૧) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૬** થી સાહેદ : **પ્રહલાદભાઇ રમેશભાઇ રાઠોડ (પી.ડબલ્યુ.નં.૧૪)** ને તપાસેલા છે. જેઓએ મરણ જનાર અજયભાઇ ઉર્ફે ચકાની લાશ ઉપરથી પંચો રૂબરૂ કબજે કરેલ કપડાંનું પંચનામું કરનાર પોલીસ સાહેદ છે. જે પંચનામું આંક:૨૨ થી રજુ કરેલ છે. તેથી મહત્વની કોઇ હકીકત જણાવતા નથી. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, મરણ જનારના કપડાં રજૂ કરતી વખતે તેની કોઇ યાદી પોલીસ કોન્સ્ટેબલે આપેલ નહી તેમજ જે કપડાં રજૂ થયેલ તે કપડાં સીલબંધ હાલતમાં ન હતા. આમ, સદરહું પંચનામામાં પણ શંકા ઉભી થાય તેવી હકીકત આ સાહેદ રેકર્ડ ઉપર લાવેલ છે.

(૪૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૭** થી પોલીસ સાહેદ **જયદીપસીંહ ઉદેસીંહ ગઢવી (પી.ડબલ્યુ.નં.૧૫)** તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેઓ એલ.સી.બી.ખેડા-નડીઆદ મુકામે હેડ કોન્સટેબલ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે નાસતા ફરતા આરોપીની યાદીમાં આ કામના આરોપીનુ નામ હોય જેઓને પકડવા માટે તેમની ટીમ સાથે રાજસ્થાનથી ગયેલા અને આરોપીને પકડીને લાવેલ જે સંબંધેનુ પંચનામુ આંક:૨૬ થી રજુ કરેલ છે. તેથી મહત્વની કોઇ હકીકત તેઓ જણાવતા નથી. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, આ ગુના અંગેની ફરીયાદ સને ૨૦૨૧ માં નોધાયેલી. જયારે,

આરોપીની ઘરપકડ સને:૨૦૨૪ માં કરવામાં આવેલી. ત્યારબાદ આરોપીની કોઇ ઓળખ પરેડ આ પંચનામા દરમ્યાન કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી તેમજ ફરીયાદ મહુધા પોલીસ સ્ટેશનની હતી અને આરોપીને રાજસ્થાનમાં પકડેલ ત્યાં આગળ કોઇ પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. આમ,સદરહું સાહેદના પુરાવાથી પણ બચાવપક્ષ ફરીયાદીની ફરીયાદમાં તથા આ ગુનાની તપાસમાં શંકા ઉભી થાય તેવી હકીકત કઢાવવામાં સફળ રહેલ છે.

(૪૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૯ થી ત.ક.અમલદાર : વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકીને** સોગંદ પર તપાસેલા છે. જેઓએ પોતાનીકોર્ટ રૂબરૂની સરતપાસમાં સદરહું ગુનો એટ્રોસીટી એકટનો હોય તેની તપાસ મળતા તપાસ સંભાળી લીધેલ અને આ કામના આરોપીને સી.આર.પી.સી.કલમ-૪૧(૧-આઇ)મુજબ અટક કરેલા અને આરોપીનો કબજો મેળવી ચહેરા નીશાન પત્રક રીપોર્ટ વંચાણે લઇ આરોપીનું નીવેદન લીધેલ અને ગુના કામે અટક કરેલ તેમજ સદર ગુના કામે ઇ.પી.કો.ક.૨૦૧ મુજબનો ગુનો બનતો હોવાથી કલમનો ઉમેરો કરવા નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલાનું તથા અગાઉના ત.ક. અધીકારીએ કરેલ તપાસના પેપર્સ સાથે ચાર્જશીટ કરેલાનું જણાવે છે અને આ સ્વિાય બીજી કોઇ કાર્યવાહી કરેલ ન હોવાનું જણાવે છે. તેમજ બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ આરોપીને પકડેલ નથી, તેઓએ માત્ર ચાર્જશીટ કર્યા સીવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૪૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૫૦** થી પોલીસ સાહેદ **અશોકભાઇ વાલજીભાઇ પરમાર (પી.ડબલ્યુ.નં.૧૭)** તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ તેઓ મહુધા પો.સ્ટેશન ખાતે પી.આઇ. તરીકે ફરજ ઉપર હતા તે

દરમ્યાન ફરીયાદી: ગીતાબેન દલસુખભાઈ મછારના લખાવ્યા મુજબની <u>આંક:૧૩</u> વાળી <u>ફરીયાદ</u> કોમ્પ્યુટરમાં નોંધેલ,તે જ હોવાનું જણાવે છે તેમજ તેઓ એ પણ જણાવે છે કે, ફરીયાદીએ જાતી અંગેના પ્રમાણપત્રની નકલ આંક:૩૩થી રજુ કરેલ તે જ છે. તેમજ સદર સાહેદ તેમની જુબાની દરમ્યાન આંક:૫૧ થી સ્ટેશન ડાયરીની નકલ રજુ કરેલ છે. અને તેથી વિશેષ કોઇ હકીકત જણાવતા નથી અને સદર ગુનો એટ્રોસીટી એકટ હેઠળનો હોય આગળની તપાસ એસ.સી.એસ.ટી.સેલ ખેડા-નડીઆદ નાઓ તરફ મોકલી આપેલાનું જણાવે છે. જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવ અંગેની જાણ પહેલી વહેલી તેઓને સવારના ૮:૩૦ વાગ્યે થયેલી અને તે બાદ બનાવ સ્થળે ગયેલા અને ત્યાં જઇ પ્રાથમીક તપાસ કરેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પ્રાથમીક તપાસમાં ગુનો બન્યાનું જણાય તો ફરીયાદ નોંધવી પડે, સ્થળ ઉપર તેઓએ કોઇ ફરીયાદ લીધેલી નહી, જયારે સ્થળ ઉપર ભીખાભાઇ મંગળભાઈ બારૈયા કે ગામના કોઈ વ્યકિત દ્વારા ફરીયાદ આપવામાં આવેલ નહી. એ વાત નો પણ સદર પોલીસ સાહેદ સ્વીકાર કરે છે કે, ફરીયાદ તેઓએ ૧૨:૦૦ વાગ્યે નોંધેલ, ફરીયાદી ગીતાબેનનાઓ બનાવ સ્થળથી ઘણા દુર રહેતા હતા. તેઓ એ પણ સ્વીકારે છે કે,તેઓ સમક્ષ જાતી અંગેનુ કોઈ પ્રમાણપત્ર રજુ થયેલ નહી પરંતુ, સ્કુલ લીવીંગ સર્ટી. રજુ કરેલું. ફરીયાદીની ફરીયાદ નોંધનાર પોલીસ સાહેદ <u>પોતાની જુબાનીમાં સરતપાસથી વિરોધાભાસી હકીકતો</u> ઉલટ તપાસમાં જણાવતા હોવાનું બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલા છે તેમજ આ સાહેદ એ પણ જણાવે છે કે,ફરીયાદી સાથે વડથલ ગામના લોકો પણ ફરીયાદ લખાવવા આવેલા.

(૪૫) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૫૨** થી બીજા **ત.ક.અમલદાર કીર્તીકુમાર ગોકળદાસ પટેલ(પી.ડબલ્યુ.નં.૧૮)** નો પુરાવો રેકર્ડે

આવેલ છે. તેઓ તેમની સરતપાસમાં કરેલ કાર્યવાહીની જુબાની આપેલ છે અને સદર ગુનાની તપાસ મળતા તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા, મુ.માલ તથા મેડીકલ ઓફીસરે પી.એમ. વખતે મરનારના લીધેલ વિશેરા એફ.એસ.એલ. માં મોકલેલ તે સંબંધેની કાર્યવાહી કરેલાનું જણાવે છે, આરોપી મળી ના આવતા કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવેલ અને આંક:૪૪થી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા કરેલ યાદી પોતાની સહીથી કરેલાનું જણાવે છે તેમજ આંક:૪૦ વાળા કોઝ ઓફ ડેથનું સર્ટીફીકેટ તેઓએ તપાસના કામે મેળવેલ તેમજ <u>આંક:પ૩</u> થી <u>લાશ સોંપ્યાની પહોંચ</u>, <u>આંક:પ૪</u> થી <u>સી.ડી.આર. ફોર્મ</u> , <u>આંક:પપ</u> થી <u>કલેકટરશ્રીના જાહેરનામાની નકલ</u>, <u>આક:પ૬ થી પ૯</u> સુધી <u>એફ.એસ.એલ. પહોંચ, એફ.એસ.એલ. પત્ર, એફ.એસ.એલ. અહેવાલ,રવાનગી નોંધ</u> અનુક્રમે રજુ કરેલ છે. તેમજ <u>આંક:૬૦ થી ૬૮</u> સુધી <u>F.S.L. અહેવાલ તથા તે</u> સંબંધેના અહેવાલ રજુ કરેલ છે.ત્યારબાદ આગળની તપાસ ડી.વાય.એસ.પી. વી.એમ.સોલંકી તરફ મોકલી આપેલાનું જણાવી ગયા છે.

<u>જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ</u> તપાસમાં સદરહું ત.ક.અમલદાર જણાવે છે કે, તેમને તપાસ તા.૨૮/૧૧/૨૦૨૧ ના રોજ મળેલી અને તા.૧૮/૧/૨૦૨૨ ના રોજ ફાઇનલ વર્ગ-અ પડત ભરેલું અને ત્યારબાદ તા. ૧૧.૦૩.૨૦૨૩ ના રોજ મંજુર થઇ આવતા આરોપીને પકડવા સારૂ આગળની તપાસ કરવા સારૂ પોલીસ સ્ટેશન રાખવા માટે મોકલી આપેલ તેમજ તેઓ એ પણ જણાવે છે કે, હાલની ફરીયાદ અગાઉ આ બનાવ સંદર્ભે કોઇ જાણવા જોગ થયેલ કે કેમ, તે તેમના ધ્યાને આવેલ નહી તેમજ તેઓએ <u>તપાસ દરમ્યાન ફરીયાદીનું કોઇ વધારાનુ નિવેદન લીધેલ નથી તેમજ ફરીયાદીએ તેમાં કોઇ જાતી અંગેનુ પ્રમાણપત્ર રજુ</u>

<u>કરેલ નથી.</u> ઉલ્ટાનું જણાવે છે કે, પાછળથી જાતી અંગેનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે. તેઓ એ પણ સ્વીકારે છે કે, પંચનામાથી પણ જાતી અંગેનુ પ્રમાણપત્ર તેઓ રૂબરૂ રજુ થયેલ નથી અને આ કામના ફરીયાદી મુ. લાલસર, તા. મહીસાગર ખાતે રહેતા હતા તેઓ એ પણ સ્વીકારે છે કે, મરણ જનારે કે તેના માતા પિતાએ હાલની ફરીયાદ અગાઉ હાલના આરોપી સામે કોઈ ફરિયાદ કરેલ નથી તેમજ જે ખેતરમાં લાશ પડેલી તે ખેતરના માલીકના પોલીસ રૂબરૂના નિવેદનથી પણ તેણે બનાવ નજરે જોયેલ હોય તેવુ ફલીત થયેલ નથી. તેમજ તેઓએ <u>આ કામે તેઓએ કોઈ ઇ.પી.કો કલમ ૨૦૧ નો ઉમેરો કરવા કોઈ રીપોર્ટ કરેલ નથી તેમ જણાવે છે તેમજ</u> તેમની તપાસમાં એવી હકીકત ખુલેલ કે, આરોપી મોબાઈલ રાખતો નથી.

(૪૬) આમ, આ કામે ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી, સાહેદો,ડોકટર સાહેદ તથા પોલીસ સાહેદો પણ એકબીજાથી વિરોધાભાસી હકી–કત જણાવતા હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે મહત્વના અને સ્વતંત્ર કહેવાય તેવા પંચસાહેદો પણ રજુ થયેલ પંચનામાઓને લેશમાત્ર સમર્થન કરતા નથી. જયારે, સદરહું રજુ થયેલ <u>આંક–૨૦</u> વાળા ઇન્કવેસ્ટ પંચનામુ,<u>આંક–૧૭</u> વાળા ગુનાવાળી જગ્યાના પંચનામા તથા <u>આંક–૨૬</u> વાળા આરોપીની શરીર સ્થીતીના પંચનામાને પણ ફરીયાદપક્ષ અન્ય રીતે પણ પુરવાર કરી રેકર્ડ ઉપર તેની સત્યતા લાવેલ નથી, તેવું આ કામનું રેકર્ડ જોતા સ્પષ્ટપણે જણાય આવે છે. ઉલ્ટાનું સદરહું તપાસેલ પંચ સાહેદોએ રજુ થયેલ પંચનામાની કોઈપણ હકીકત સરતપાસમાં જણાવતા નથી કે આરોપીએ પણ તેઓની રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલ હોય કે બનાવ તેઓની રૂબરૂ બનેલ ન હોવાનું જણાય આવે છે.

(૪૭) આ કામે આરોપી વિરુધ્ધ જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનુ તહોમત ફરમાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ તરફથી આ કામે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં તેમજ રેકર્ડમાં રજૂ થયેલ મુદ્દામાલ પાવતી ધ્યાને લેવામાં આવે તો કોઈ જ પ્રકારનુ મારક હથીયાર કબજે લીધેલ હોવાનુ જણાતુ નથી તેમજ આ કામે બનાવ સમયે અને સ્થળે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,ખેડા નડીઆદનુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમાં હતુ તેમ જણાવી આંક-૫૫ થી રજુ કરેલ છે પરંતુ આ જાહેરનામુ યોગ્ય રીતે જાહેર જનતાને દેખાય અને જાહેર જનતાની જાણમાં હોય તે રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે આ જાહેરનામુ બહાર પાડનાર અધિકારી કે માહીતગાર કર્મચારીને તપાસીને આ જાહેરનામુ પુરવાર કરવામાં આવેલ નથી તેથી જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો સાબિત થતો નથી.

(૪૮) આમ, સદરહું આક્ષેપિત ઈ.પી.કો.કલમ-૩૦૨, ૨૦૧ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તથા ફરીયાદી તથા સાહેદોની ઉલટ તપાસ તથા તપાસ કરનાર અમલદારની જુબાનીથી હાલના આરોપીએ બનાવ સમયે,સ્થળે અને તારીખે મરણ જનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઈ મછારને માથાના પાછળના ભાગે તથા મોઢાના,કપાળના ભાગે તથા ડાબી આંખના ભાગે મારક હથીયારથી માર મારી ગંભીર ઈજા પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવેલ, તેવી કોઈ જ હકીકત પોતાના પુરાવાથી શંકારહીત પુરવાર કરી શકેલ નથી. તેમજ આ કામે મારક હથિયાર રજુ થયેલ નથી. તેમજ ચોકકસ આ કામના આરોપીએ કેવી રીતે ઈજા કરેલ અને તે હથિયારથી મરણ જનારને જે ઈજા થયેલ તેના કારણે જ મરણ જનાર ગુજરી ગયેલ હોય, તેવી કોઈ જ હકીકત ફરીયાદપક્ષ

શંકારહીત પુરવાર કરી શકેલ નથી.જેથી મુદ્દા નં.ર નો જવાબ "**નકારમાં**" આપવો ન્યાયોચિત માનુ છુ.

**મુદા નં.૩ ની ચર્ચા :–**

(૪૯) વધુમાં આ કામે આરોપી ઉપર આક્ષેપિત અનુસુચીત જાતિ અનુસુચીત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ) ની જોગવાઈ જોતા, નીચે મુજબ છે.

**Section 3. Punishment for ofences atrocities.**

**(2)** Whoever, not being a member of a scheduled caste or a scheduled tribe:-

**(5-A)** commits any ofence specifed in the Schedule, against a person or property, knowing that such person is a member of a Scheduled Caste or Scheduled Tribe or such punishment as specifed under the Indian Penal Code (45 of 1860) for such ofences and shall also be liable to fine.

(૫૦) આમ, આરોપી સામેની આક્ષેપિત સદરહુ કલમ અન્વયેનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું પડે કે,ફરીયાદી તથા મરણજનાર અનુસૂચિત જનજાતિના હોવાનું આરોપી પ્રથમથી જ જાણતા હોવા છતાં બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ મરણજનાર કે જે ફરીયાદીનો દિકરો થાય છે તેની પોતાની ભત્રીજી સાથે તેના આડા સબંધ રાખવાનો શક વહેમ રાખી માથાના પાછળના ભાગે તેમજ કપાળના ભાગે તેમજ ડાબી આંખના ભાગે મારક હથીયારથી માર મારી ગંભીર ઈજા કરી મારક હથીયાર ઈરાદાપૂર્વક કયાંક નાંખી દઈ પુરાવાનો નાશ કરી ઈ.પી.કો.કલમ–૩૦૨,૨૦૧ નો ગુનો કરેલ.જયારે આ કામે સદરહુ ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતાં અને તે અન્વયે સદરહુ આક્ષેપિત કલમની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે,જો કોઈ વ્યકિત અનુસૂચિત જાતી અથવા અનુસૂચિત જનજાતીનો સભ્ય છે અથવા તેવી મિલકત તે સભ્યની છે તેવુ જાણવા છતાં પણ તેવી વ્યકિત અથવા તે મિલકત વિરુધ્ધ અનુસૂચિમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરે તો તે વ્યકિત

એવા ગુના માટે ઈન્ડીયન પીનલ કોડમાં દર્શાવેલ સજાને પાત્ર અને દંડને પાત્ર પણ ઠરશે. જયારે આ સંદર્ભે સદરહુ અનુસૂચિત જાતી અને અનુસૂચિત જનજાતી (અત્યારચાર નિવારણ) અધિનિયમ–૧૯૮૯ ના કાયદામાં આ કલમ અન્વયે આપેલી અનુસૂચિ જોવામાં આવે તો તેમાં હાલના આરોપી ઉપર આક્ષેપિત ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા ૨૦૧ અન્વયેની કોઈ જ કલમનો ઉલ્લેખ દર્શાવેલ નથી.જયારે આ સંદર્ભે આ કામે રજૂ થયેલ પુરાવો જોતાં પણ કેવી રીતે હાલના આરોપી ઉપર સદરહુ આક્ષેપિત સ્પેશ્યલ કાયદાની કલમ લગાડેલ છે તેનો કોઈ સંતોષકારક ખુલાસો રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી. તેમજ આ કામે તપાસેલા તપાસ કરનાર અમલદારે પણ કયા આશયથી હાલના આરોપી ઉપર તપાસના અંતે કરેલ ચાર્જશીટમાં સદરહુ કલમ લગાડેલ છે તેનો પણ કોઈ સ્પષ્ટ ખુલાસો કરેલ નથી.

વધુમાં એક સમયે સદરહુ આક્ષેપિત કલમ અન્વયેના ગુના સંદર્ભે ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં એટ્રોસીટી એક્ટની કલમના મૂળ ઘટકોને એ રીતે વર્ગીકૃત કરી શકાય જેમાં (૧) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્યોને હડધૂત કરવાના હેતુથી ઈરાદાપૂર્વકઅપમાન કરવું, ધમકી આપવી, અપશબ્દો કહેવા બાબતના કોઈ કૃત્ય કરવામાં આવેલ હોય,(૨) તેવું કૃત્ય કોઈપણ સ્થળે જાહેર દ્રશ્યમાં કરવામાં આવેલું હોય, આ અધિનિયમની કલમ–૩(૨)(૫–એ) હેઠળનો ગુનો અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્યને હડધૂત કરવાના ઈરાદા સાથે ઈરાદાપૂર્વક અપમાનકરવું, ધમકી આપવી તેવા ઘટકને સૂચવે છે. આ જોગવાઈ બીજો મુખ્ય ઘટક આવા પ્રકારનું કૃત્ય જાહેર દ્રષ્ટિકોણમાં હોવાનું સૂચવે છે.આમ,ફરીયાદપક્ષે સદરહું કલમની જોગવાઈઓમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવા પડે.

(૫૦.૧) આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના, **Dhiren Prafulbhai Shah vs State Of Gujarat** (reported in 2016 4 GLR 2785) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાંત ધ્યાને લેતા, તેમાં જણાવેલ છે કે,

**[7.9]** It would also be apt to refer and quote the relevant observations of Hon'ble Gujarat High Court, while dealing with a petition seeking quashing of proceedings in respect of offence under the Atrocities Act. In case titled **Dhiren Prafulbhai Shah vs State Of Gujarat**, (reported in 2016 4 GLR 2785), it was observed by Hon’ble Gujarat High Court in para - 27 as under:

*27. The SC/ST Act was enacted with a laudable object to protect vulnerable section of the society. Subclauses (I) to (xv) of Section 3(1) of the Act enumerated various kinds of atrocities that might be perpetrated against Scheduled Castes and Scheduled Tribes, which constitute an offence. However, Subclause( x) is the only clause where even offending “utterances” have been made punishable. The Legislature required intention as an essential ingredient for the offence of “insult”, “intimidation” and “humiliation” of a member of the Scheduled Castes or Scheduled Tribe in any place within “public view”. Offences under the Act are quite grave and provide stringent punishments. Graver is the offence, stronger should be the proof. The interpretation which suppresses or evades the mischief and advances the object of the Act has to be adopted. Keeping this in view, looking to the aims and objects of the Act, the expression “public view” in Section 3(1)(x) of the Act has to be interpreted to mean that the public persons present, (howsoever small number it may be), should be independent and impartial and not interested in any of the parties. In other words, persons having any kind of close relationship or association with the complainant, would necessarily get excluded.*

**[7.10]** Thus, in light of the above and considering the nature of relations between the complainant and accused, for securing guilt for accused having committed offence under Section 3(1)(r), the prosecution would be required to prove that the utterance of the caste derogatory words by accused was over

heard by someone not connected to the complainant or her family. However, as noted above the only person not connected to the complainant (PW-1) is PW-5, but she does not support the case of the prosecution with regards to utterance of caste derogatory words by the accused persons. Therefore, charge punishable under Section 3(1)(r) also fails.

(૫૧) આમ, ઉપરોક્ત જણાવેલ ચુકાદાના સિદ્ધાંતો ધ્યાને લઈને આક્ષેપાયેલ એટ્રોસીટી એક્ટની કલમ અન્વયે આ કામે રજુ થયેલ તમામ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનો બનાવ આરોપીને મરણજનારની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતે બનેલ છે. હાલના કામે રેકર્ડે રજુ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતા, હાલનો આક્ષેપિત બનાવ ફરિયાદી કે સાહેદોની જાતિના કારણે જ બનેલ છે, તેવુ ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે.આ કામે દલસુખભાઇ ભલાભાઇ મછારનો આંક-૨૭ નો,ભીખાભાઇ મંગળભાઈ બારૈયાનો આંક-૨૮ નો,શીતલભાઈ ઈન્દુભાઈ પટેલનો આંક-૨૯ નો તથા સુમિત્રાબેન નગીનભાઈ રાઠોડનો આંક-૩૦ નો મૌખિક પુરાવો જોવામાં આવે તો તેમના પુરાવાથી આરોપીએ ફરિયાદી કે સાહેદોનો જાતિ વિષયક અપશબ્દો બોલ્યા હોય તેવી કોઈજ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષ તરફથી આ કામે સાહેદ દલસુખભાઈ ભલાભાઈ મછાનરનુ જાતિનું પ્રમાણપત્ર આંક-૩૩ થી રજૂ કરેલ છે. જે જોતા સાહેદ અનુસૂચિત આદીજાતીના સભ્ય હોવાનુ જણાઈ આવે છે પરંતુ ઉપરોકત આક્ષેપિત કલમો અન્વયે ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાનમાં લેતા ફરીયાદી અને સાહેદોને આ કામના આરોપીએ ચોકકસ કયા પ્રકારની ગાળો બોલેલી તેમજ તેમની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરવામાં આવેલ હોવા સબંધેનો કોઈ જ શંકારહીત પુરાવો રેકર્ડ ઉપર આપેલ નથી.વળી હાલના કેસનો

બનાવ તા.૨૬/૧૧/૨૦૨૧ તથા તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ બનેલ છે તેમજ ફરીયાદીએ તેમની ફરીયાદમાં કે સાહેદોની સોગંદ ઉપરની જુબાનીમાં કોઈપણ જગ્યાએ હાલના આરોપી બનાવ પહેલાથી જ તેઓની જ્ઞાતિ પ્રત્યે માહિતગાર હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી.જયારે આ અન્વયેની કલમ–૮ ની જોગવાઇ જોતાં જાહેરમાં આરોપીએ ફરીયાદીનુ અપમાન કરેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ હોય તેવુ જણાતુ નથી.આમ આ કામના આરોપીએ જાહેર સ્થળે ફરીયાદીને હલકા પાડવાના આશયથી ઈરાદપૂર્વક અપમાન કરવામાં આવેલ હોય કે ધમકી આપવામાં આવી હોય તેવુ કઇ પુરવાર થતુ નથી જેથી એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–અ) ના તત્વો આકર્ષાતા નથી.આમ આરોપી સામે સબંધિત કલમ અન્વયેનુ તહોમત ટકવાપાત્ર બનતુ નથી.જેથી ફરીયાદપક્ષ આ કામના આરોપીએ અનુસૂચિત જાતી,અનુસૂચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–એ) મુજબનો ગુનો કરેલાની હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

**(૫૨)** વધુમાં ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા જોતા, આ કામે ફરીયાદપક્ષે હાલના આરોપીએ જ બનાવ સ્થળે,સમયે અને તારીખે ઈરાદાપુર્વક મરણ જનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઇ મછારને માથાના પાછળના ભાગે તથા મોઢાના,કપાળના ભાગે તથા ડાબી આંખના ભાગે મારક હથીયારથી માર મારી ગંભીર ઇજા પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવેલ હોવાનું ફરીયાદપક્ષ પોતાના જ પુરાવાથી શંકારહીત પુરવાર કરી શકેલ નથી. જેમ કે આ કામે ફરીયાદપક્ષે તપાસાયેલ મરણ જનારનુ પી.એમ. કરનાર તબીબ સાહેદ ડો. વિકાશ વિઠ્ઠલભાઇ પટેલ તેમના આંક–૩૬ થી રજુ કોર્ટ રૂબરૂની સરતપાસમાં પોતે કરેલ કાર્યવાહી પ્રમાણેની જુબાની આપેલ છે જયારે બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત

સ્વીકારેલ છે કે,આ ઈજા એન્ટી મોર્ટમ હતી કે પોસ્ટ મોર્ટમ હતી તે કોલમ નં.૧૭ માં જે થયેલ ઈજાઓ છે તે પી.એમ. નોટના કોલમ નં.૧૭ માં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમજ એ હકીકતનો પણ સ્વીકાર કરેલછે કે ફ્રેકચરના અલગ અલગ પ્રકાર હોય છે તેમની પી.એમ. નોટમાં કયા પ્રકારનુ ફ્રેકચર હતુ તે દર્શાવેલ નથી તેમજ પી.એમ.નોટમાં ફ્રેકચરનુ માપ દર્શાવેલ નથી. તેમજ તેમણે ફાઈનલ કોઝ ઓફ ડેથ અંગે કોઈ રીપોર્ટ કરેલ નથી. આમ, સદરહું તબીબ સાહેદના પુરાવાથી પણ ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

(૫૩) આમ ઉપરોકત ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા હાલનો કેસ સંયોગીક પુરાવા ઉપર આધારીત છે અને એટલેકે ફરીયાદપક્ષે કોઈ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલ નથી અને આવા પ્રકારના સંજોગો હોય ત્યારે ફરીયાદપક્ષે આક્ષેપિત ગુનો નિશંકપણે પુરવાર કરવાનો રહે છે.વધુમાં જયારે કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારી હોય ત્યારે **નામ.સર્વોચ્ચ અદાલતે તેમના ચૂડાદ શીવાજી સાહેબરાવ વિ.મહારાષ્ટ્ર રાજય એ.આઈ.આર ૧૯૭૩ પેજ નં.૨૬૬૨ માં** ઠરાવ્યા મુજબ તમામ સંજોગો મળીને આરોપી જ દોષિત છે તેવુ તારાત્મ્ય જ નહી,પરંતુ એક માત્ર તારાતમ્ય ફલિત થાય તો જ તેવા સાંયોગીક પુરાવા ઉપરથી આરોપીની સામેનો ગુનો પુરવાર માની શકાય. આરોપીના દોષિત હોવા સિવાય અન્ય કોઈ તારાતમ્ય પણ નિકળતુ હોય કે તેવી માત્ર સંભાવના પણ જણાય ત્યારે તેનો લાભ અવશય પણે આરોપીને મળે. તમામ સંજોગોની કડીબધ્ધતા જળવાતી હોય ત્યારે જ તે પુરાવો માની શકાય. જયારે હાલના કેસમાં ફરીયાદપક્ષે જ રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાજેવજી પુરાવો જોતાં આંક-૧૩ ની ફરીયાદમાં જે હકીકત જણાવેલી છે અને જે કારણે હાલના આરોપી ઉપર ઈ.પી.કો.કલમ-૩૦૨ તથા ૨૦૧ નો આક્ષેપિત ગુનો

નોંધવામાં આવેલ છે તે કારણ એટલેકે,આરોપીની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતે શક વહેમ રાખી ઝઘડો કરી ગુનો કરેલાનુ જણાવેલ છે જયારે આવી કોઇ જ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ઉલટાનુ સદરહુ જે સાહેદ સુમિત્રાબેન સાથે આડા સબંધના શક વહેમ માટે બનાવ બનેલાનુ જણાવે છે તેને આ કામે આંક–૩૦ થી તપાસવામાં આવેલ છે જેઓ કોર્ટ રુબરુની જુબાનીમાં આવા આડા સબંધ બાબતેની કોઇ જ હકીકત જણાવતા નથી ઉલટાનુ મરણ જનાર અને તેઓ વચ્ચે કોઇ પ્રેમસબંધ હતો નહી અને તેઓ પાંચેક વર્ષથી તેને રાખડી બાંધતા હોવાનુ જણાવે છે.આમ ફરીયાદપક્ષ આક્ષેપિત ગુનાની કોઇ જ હકીકત પોતાના જ પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ નથી.આમ ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી ગીતાબેન, તેમના પતિ દલસુખભાઇ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવે છે કે,બનાવમાં તેમના દિકરાને આરોપી સાથે ઝઘડો થયેલ હતો તેનુ કારણ તેમના દિકરા ઉપર આરોપીની ભત્રીજી સુમિત્રાનુ ખોટુ આળ મુકેલુ હતુ તેવું રેકર્ડ જોતા સ્પષ્ટપણે જણાય આવે છે.

(૫૪) આમ, ઉપરોકત સમગ્ર હકીકત જોતા, આ કામમાં ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાઓ જોતા મરણ જનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઇ મછારને જે ઈજા થયેલ હતી તે ઈજા આ કામના આરોપીએ પહોંચાડેલ હતી તથા તે ઈજા અકસ્માત કે દુર્ઘટના કે બેદરકારીના કારણે નહીં, પરંતુ ઈરાદાપૂર્વક કરવામાં આવી હતી, તેવું શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી. જ્યારે બચાવ પક્ષે ફરીયાદી, સાહેદો તેમજ મેડીકલ ઓફીસર તથા તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસમાંથી ફરિયાદ પક્ષની ફરિયાદમાં તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ એકબીજાથી વિરોધાભાસી હકીકત જણાવતા હોવાનું રેકર્ડ પર લાવવામાં સફળ

રહેલ છે. આમ,નીપજાવેલ મોત તે ખૂન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે, જે શંકારહીત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેલ નથી. જેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે.વધુમાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે જ્યારે અગત્યના સાહેદો એકબીજાથી વિરોધાભાસી હકીકતો કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવતા હોય અને મેડીકલ એવીડન્સથી પણ વિરોધાભાસી હકીકતો જણાવતા હોય ત્યારે એકમાત્ર મેડીકલ એવીડન્સ ઉપર આધાર રાખી મૂલ્યાંકન થઈ શકે નહીં, તેમજ તે અન્વયેની શંકારહિત ફરિયાદ પક્ષની હકીકતો પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ પર છે, જો તેવું પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ જાય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે. તે પ્રમાણે હાલના કામે પણ મેડીકલ એવીડન્સ તથા સાહેદોનો પુરાવો એકબીજાથી વિરોધાભાસી છે તથા મેડીકલ એવીડન્સ સંદર્ભે રજૂ થયેલ મરણ જનારના સારવાર સર્ટિફિકેટમાં પણ ચોકકસ હાલના જ આરોપીએ મરણ જનારને ઈજા પહોંચાડેલી, તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી.

**(૫૪.૧)** વધુમાં, <u>નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના</u> **<u>મહાવીરસિંહ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ-(૨૦૧૭) સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાના-૪૫</u>** ના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ છે કે,"તપાસ કરનાર અધિકારીએ ઈ.પી.કો. કલમ-૩૦૨ જેવા ગંભીર ગુનામાં પણ જે રીતે તપાસ હાથ ધરેલી હતી તે નિષ્ક્રિય રીતે હાથ ધરવામાં આવેલ હતી, તેમજ સાક્ષીના નિવેદન નોંધવા, પુરાવા એકત્ર કરવા અને સ્થળનો નકશો તૈયાર કરવામાં તપાસ કરનાર અધિકારીનો અભિગમ બેધ્યાન રહ્યો છે, જ્યારે ખરેખર આવા ગંભીર ગુનામાં અને તેમાં પણ હત્યાના કેસમાં કામ કરતા હોય ત્યારે તપાસ કરનાર અધિકારીએ તેમનો અભિગમ મહેનતું, સત્યવાદી અને ન્યાયી હોય તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને

તેમની કામગીરી હંમેશા પોલીસ મેન્યુઅલને અનુરૂપ હોવી જોઈએ અને ફરજમાં ક્ષતિ કે ઉલ્લંઘન ફરિયાદીના કેસ માટે ઘાતક સાબિત થઈ શકે છે, તે રીતે હાલના કેસમાં પણ તપાસ બેફિકરાઈ પૂર્વકની અને નિરાશાજનક કામગીરી સાથે હાથ ધરવામાં આવી હતી અને આરોપીના અપરાધને સજા થાય તે રીતે જરૂરી ઉત્સાહ અને ભાવના સાથે કોઈ મક્કમ કે નિષ્ઠાવાન પ્રયાસ કરવામાં આવ્યો ન હતો, એટલે કે જ્યારે ફરીયાદપક્ષ આરોપીનો દોષ સાબિત કરવામાં ખરાબ રીતે નિષ્ફળ ગયેલ હોય ત્યારે હાઈકોર્ટ દ્વારા નિર્દોષ છૂટવાના આદેશમાં કોઈ હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતો નથી." જ્યારે હાલના કામે પણ તપાસવામાં આવેલા <u>આંક–૪૯ તથા આંક–પર</u> ના તપાસ કરનાર અધિકારીઓની કોર્ટ રૂબરૂની જુબાની જોતા એક માત્ર ઔપચારિકતા ખાતર તપાસ કરેલી હોય અને કરવા ખાતર ચાર્જશીટ કરેલું હોય અને કોર્ટ રૂબરૂ પણ કોઈ પણ જાતની પોલીસ મેન્યુઅલ પ્રમાણે ઇ.પી.કો. કલમ–૩૦૨ જેવા ગંભીર ગુનામાં જુબાની આપતી વખતે સાથે રાખવા પડતા કેસ ડાયરી કે દસ્તાવેજી આધારો સાથે રાખ્યા વગર જુબાની આપેલ છે. તેમજ તેઓની ઉલટ તપાસ જોતા પણ હાલની ફરીયાદ અગાઉ આ બનાવ સંદર્ભે કોઇ જાણવા જોગ થયેલ કે કેમ તેમજ તેમની જાણમાં નથી કે મરણજનારે કે તેના માતા પિતાએ હાલની ફરીયાદ અગાઉ હાલના આરોપી સામે કોઇ ફરીયાદ કરેલ નથી.આમ, સદરહું નામદાર સર્વોચ્ચ અદાલતના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા પણ ફરીયાદપક્ષ હાલનો કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

(પ૪.૨)વધુમાં, **<u>નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિ. સુખવિન્દર સિંઘ–૨૦૦૪ સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) સુપ્રીમ પાના–૧૬૫</u>** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,જ્યારે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવતું હોય ત્યારે

વિરોધાભાસી પુરાવા ફરિયાદ પક્ષે રેકર્ડ પર આવેલ હોય ત્યારે તેનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરીને તેમાં જો આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર હોય તો તે પ્રમાણે તેનું મૂલ્યાંકન કરવું જોઇએ. તે રીતે હાલના કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા તેમજ આરોપી ઉપર આક્ષેપિત ગુના સંદર્ભે રજૂ થયેલા પુરાવામાં શંકા ઉભી થાય તેવી હકીકત રેકર્ડ પર લાવવામાં બચાવ પક્ષ સફળ રહેલ છે. જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે આ કામે પણ આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર હોવાનું જણાય છે.

(૫૫) આમ, ઉપરોક્ત સમગ્ર હકીકતો, ફરિયાદ પક્ષે રજૂ થયેલા પુરાવા તેમજ નામદાર ઉચ્ચ તથા સર્વોચ્ચ અદાલતે તેમના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, હાલના કામે તો ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો પોતાની જ ફરિયાદ પ્રમાણે શંકારહીત પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોક્ત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા આ કામના આરોપીએ મોજે વડથલ ગામની સીમમાં ઇન્દુભાઇ મોતીભાઇ પટેલના ખેતરમાં લઇ જઇ પોતાની ભત્રીજી સુમિત્રાબેન સાથે આડા સબંધ રાખવા બાબતે શક વહેમ રાખી મરણજનાર અજય ઉર્ફે ચકો દલસુખભાઇ મછારને માથાના પાછળના ભાગે તથા મોઢાના,કપાળના ભાગે તથા ડાબી આંખના ભાગે મારક હથીયારથી માર મારી ગંભીર ઇજા પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવી સાપરાધ મનુષ્યવધ કરી,ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨,૨૦૧ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૨)(૫-અ) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય, જેથી **મુદ્દા નં.૩** નો જવાબ **નકારમાં** આપી, **મુદ્દા નં. ૪** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયોચિત માનું છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) આ કામના **આરોપી હિંમતભાઇ ઉર્ફે વિક્રમ ઉર્ફે હેમંત પ્રભાતભાઇ રાઠોડ, ઉ.વ.૪૨, ધંધો–મજૂરી મુળ રહેવાસી–ફાગવેલ,ડાહયા વાઘાનું ફળીયું, તા.કઠલાલ, જી.ખેડા.હાલ રહે.મોઢા ગામ, સોલાર પ્લાન્ટ તા.ફતેગંજ, જી.જેસલમેર (રાજસ્થાન)**નાઓને (મહુધા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી.નં.૧૧૨૦૪૦૩૯ ૨૧૦૫૫૨ /૨૦૨૧) ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫ (૧) (બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧))અન્વયે તેઓની સામેના ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨,૨૦૧ તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩( ૨ )(૫–અ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી જ્યુડીશિયલ કસ્ટડીમાં હોય, તેઓની અન્ય ગુના કામે જરૂર ન હોય તો તેઓને સદર ગુનામાંથી તુરંત કસ્ટડી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) ( બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧) મુજબ આ કામના આરોપીએ સરકાર પક્ષ આ હુકમ સામે અપીલ કરે તો અપીલના કામે હાજર રહેવા માટેના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવો.

(૪) કબજે લેવાયેલ મુદ્દામાલ પાવતી નં.૨૩/૨૦૨૩ માં દર્શાવેલ બિનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમ અનુસારની કાર્યવાહી કરી નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૫) સદર ચુકાદાની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ખેડાને મોકલવાનો અત્રેની ઓફીસને ફોજદારી કાર્યરીતી અધીનીયમની કલમ–૩૬૫

(બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ ) મુજબ તેમજ ક્રિમિનલ મેન્યુઅલના પેરા–૧૩૨ મુજબ આદેશ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

(૬) હુકમની જરૂરી યાદી કરવી.

(૭) આ કેસનું રેકર્ડ નિયમોનુસાર વર્ગીકરણ કરી રેકર્ડ રૂમમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ–**૦૯મી, માહે–જૂન, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ:–નડીયાદ<br>તા.૦૯/૦૬/૨૦૨૬<br><br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ )**<br>**ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,**<br>**ખેડા–એટ,નડીઆદ.**<br>**(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |